

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત
તંત્રી • બિહારીલાલ ટાંક

આવતી કાલનાં નાગરિકોનું માસિક • વર્ષ ૫૮ • અંક ૪ • સળંગ અંક ૬૮૮ • એપ્રિલ '૮૧

△ ▽ 'અવતરણ' (ઉપર) અને (નીચે) 'સ્નાન'. (કલાકાર : ડૉ. દામોદર બલર). સંગીતની તાનમાં ઘૂંટાતા સ્વરોના લયવિલય જેવા સ્ફુટ-અસ્ફુટ ગતિશીલ કલ્પનોદ્ગમનો સમા આ ચિત્રોને નામાભિધાનની શી જરૂર છે? આમાં તો સર્જનના નિજાનંદની એક મસ્તી જ રંગ અને આકારોની તરંગાવલીમાં ઊપસતી અને શમતી જણાય છે. ડૉ. બલરનાં ચિત્રસર્જનની આ આગવી લાક્ષણિકતા છે. (જુઓ 'કલાવાર્તા')





મોરલીધર

કલાકાર - પ્રદ્યુમ્ન તન્ના

કળામાં પ્રતીક એક અગત્યનું તત્ત્વ છે. વસ્તુ, સ્વરૂપ કે આકૃતિ જ નહિ, રંગનો પણ એવો પ્રતીકાત્મક ઉપયોગ હોઈ શકે. ઓછી અને સાદગીભરી વિગતો છતાં ભર્યાભર્યા લાગતા આ ચિત્રમાં શ્યામ વર્ણ, ગોપાલકનો વેષ, પાઘડીમાં મોરપિચ્છ અને હાથમાં મોરલી આલેખીને કલાકારે કૃષ્ણ અને તેની મોરલીના મધુર સ્વરોની સ્મૃતિ સફળતાપૂર્વક જગાડીને પોતાની કલાશક્તિનો સુંદર પરિચય આપ્યો છે.

કુમાર
એપ્રિલ ૧૯૮૧
સળંગ અંક ૬૮૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮-૦૦ અથવા પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

સતીપ્રથા-એક વિહંગાવલોકન

ઈ. ૧૮૨૯ની ૪ ડિસેમ્બરે તે સમયના બ્રિટિશ હિંદના ગવર્નર-જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકે મૃત પતિની પાછળ સતી થવાની પ્રથાને ગેરકાયદે ઠરાવી હતી. બરોબર ૧૫૧ વર્ષે—૧૯૮૦ની ૪ ડિસેમ્બરે એક અંગ્રેજ દૈનિકમાં ચૂંદડી ઓઢેલી અને સતીનો જય પોકારતી ભારતીય વીરાંગનાઓના એક સરઘસનો ફોટો પ્રસિદ્ધ થયો. બંને બનાવો દેશની રાજધાનીમાં બનેલા છે: પહેલો એ સમયના પાટનગર કલકત્તામાં અને બીજો આજનો, દિલ્હીમાં.

અલબત્ત, સરઘસની વીરાંગનાઓ સ્વયં સતી થવા ઇચ્છતી નહોતી (એવા પતિઓ પણ ક્યાં છે?), પણ સતીની સ્મૃતિમાં મંદિર બનાવવાના સમર્થનમાં આ સરઘસ નીકળ્યું હતું.

મહામહોપાધ્યાય શ્રી પી. વી. કાણેના 'હિસ્ટરી ઑવ ધર્મશાસ્ત્ર' (પુસ્તક ૪, ૧૯૫૩, પૃ. ૨૩૭) અનુસાર સતીપ્રથા ચાંડાળ સહિત સર્વ સ્ત્રીઓમાં પ્રચલિત હતી ને સતી થનાર સ્ત્રીને જ પુનર્જન્મમાંથી મુક્તિ મળે તેવી માન્યતા પ્રચલિત હતી. રાજપૂતો યુદ્ધમાં કેસરિયાં કરતા અને રાજપુતાણીઓ જૌહર કરતી. ભૂતકાળનું ભૂત ભારતવર્ષ પર હજી યે સવાર છે. સતી થવાની પ્રથા એક ગૌરવ બની. આગળ જતાં એ ગૌરવની જાળવણીમાં સમાજે પણ સક્રિય રસ દાખવવા માંડ્યો ને સ્ત્રીની મરજી હોય કે ન હોય પણ પતિની ચિતામાં તેને હોમવાની ક્રૂર પ્રથા પડી. સ્ત્રી પુરુષની જંગમ મિલકત ગણાતી હતી ને?

મુગલ સલ્તનતના અસ્તકાળમાં અંગ્રેજી શાસનની ત્યારે ચડતી કળા હતી. ઈ. ૧૭૮૯-ની આ વાત છે: શાહબાદ જિલ્લાનો અંગ્રેજ જિલ્લાધીશ (કલેક્ટર) સતી થવા માટે પરવાનગી આપતો નથી. પરંતુ એ નામંજૂરી વાજબી કે કાયદેસર છે કે નહિ તે અંગે એ દ્વિધા અનુભવે છે. પોતાના પગલાની જાણ કરીને એ જિલ્લાધીશ ગવર્નર-જનરલનું માર્ગદર્શન માગે છે. પ્રત્યુત્તરમાં લૉર્ડ કૉર્નવૉલિસ લખે છે: 'તમારા પગલાને બહાલી આપવામાં આવે છે, પરંતુ ભવિષ્યમાં સતીપ્રથામાં દરમિયાનગીરી કરવી નહિ. કારણ, સતીપ્રથાને હિંદુધર્મની મહોર લાગેલી હોય તેમ લાગે છે. વળી, આ પ્રથાને ગેરકાયદે જાહેર કરવાંથી તો તેને ઉત્તેજન મળવા સંભવ છે.'

રાજકીય અવરોધો ઘટતા જઈ ઉત્તરોત્તર અંગ્રેજી શાસનનો સિતારો ચમકવા લાગ્યો. બીજી બાજુ સમાજ વધુ ને વધુ સંકુચિત ને જડ બનતો ગયો. ધર્મના નામે ધતિંગ અને પાખંડ વધતાં ગયાં. સતીના નામે સ્ત્રીઓ ભડકે બળતી રહી.

ઈ. ૧૮૧૨માં રાજા રામમોહન રાય (૧૭૭૨–૧૮૩૩)ના મોટા ભાઈ જગમોહનરાયનું મૃત્યુ થયું. રામમોહનરાયે ભાભી અલોકસુંદરીને સતી ન થવા સમજાવી પણ સફળતા મળી નહિ. ચિતા પ્રકટી. સતી થવા બેઠેલી અલોકસુંદરી ચિતા છોડી નાઠી. પૂજારી અને સગાંસંબંધીઓએ બાંધુ મારીમારીને તેને પુનઃ ચિતામાં ધકેલી દીધી. ઢોલત્રાંસાં વાગવા લાગ્યાં. બળી મરતી અલોકસુંદરીએ ચિચિયારીઓ પાડવા લાગી, પણ કોણ સાંભળે? રામમોહન રાયે આ પાશવી પ્રથાને નાબૂદ કરવાની પ્રતિજ્ઞા લીધી. (સતીપ્રથાને પાશવી કહેવામાં તો પશુઓનું અપમાન છે. આ પ્રથા તો નરપશુઓની હતી, પશુઓની નહિ.)

તા. ૨૭ એપ્રિલ ૧૮૧૩. અંગ્રેજ ગવર્નર-જનરલ હૅસ્ટિંગ્સનો ખરિતો: 'હિંદુ ધર્મ ને હિંદુ કાયદા પ્રમાણે જ્યાંજ્યાં સતીની પ્રથા કાયદેસર હોય ત્યાં દરમિયાનગીરી કરવી નહિ, જ્યાંજ્યાં આ પ્રથા ગેરકાયદે હોય ત્યાં સતી થતી અટકાવવી.' નરો વા કુંજરોવા! દરમિયાન સતીપ્રથાના ઓળા તળે સ્ત્રીઓ ચિતામાં હોમવાના કિસ્સા વધતા ચાલ્યા. સતી થવાના બનાવો વિકૃત મનોરંજન બનતા ગયા. નોંધાએલા આંકડા જોઈએ: માત્ર કલકત્તા વિભાગમાં ૧૮૧૫માં ૨૫૩, ૧૮૧૬માં ૨૮૯, ૧૮૧૭માં ૪૪૨, અને ૧૮૧૮માં ૫૪૪ સતીઓ બળી મર્યાની નોંધ છે, અને ન નોંધાએલા કિસ્સાઓ પણ ઓછા નહિ જ હોય. ૧૮૧૮માં રાજા રામમોહન રાયે એક પુસ્તિકા પ્રસિદ્ધ કરી સતીપ્રથાની સામે ઝુંબેશ ઉપાડી. રૂઢિચુસ્તોએ તેની સામે લડત આદરી. સામયિકોમાં વાગ્યુદ્ધો ચાલ્યાં. હૅસ્ટિંગ્સના અનુગામી લૉર્ડ એમ્હર્સ્ટે પણ દહીંદૂધની નીતિ ચાલુ રાખી, અબળાઓ જલતી રહી અને સુધારકો તથા રૂઢિચુસ્તોની દલીલબાજીઓ પણ ચાલતી રહી.

પણ ૧૯૨૮ની ૪ જુલાઈએ આવેલા નવા ગવર્નર-જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકની નીતિ તડ ને ફડ કરી દેવાની હતી. તેમણે લશ્કર, પોલીસ, ન્યાયમૂર્તિઓ, દેવળ-અધિકારીઓ વગેરેને નાણી જોયા. આ બધાએ સતી પ્રથાની નાબૂદીને સમર્થન આપ્યું. બેન્ટિકે રાજા રામમોહન રાયનું મંતવ્ય જાણવા નિમંત્રણ આપ્યું. પ્રથમ તો પોતે હવે 'દુન્યવી બાબતમાં રસ લેતા નથી અને સત્યની શોધમાં રત છે' કહી એમણે નિમંત્રણ પાછું ઠેલ્યું: પરંતુ બેન્ટિકે ગવર્નર-જનરલ તરીકે નહિ પણ મિ. બેન્ટિક તરીકે નિમંત્રણ આપે છે એમ કહેવરાવતાં રામમોહન રાય એમને મળ્યા. આ અંગેની બેન્ટિકની તા. ૮ નવેમ્બર ૧૮૨૯ની નોંધ પ્રમાણે રામમોહન રાયે એને કાયદાના જોરે સતીપ્રથાને સમૂળગી દૂર કરવાને બદલે પોલીસ દ્વારા પરોક્ષ અને બિનજાહેર રીતે આ પ્રથાનો અંત લાવવાનું સૂચન કર્યું. પણ બેન્ટિકના સૂચનથી રામમોહન રાયે પોતાનો એટલો અભિપ્રાય આપ્યો કે સતી પ્રથાને ધર્મ કે શાસ્ત્રનું સમર્થન નથી.

હિંદુઓ અને હિંદુ ધર્મની આંતરિક બાબતમાં બ્રિટિશ શાસને કાયદાના જોરે દખલ કે દરમિયાનગીરી ન કરવી જોઈએ એવું કદાચ રામમોહન રાય માનતા હશે. એમના આ મતનો સ્પષ્ટ પડઘો બેન્ટિકના રેગ્યુલેશનમાં જોવા મળે છે. રાજા રામમોહન રાયની દ્વિશતાબ્દીના ઉત્સવમાં એમની પ્રશંસાનાં પૂર ઊમટ્યાં હતાં ત્યારે ડૉ. રમેશચન્દ્ર મજમુદારે બંગાળીઓના ઉત્સાહ ઉપર દસ્તાવેજી પુરાવાઓ આપી ઠંડું પાણી રેડ્યું. એમણે સાબિત કર્યું કે સતીપ્રથા બંધ કરાવવામાં રાજા રામમોહન રાયનું કોઈ ખાસ પ્રદાન નહોતું. ('વિદ્યાપીઠ' સળંગ અંક ૧૦૩–૧૦૪, શ્રદ્ધાંજલિ વિભાગ.)*

બેન્ટિકની અધ્યક્ષતામાં ગવર્નર-જનરલની કાઉન્સિલે તા. ૪ ડિસેમ્બર, ૧૮૨૯ના રોજ રેગ્યુલેશન નં ૧૭ પસાર કરીને સતીપ્રથાને ગેરકાયદે ઠરાવી તેના પર પ્રતિબંધ ફરમાવ્યો અને તેને ગંભીર ગુનો જાહેર કરીને તે બદલ સજાની જોગવાઈ કરી. સ્ત્રી સ્વેચ્છાએ સતી થાય તો પણ તે માટે તેને પ્રેરનારાઓ કે તેને મદદ કરનારાઓને પણ ગુનેગાર ઠરાવી સજા કરવાની જોગવાઈ કરી. બળજબરીથી, બીજી યુક્તિપ્રયુક્તિથી કે કોઈ પણ પ્રકારે તેને ઘેનમાં નાખીને કે તેની વિચારશક્તિને હણી લઈને તેને સતી થવાની ફરજ પાડનારાઓને દેહાંતદંડની સજાની જોગવાઈ કરવામાં આવી.

આની સામે રૂઢિચુસ્તોએ આઠસો સહીઓવાળું એક આવેદનપત્ર બેન્ટિકને આપ્યું. આની સાથે સતી પ્રથાના સમર્થનમાં ૧૨૦ પંડિતોનું મંતવ્ય પણ રજૂ કર્યું. સુધારકોએ પણ આની સામે પોતાનું આવેદન આપ્યું. બેન્ટિકે રૂઢિચુસ્તોને મચક ન આપી.

રાજા રામમોહન રાય, દ્વારકાનાથ ટાગોર

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૮ પર)

* સતી થવાનો રિવાજ દૂર કરવામાં સહજાનંદ સ્વામીનું પ્રદાન પણ નોંધનીય છે.

મન આ.../ગીતા પરીખ

- ગાન -

મન આ કેમ રહે ઘર માંહ્ય?

અભ્રપાલખીમાં આરોહી
શિખર શિખરના ઘાટ
પવન-પાંખ પર બેસી મારે
ઘૂમવી નભની વાટ;
તેજ-શરોથી દિશાદિશાની
હરવી મારે છાંય
મન આ કેમ કરી રોકાય?

ઘટના ઘોડા રહે ન ઝાલ્યા
ભમે ગગનને ગોખ,
ફાળ ભરી તારેથી તારે
તિમિર તારવા શૉખ,
જગ ટૂંકું મુજ છલાંગ કાજે
અવકાશે ઘૂમરાય
મન આ ક્યાંય કદી બંધાય?!

નિદ્રા નહીં/કમલ વૈદ્ય

વસંતતિલકા • સૉનેટ

નિદ્રા નહીં: સજગ નેત્ર લહે ન વ્યોમ!
આછા અવાજ તણું સ્પંદન વા ન જાણું;
ના કોઈ પુષ્પરજગંધથી મુગ્ધ પ્રાણ
કે સ્પર્શ જાણું નહિ ચંચલ વા હવાનો.

નિદ્રા નહીં, તિમિર વા દ્યુતિ ના ન સ્વપ્ન:
એવી વિલક્ષણ ન સંસ્કૃતિ યે મનસ્વી
જેના પ્રવાહ મહીં ઇચ્છું ન વાંછું તો યે
ખેંચાઉં કર્ષણથી હું અનિવાર્ય કોઈ.

નિદ્રા નહીં: સરતું સ્વપ્ન નહીં, છતાંય
હા, બેઉથી સભર જાગૃતિ નાણું, જેમાં
ન્યાળું તને ગગન સદૃશ સર્વગ્રાહી,
અસ્તિત્વ મારું જ્યહીં સ્પંદિત શૂન્ય જેવું.

તારી લહું છું, પ્રિય! સન્નિધિ બે વિજોગ
ઊડે પરંતુ કણસે કંઈ વિપ્રયોગ.

કગવા–ને/સુધાંશુ

• ભજન •

કગવા! કોયલકંઠનો–
પ્યાલો પી ને,
ફાંકારો ખારે સમદર મેલ
કગવા! કોયલકંઠનો...

રંગ કાળો કર
કોકિલ–રૂઆબનો
ઘનશ્યામ થા ગભીર;
કંઠ કોયલ સમો ફૂણો વરસે,
થાયે ગોપિયું વિજોગોમાં ધીર;
કગવા! કોયલકંઠનો...

કગવા! રાગ દીધો એને
અજબ કરી લે,
ઘનપટ પડઘે આંદોલ;
મનસા માયલે લયે મલકત
લોલશે લોલંલોલ;
કગવા! કોયલકંઠનો...

કગવા! દીધું જીવતર નથી રગવા
કોયલ-બોલને તોલ;
કોકિલ થઈને કર લે કીર્તન
મલ્હાર મીઠપ બોલ;
કગવા! કોયલકંઠનો–
પ્યાલો પી ને!

રસ્તો રડ્યો કે શું!/ગની દહીંવાલા

- ગઝલ -

દોરાયા દિલનો દાખડો મોંઘો પડ્યો કે શું!
ઘાટીલે કોઈ ઘાટ મજાનો ઘડ્યો કે શું!
સહવાસ ઓસનો, અને વહેમાયેલો સ્વભાવ!
પગલાંનું મોં પડી ગયું! રસ્તો રડ્યો કે શું?!
શ્વાસો ઊભા છે આંગળી ઝાલી શિશુની જેમ:
પૂછે પવન મળી ગયો? જીવતો જડ્યો કે શું!!
વહેતા હતા કો ડાયરે માંડેલ વાત શા!
વસ્તુનો ભાવાવેશ અચાનક અડ્યો કે શું!
આ લાગણી આ રંગ હતી, સાવ રાંકડી:
આઘાત કોઈ લાલ પીળા થૈ લડ્યો કે શું!!
ઊંડાણે ઊતરી જવું! ચૂપ થૈ જવું હૃદય!
તારા વિશે વિવેક તને આવડ્યો કે શું!!
રસ્તો તો નિજની ધૂનમાં ચાલ્યા કર્યું 'ગની'
પડછાયાનો વિચાર ન કીધો, પડ્યો કે શું?!

બે મુક્તક/હરીશ ધોબી

ભેદના ખૂલ્યા પછી નાટક ન કર,
જીભ પર તું શબ્દની રોનક ન કર;
તું મને ફેફસીને શું પામશે?
લોહી-ઝરતો અર્થ છું હું શક ન કર.

બંધ મુઠ્ઠીઓ કરી દોડ્યો હતો
લોહીમાં નડતી સદીને રોકવા;
આખરે ભીંજાઇને પાછો ફર્યો
હું ગયો'તો એક નદીને રોકવા.

અરરર ઑય મા!/મધુકાન્ત કલ્પિત

- ગાન -

અરરર ઑય મા! મારામાં મારો પરવેશ.
અરરર ઑય મા! હું જ મને લાગું પરદેશ.

ડાળીએથી સાચમાચ પાંદડાંઓ તૂટ્યાં
કે છૂટી ગઈ ઝૂલવાની લત?
બોળા-વા છાંયડીને થડની ચોપાસ
કેવાં હણહણતાં રહેવાનાં વ્રત!
અરરર ઑય મા! વાગે છે લીલીછમ્મ ઠેસ.

આડત્રીસ દીવાનો મઘલક શણગાર લઈ
હારબંધ ચાલે કણસ;
પીડાએ એમ મને પહેરી લીધો છે
જાણે હોઉં કોઈ વ્હાલી જણસ.
અરરર ઑય મા! કેવી હું ઝળહળતી મેંશ!

સંતોષ

બહાદુરશાહ પંડિત

કોઈ ભિખારીને એક સવારે એક વનદેવતા મળી ગઈ. વનદેવતાએ કહ્યુ : 'તારી ઝોળી ધર. હું એમાં સોનામહોર નાખું છું. પણ એટલું ધ્યાનમાં રાખજે કે એક પણ સોનામહોર નીચે પડશે તો એ માટી થઈ જશે.' ભિખારીએ કહ્યુ, 'દેવી, નાખો તમે તમારે. હું એક પણ સોનામહોર નીચે નહિ પડવા દઉં.'

વનદેવીએ સોનામહોરો નાખવા માંડી. બેત્રણ ખોબા નાખતાં ભિખારીની જૂની ઝોળી ફાટવા લાગી. વનદેવતાએ પૂછ્યું : 'બસ ને હવે?'

'ના, ના. નાખોને થોડી, માડી! એકાદ ખોબામાં વાંધો નહિ આવે.' અસંતોષી ભિખારી બોલ્યો.

વનદેવતાએ વધુ એક ખોબો સોનામહોર નાખી. ભિખારીની ઝોળી ફાટી ગઈ અને બધી સોનામહોરો જમીન પર વેરાતાં ધૂળ થઈ ગઈ.

'સંતોષી નર સદા સુખી' એ સાદી કહેવતમાં ઘણો અર્થ ભર્યો છે. લોભને થોભ નથી હોતો. એથી લોભી માણસ કદી સુખી થતો નથી. પોતાની પાસે જેટલું હોય એટલામાં સંતોષ માનનાર હમેશાં સુખી થાય છે. અંગ્રેજ નિબંધકાર એડિસન કહે છે, 'સંતોષી આત્મા એ મનુષ્ય પરનો મોટામાં મોટો આશીર્વાદ છે. એવો આત્મા મળ્યો હોય એ માણસ દુનિયામાં આનંદથી જીવી શકે છે.'

નવાણુના ધક્કાની લોકવાર્તામાં શેઠની સામે રહેતો મોચી સવારસાંજ ભજનો ગાતો-ગાતો આનંદથી દિવસો પસાર કરતો હતો. એનું રહસ્ય હતું એનો સંતોષી જીવ. પણ શેઠે કોઈની મારફત નવાણુ રૂપિયાની થેલી એના ઘરમાં મુકાવી ત્યાર બાદ એને નવાણુમાંથી સો કરવાની અને સોના બસો કરવાની લોભવૃત્તિ જાગી અને સવારસાંજનાં એનાં ભજનો બંધ થઈ ગયાં. એટલું જ નહિ પણ એનો આનંદ પણ ઓસરવા લાગ્યો.

જગતના બધા મહાપુરુષો સંતોષને જ સુખના પાયા તરીકે ગણાવી ગયા છે. સંત ટૉલ્સ્ટૉય, મહાત્મા ગાંધીજી, ઈસુ ખ્રિસ્ત, લાઓ ત્સે, ભગવાન બુદ્ધ કે મહાવીર કોઈએ ઐહિક ચીજો માટે લોભ રાખ્યો નથી. પોતાને સહજ રીતે પ્રાપ્ત થયું હોય એટલામાં જ સંતોષ માન્યો છે. સંતોષી બનવા માટે પેલો દુહો યાદ રાખવા જેવો છે :

સહજ મિલા સો દૂધ બરાબર,
માંગ લિયા સો પાણી;
ઝુંટ લિયા સો રક્ત બરાબર,
ઐસી ગોરખ બાની.

અસંતોષ સાપેક્ષ વૃત્તિ છે. ભારતનો એક શિક્ષક એને મળતા પગારથી અસંતુષ્ટ હશે તો અમેરિકાનો એક શિક્ષક પોતાની કાર એ દર વર્ષે બદલી શકતો નથી એના માટે અસંતોષ અનુભવતો હશે. આ ઉદાહરણ જ સૂચવે છે કે માણસનું સુખ એને પ્રાપ્ત થતાં સગવડનાં સાધનો પર અવલંબતું નથી, પરંતુ એના મનની વૃત્તિ પર અવલંબે છે.

માણસનો અસંતોષ માત્ર ધન, મિલ્કત કે ભૌતિક સાધનો પૂરતો મર્યાદિત હોતો નથી, એને અન્યની પ્રતિષ્ઠા કે પ્રગતિ જોઇને પણ અસંતોષ થાય છે. આ અંગે 'નીતિ શિક્ષણ'માં એક સરસ રૂપક કથા છે :

'એક દિવસ મોરને પોતાના કઠોર અવાજ માટે ખેદ થયો. એણે સરસ્વતીને પ્રાર્થના કરી, 'હે દેવી, હું તમારું વાહન છું અને અવાજની બાબતમાં કોયલ મારા કરતાં ચડિયાતી હોય એ કેવું આશ્ચર્યજનક અને દુ:ખજનક ગણાય?' દેવીએ કહ્યુ, 'વત્સ, મીઠા સ્વરથી કોયલ સુખી છે તો તને કેવાં સુંદર પીછાં મળ્યાં છે? એનાથી તું સુખી છે.' મોર કહે, 'આવા અવાજ સાથે એકલા સુંદરપણાને શું કરે?' સરસ્વતી દેવીએ કહ્યુ, 'ઇશ્વરે દરેક પક્ષીને એકએક ગુણ આપ્યો છે. તને સુંદરતા, ગરુડને બળ, કોયલને સુસ્વર, પોપટને મનુષ્ય-વાચા, કબૂતરને શાંતિ. બીજાં પક્ષીઓ જેમ પોતપોતાને મળેલા ગુણોથી સંતુષ્ટ છે એમ તું પણ સંતોષ રાખ. નિરર્થક તૃષ્ણા રાખીને વગર દુ:ખે દુ:ખી ના થઈશ.'

આ રૂપકકથાનો અર્થ સમજીએ તો સર્જનહાર કીડીને કણ અને હાથીને મણ આપે જ છે. અન્યનો મહેલ જોઈ આપણે આપણી ઝૂંપડી સળગાવી દઇએ તો એટલું સુખ પણ ગુમાવીએ. એના બદલે આપણે જો એમ વિચારીએ કે એ મહેલમાં રહેનારને મહેલના રક્ષણ માટે ચોકીદારો રાખવા પડે છે અને છતાં એને નિરાંતે ઊંઘ તો આવતી નથી અને આપણે ઝૂંપડીને તાળું માર્યા સિવાય નિરાંતે ઊંઘી શકીએ છીએ.

એક વાર સિકંદર ઘોડા ઉપર બેસી પસાર થતો હતો ત્યાં એણે રસ્તાની એક બાજુએ એક સાધુને બેઠેલો જોયો. સિકંદર સાધુ પાસે ગયો અને બોલ્યો, 'મહારાજ, હું મહાન સિકંદર છું. તમારે જે જોઇએ એ મારી પાસે માગી લો.' સાધુએ કહ્યુ, 'તમને મળીને આનંદ થયો. પણ મારે તમારી પાસેથી કંઈ જોઈતું નથી. જરા દૂર ખસો તો શિયાળાની આ ઠંડીમાં સૂર્યનો તાપ મારા પર પડે.'

આ સાધુ જેટલો સંતોષ રાખી શકે એ જ માણસ સાચા સુખનો અને એના પરિણામે મળતી મનની શાંતિનો અનુભવ કરી શકે.

સંતોષ એ માનવીના અંગત સુખનો જ પાયો નથી. આખા સમાજનું સુખ પણ સંતોષ પર જ અવલંબે છે. પ્રત્યેક માનવી સંતોષી હોય તો સમાજના કોઈ માણસને દુ:ખ રહે જ નહિ. સંતોષ એટલે પોતાની રોજિંદી જરૂરિયાતથી વધારેની અપેક્ષા રાખવી નહિ તે. જો દરેક માણસ જરૂરિયાતથી વધારેનો ત્યાગ કરે તો સમાજવાદી સમાજ-વ્યવસ્થા આપોઆપ જ સ્થપાઈ જાય. સંતોષથી દરેક માણસ સુખી થાય એટલું જ નહિ, પણ સમાજમાંથી ઈર્ષા, વેરઝેર અને લડાઇનો પણ કાયમી અંત આવી જાય.

ગ્રીસના મહાન તત્ત્વવેત્તા સૉક્રેટિસને એક દિવસ એના એક શિષ્યે કહ્યુ, 'સ્પાર્ટનોની રાજ્યપદ્ધતિને હું પસંદ કરતો નથી, પણ એમના પર ગુસ્સે થઈ એમની સાથે યુદ્ધ કરવા જતાં તો મન બેચેન થઈ જાય છે.' સૉક્રેટિસે કહ્યું, 'જાડાં લૂગડાં, પૌષ્ટિક ખોરાક, સાદો સ્વભાવ અને સહેજે મળતો આનંદ એટલું મેળવવાથી વધારે આગળ જવું એટલે યુદ્ધ સિવાય કશું ય હાથમાં ન આવે.'

સૉક્રેટિસના આ કથનમાં સંતોષી જીવનનો ધ્વનિ છે. સંતોષી જીવન હોય તો રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે યુદ્ધનો પ્રશ્ન જ ન ઊઠે. દેશના કેટલાય મહત્ત્વના પ્રશ્નો આપોઆપ જ ઊકલી જાય.

સંતોષ એ જીવનનું મહામોલું સત્ત્વ છે. જે લોકો એમ માને છે કે સંતોષ માણસને પુરુષાર્થમાં પાંગળો બનાવે છે, પ્રગતિ અને સતત પુરુષાર્થ માટે અસંતોષ આવશ્યક છે, એ લોકો પ્રગતિનો સાચો અર્થ સમજતા નથી. અસંતોષથી જે પ્રગતિ થાય છે એ ભૌતિક પ્રગતિ છે. એ માટે જેમ્સ મેકિનટોસે સારી સલાહ આપી છે. એ કહે છે કે, આપણી પાસે જેટલું છે એનાથી સંતોષ માનો, પણ આપણે જેવા છીએ એનાથી સંતોષી ના બનો. મતલબ કે ભૌતિક સાધનો જેટલાં હોય એટલાંથી સંતોષ માનો, પણ આંતરિક સદ્-ગુણો ઓછા હોય તો એનાથી અસંતુષ્ટ રહી એ વધારવા પ્રયાસ કરો.

કવિ બાલાશંકરે એક ગઝલમાં કહ્યુ છે કે 'રહેજે શાંતિ-સંતોષે સદાયે નિર્મળે ચિત્તે.'

સંતોષનો આ પારસમણિ હાથમાં આવી જાય તો આપણા ઘરમાંનું લોખંડ જ નહિ પણ એકેએક ચીજ સોનું બની જાય. □



શ્રીજી મહારાજ

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક અને સમાજસુધારક સંત

લેખક - રઘુવીર ચોધરી

◁ સહજાનંદ સ્વામીની એમના સમય આસપાસમાં ચીતરાએલી છબીઓમાંની એક બ્રિટિશ મ્યુઝિયમમાં સંઘરાએલી છબી પરથી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થાએ જાણીતા કલાકાર શ્રી વી. એન. ઓકે પાસે કરાવેલું રેખાંકન.

ગુજરાતમાં રામનવમીનો ભારે મહિમા છે, બે કારણે : બપોર પહેલાં શ્રી રામચંદ્રજીનો જન્મ અને સાંજ પછી શ્રીજી મહારાજનો જન્મ; અયોધ્યા પાસેના છપૈયા ગામમાં, વિક્રમ સંવત ૧૮૩૭માં.

શ્રીજી મહારાજ કરતાં સ્વામી સહજાનંદ વધુ પ્રચલિત નામ છે. 'શ્રી સ્વામિનારાયણ' એ એમણે આચાર્ય તરીકે પોતાના ભક્તોને આપેલો મંત્ર પછી 'ભગવાન સ્વામિનારાયણ' રૂપે એમની સંજ્ઞા તરીકે પણ પ્રચલિત થયો. એમના લાખો અનુયાયીઓ એમને પૂર્ણ પુરુષોત્તમ માનીને ભજે છે.

તપસ્વી નીલકંઠ

પિતાનું નામ હરિપ્રસાદ. એ દેવશર્મા પણ કહેવાય છે. માતાનું નામ ભક્તિદેવી. એ બંને ઘનશ્યામના જન્મ પછી અગિયારમા વર્ષે કાળધર્મ પામ્યાં. પછીના વર્ષે સંવત ૧૮૪૯ની અષાઢ સુદિ દશમે ઘનશ્યામ ગૃહત્યાગ કરી, સરયૂ નદી તરીને ઉત્તર દિશામાં ગયા. એ પછી એ નીલકંઠ વર્ણી નામે ઓળખાયા.

તપ કર્યું, ગોપાળ યોગી પાસે અષ્ટાંગ યોગ શીખ્યા, સમગ્ર ભારતવર્ષની તીર્થયાત્રા કરી, સાધુઓની સેવા કરી, સાધુ-અસાધુનાં લક્ષણો તારવ્યાં, હિંસા-અહિંસા વિશે ચિંતન કર્યું, ધર્મ-સંચાલનની પદ્ધતિઓનું અધ્યયન કર્યું અને દક્ષિણ ભારતની તીર્થયાત્રા પછી ઉત્તરાભિમુખ થયેલા નીલકંઠ ગુજરાતમાં પ્રવેશ્યા.

ત્યારે ગુજરાતમાં રામાનંદ સ્વામીના ઉદ્ધવ સંપ્રદાયનો પ્રભાવ હતો. અત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ જે સાદાં ભગવાં વસ્ત્ર અને પાઘડી પહેરે છે એ રામાનંદ સ્વામીના સમયથી પ્રચલિત છે. વળી, રામાનંદ સ્વામી પોતે પણ ઉત્તર ભારતથી ગુજરાત પધાર્યા હતા. નીલકંઠ વર્ણીનાં માતાપિતાના પણ એ ગુરુ હતા. આ એક સાંસારિક તંતુ કહો કે પૂર્વનિર્ધારિત ક્રમ કહો, મુક્તાનંદ સ્વામીની સાથે રહીને નીલકંઠ વર્ણીએ કચ્છથી રામાનંદ સ્વામી પાછા ફરે અને પોતે એમનાં દર્શન કરે એ માટે સારો એવો સમય પ્રતીક્ષા કરી. પણ ખૂબીની વાત તો એ છે કે રામાનંદ સ્વામીને મળવા પૂર્વે તો એમણે મુક્તાનંદ સ્વામીને સૂચવીને સુધારા દાખલ કરવા માંડ્યા, જેમાંનો એક છે સ્ત્રી-પુરુષોની સભાઓ જુદી કરાવી તે. કોઈ સંપ્રદાયમાં આવું ભાગ્યે જ બને કે એના આચાર્યની સંમતિ મેળવ્યા વિના જ કોઈ વીસેક વર્ષનો આગંતુક આશ્રિત સુધારો અમલમાં મુકાવી દે. હકીકત જાણીને સ્વામી રામાનંદે વાંધો ન ઉઠાવ્યો, રાજી થયા. એટલું જ નહિ, પોતાના અનુયાયીઓને 'હું તો ડુગડુગી વગાડનારો છું, વેશના ભજવનારા બીજા આવશે.' એમ કહેલું તેની ખાતરી કરાવવા માંડી.

રામાનંદ સ્વામી સાથે નીલકંઠનું મિલન સૌરાષ્ટ્રના પીપલાણા ગામે થયું. દીક્ષા આપીને ગુરુએ એમને સહજાનંદ એવું નામ આપ્યું.

સ્વામી સહજાનંદ

ઉદ્ધવ સંપ્રદાયના સાધુ તરીકે સ્વામી સહજાનંદે એક વરસ કામ

કર્યું હશે ત્યાં તો સ્વામી રામાનંદે એમને આચાર્ય તરીકે નિયુક્ત કર્યા અને માત્ર એકવીસ વર્ષના સાધુને આવી મોટી જવાબદારી સોંપવાનું સાહસ કર્યું, જે ભવિષ્યમાં એમનું ક્રાન્ત દર્શન ગણાયું. મુક્તાનંદ વયમાં મોટા હતા. એટલું જ નહિ, એમણે તો નીલકંઠને માંગરોળ પાસેના લોજ ગામે આવકારેલા. સરયૂ તીરેથી આવ્યા હોઈ સરજૂદાસ કહીને સ્વીકારેલા. સંપ્રદાયમાં રામદાસ આદિ બીજા પણ મોટા સાધુઓ હતા. તેમ છતાં સ્વામી રામાનંદે એક તરુણને ધર્મધુરા સોંપી અને પરમ ધન્યતા અનુભવી.

બે વરદાન

સહજાનંદ સ્વામીએ સંપ્રદાયનું આચાર્યપદ સ્વીકાર્યું પરંતુ બિનશરતી નહિ. ગુરુની આજ્ઞા પાળવાની સાથે જ બે વરદાન માગ્યાં. આ વરદાનોનો ઉલ્લેખ કિશોરલાલ ઘ. મશરૂવાળા, હરીન્દ્ર દવે, ઈશ્વર પેટલીકર આદિ લેખકોએ અચૂક કર્યો છે, અને ગઢડાના 'વચનામૃત'માં બંને વરદાનોનો અને જેતલપુરના છેલ્લા વચનામૃતમાં પણ એમાંના એકનો ઉલ્લેખ છે. આ બે વરદાન કવિતાનો વિષય છે. કેમ કે એમાં માગનાર પોતાના માટે કશું માગતા નથી, ભક્તો માટે માગે છે, અને એના બદલામાં પોતે કેટલું બધું વેઠવાની તત્પરતા દાખવે છે ! જુઓ, ગુરુ રામાનંદ પાસે સ્વામી સહજાનંદે માગ્યું કે :

'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય, તો મને એકએક રૂંવાડે કોટિકોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપાતર લખ્યું હોય તો તે રામપાતર મને આવે, પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય. એ બે વર મને આપો.'

આ વરદાન મળ્યાં અને જાણે કે ફળ્યાં ! તે કાળે તો આ સંપ્રદાયમાં મુખ્યત્વે ગરીબજનો જ હતા. કેટલાક તો 'કોળી-કાઠીનો સંપ્રદાય' કહીને સ્વામિનારાયણ સંપ્રદાયને ઉતારી પાડતા. ધર્મ જાણે કે ઉચ્ચ ગણાતી કોમોનો ઇજારો ન હોય !

એ સમય-સંદર્ભ સામે રાખીને વિચાર કરતાં આજે એ વાતનું મૂલ્ય સવિશેષ વરતાશે. કહેવાનું મન થશે : એ જ તો કામ હતું ધર્મનું, છેલ્લામાં છેલ્લા માણસનો હાથ પહેલો પકડવાનું.

સમાજની સર્વાંગી ઉન્નતિ

અમદાવાદની એક સોસાયટીમાં દ્વિશતાબ્દી નિમિત્તે ૧૯૪મી કીર્તન-આરાધના દરમિયાન શ્રી કૃષ્ણપ્રિય સ્વામીએ એક હરિજન-ભક્તે રચેલી પંક્તિઓ ગાઈ હતી. એ ભક્તનું નામ નારાયણદાસ, જેમના દોહા વધુ પ્રચલિત છે.

પૂર્વાશ્રમના બ્રાહ્મણો હરિજનોએ રચેલાં પદ ગાય એ સામાજિક ક્રાંતિ કહેવાય. સહજાનંદના ધર્મચક્ર-પ્રવર્તનની એ ખાસિયત હતી. વડતાલથી વડોદરા જતાં રસ્તામાં આવતા છાણી ગામનો પ્રસંગ ઇતિહાસમાં નોંધાયો છે. છાણીના વણકર તેજાભાઈ સત્સંગી થયેલા, પૂજાપાઠ ને ભજનકીર્તન કરતા. શ્રીજી મહારાજ પસાર થાય છે જાણી હરિજનો આવ્યા, બ્રાહ્મણો ન આવ્યા. શ્રીજી મહારાજે કહ્યું : 'જાઓ બ્રાહ્મણો જેવી પંડિતાઈ અને સદ્ગુણો તમારામાં આવશે. બ્રાહ્મણો શરમાઈ જાય તેવાં વિશુદ્ધ તમારાં વર્તન થશે.'

વિખ્યાત કવિ પ્રેમસખી પ્રેમાનંદ પૂર્વાશ્રમમાં મુસલમાન હતા. એમના પર શ્રીજી મહારાજની ભારે કૃપા હતી. (જુઓ અનંતરાય રાવળ દ્વારા સંપાદિત 'પ્રેમસખી પદાવલી')

સહજાનંદ સ્વામીએ સનાતન ધર્મની, વૈષ્ણવ સંપ્રદાયની કેટલીક પાયાની વસ્તુઓ સ્વીકારી છે પણ શૂદ્ર કહેવાતા વર્ગની જુદીજુદી જ્ઞાતિઓને જે સમભાવથી આવકારી છે, એમને સ્વચ્છતા ને વ્યસનમુક્તિનો ઉપદેશ આપીને એમના સામાજિક અને આર્થિક ઉત્કર્ષને પોતાના ધર્મકાર્યનો જ અવિભાજ્ય અંશ ગણ્યો છે, એનું મારે મન ભારે મહત્ત્વ છે. અગાઉ ગણાવ્યાં તે બે વરદાનનો દિવ્ય પ્રભાવ જેમને ન સમજાય તેમને આટલું તો જરૂર સમજાશે કે વ્યસનમુક્તિથી વ્યસન પાછળ થતું ખર્ચ બચે અને પ્રમાદ દૂર થતાં માણસ વધુ ઉદ્યમી થાય. એનું પરિણામ આવે જ. આ દૃષ્ટિએ છેલ્લી દોઢ સદીના ગુજરાતનું આર્થિક-સામાજિક અધ્યયન એક સાથે કરવા જેવું છે. તાજેતરનો દાખલો આપીને વાત કરવી હોય તો, જરા બરછટ લાગે એ રીતે કહું, સંપ્રદાયની વિવિધ શાખાઓ દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી પાછળ લગભગ પાંચેક કરોડનો ખર્ચ થયો હશે. આ ખર્ચમાં ફાળો આપનારા સત્સંગીઓના પૂર્વજો પાસે આજથી દોઢસો વરસ પહેલાં માત્ર શ્રીજી મહારાજનો ઉપદેશ હતો, એમના સંતોના હાથે લીધેલી વ્યસનમુક્તિની પ્રતિજ્ઞાઓ હતી.

બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ, સતીપ્રથાનો રિવાજ અને હિંસક યજ્ઞોની પ્રથા તોડીને સ્વામી સહજાનંદે હિન્દુ સમાજને નવજીવનનો માર્ગ ચીંધ્યો. તેથી આ માત્ર નવા ધર્મનો નહિ, નવા જીવનનો સંદેશ બની રહ્યો. એમની દલીલો પણ સહુના ગળે ઊતરે એવી હતી. એમણે કહ્યું કે દીકરીને દૂધ પીતી કરવાથી ત્રણ પ્રકારની હત્યાનું પાપ લાગે છે : એક તો નિર્દોષ કુટુંબીજનની હત્યાનું પાપ, બીજું બાળહત્યાનું અને ત્રીજું અસહાય અબળાની હત્યાનું પાપ. સામે પણ દલીલો તો થતી. દીકરીને પરણાવવા પૈસા ક્યાંથી લાવવા ? શ્રીજી મહારાજ બેધડક કહેતા : અમે આપીશું. 'પણ સંસ્કારી યુવકો ક્યાં છે ?' – આ દલીલમાં તથ્ય હતું. એમણે સંતમંડળીને કહ્યું કે બાળકો અને યુવકોમાં સંસ્કાર-સિંચનનું કામ ઉપાડો. શરૂઆતથી શરૂઆત કરો.

એમણે સ્પષ્ટ રીતે કહ્યું કે સતી થવું એટલે આત્મહત્યા કરવી : 'અમારો મત તો એ છે કે તીર્થના મહાત્મ્યે કરીને, પતિના મહાત્મ્યે કરીને કે લાજશરમે પણ સતી થવા રૂપ આત્મહત્યા કરવી નહિ.'

એમણે વિધવા સ્ત્રીને પરમેશ્વરની ભક્તિ પ્રબોધી. શિક્ષિત સ્ત્રીઓ દ્વારા અક્ષરજ્ઞાનની વ્યવસ્થા કરાવી. એક ગણિકાને પણ દળણું દળવા આપીને એને 'સાંખ્યયોગી' બનવાની તક આપેલી એ પ્રસંગ જાણીતો છે.

એમણે અહિંસક યજ્ઞો કરાવ્યા અને તે વખતે એકત્રિત થતી વિરાટ મેદનીને પોતાનો સર્વજીવ-હિતાવહ ઉપદેશ આપ્યો, જીવન સમગ્રના ઉત્કર્ષની પ્રેરણા આપી.

ભારે આશ્ચર્ય થાય એવી વાત છે, પણ એ હકીકત છે કે રાજા રામમોહન રાયે જે સુધારાનું કામ પશ્ચિમના શિક્ષણ અને સંપર્કે જાગેલી નવી દૃષ્ટિ અને નવમાનવવાદના પ્રભાવમાં કર્યું, લગભગ એવું જ કામ સહજાનંદ સ્વામીએ આંતરસૂઝથી કર્યું. એમના સંતો અંગ્રેજી શિક્ષણના તો નહિ જ, પશ્ચિમી સભ્યતાના સંપર્કમાં પણ બહુ મોડા આવ્યા, અને એ પણ અંગ્રેજ અમલદારો અને ખ્રિસ્તી ધર્મપુરુષો એમના તરફ ખેંચાયા ત્યારે. ઉત્તર ભારતની યાત્રા કરીને બિશપ હેબર વડોદરા આવ્યા ત્યારે ત્યાંના કલેક્ટર વિલિયમ્સે એમને કહેલું : 'સ્વામિનારાયણે ઘણું સુંદર કાર્ય કર્યું છે. તેમની ધર્મસુધારક તરીકેની અતિશય લોકપ્રિયતા અને ઉપદેશની મને વડોદરામાં આવ્યા પછી ખબર પડી. તેમનો ધર્મોપદેશ હિન્દુ શાસ્ત્રોમાં કહ્યો છે તેનાથી પણ ઉચ્ચતર છે. તેઓ વિશુદ્ધ આચરણ અને સ્ત્રીઓ પ્રત્યે પવિત્ર દૃષ્ટિએ માનથી જોવાનું ઉપદેશે છે. તેઓ ચોરી અને ખૂનનો નિષેધ કરે છે. જે જે ખરાબમાં ખરાબ ગામો અને જિલ્લાઓમાં તેમણે કાર્ય કર્યું છે, તે તે પ્રદેશો આજે સૌથી સારા અને કાયદો તથા વ્યવસ્થા રાખનારા થઈ ગયા છે.' પ્રખર ગાંધીવાદી કિશોરલાલ મશરૂવાળા આ સંપ્રદાયના વાતાવરણમાં ઊછર્યા હતા. ૧૯૪૦માં નવજીવને છાપેલું એમનું પુસ્તક 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય'

સહુ કોઈએ જોઈ જવા જેવું છે.

ભગવાન બુદ્ધ નિરીશ્વરવાદી હતા, મૃત્યુ પછીના જીવન વિશે બોલતા ન હતા. શ્રીજી મહારાજ બ્રહ્મમહોલ અને મુક્તો વચ્ચેના તેજમાં પુરુષોત્તમની મૂર્તિની વાત કરે છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ કરી વિશિષ્ટાદ્વૈત પ્રબોધે છે. પણ બંનેના અભિગમમાં એક મોટું સામ્ય છે : પ્રત્યક્ષ જગતના નાનામાં નાના પ્રશ્નોને એમણે અગ્રતા આપી. મુક્તિની વાત પછી, પહેલાં દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

સંપ્રદાયનો વિકાસ

શ્રી સહજાનંદ સ્વામીએ જે મંદિરો બંધાવ્યાં એમાં સંતોનો શ્રમ પણ સમાયેલો છે. એ પોતે પણ મંદિર માટેનો પથ્થર ઉપાડી લાવતા હોય એવાં ચિત્રો જોવા મળે છે. મંદિરો સાથે એમણે અન્નક્ષેત્ર, પાઠશાળા અને સંગીતશાળાઓ શરૂ કરાવી. દીક્ષા આપ્યા પછી પણ સાધુને સાહિત્ય–સંગીત–કળાના ક્ષેત્રે પ્રવૃત્ત રહેવા, જરૂર હોય તો વધુ તાલીમ લેવા એ જણાવતા અને એ માટે દૂરસુદૂર પણ મોકલતા. પરિણામે ગુજરાતી, વ્રજ અને સંસ્કૃત ભાષામાં સ્વામિનારાયણીય સંત કવિઓએ ઘણું લખ્યું. કેટલુંક ગાતાંગાતાં લખ્યું, કેટલુંક નાચતાં-નાચતાં ગાયું. ગઢડા મંદિરની પાછલી પડાળીમાં કીર્તન ગાઈ નૃત્ય કરતા મુક્તાનંદ સ્વામી પગ વડે હાથીનું ચિત્ર દોરતા બતાવેલા છે. બીજા સંત કવિ બ્રહ્માનંદ સ્વામીએ ચૌલાનું મૃદંગ વગાડ્યાની કથા પણ પ્રચલિત છે. 'રંગભર સુંદર શ્યામ રમે' એ છંદ આજે ગુજરાતમાં ઠેરઠેર ગવાય છે અને રાસ-ગરબાની રમઝટ જામે છે ત્યારે કોને ખબર હોય છે કે એના કર્તા મર્યાદાવાદી ભક્ત બ્રહ્માનંદ હતા ! નિષ્કુળાનંદ અને દેવાનંદનાં પદો વ્યાપક સ્વીકાર પામેલાં છે.

ભક્તિકવિતા અને સંગીતે આ સંપ્રદાયના ઉપદેશને લોકભોગ્ય તેમ જ વિદ્વદ્‌ભોગ્ય બનાવવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. આજે પણ સંપ્રદાયની કેટલીક શાખાઓ શાસ્ત્રીય સંગીત તેમ જ લોકસંગીત બંનેને પ્રોત્સાહન આપી રહી છે. એમાં બોચાસણવાસી અક્ષર-પુરુષોત્તમ સંસ્થાની પ્રવૃત્તિઓ તુરત યાદ આવશે.

શ્રીજી મહારાજે એમનાં મંદિરોનો વહીવટ વાસુદેવાનંદ બ્રહ્મચારીને સોંપવાનો પ્રયોગ કર્યા પછી, સત્સંગીઓના આગ્રહથી પોતાના બે ભાઈઓ રામપ્રતાપ અને ઇચ્છારામના પુત્રો અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને બોલાવીને અમદાવાદ અને વડતાલની ગાદી સોંપી. આચાર્યો માટે પણ કડક સંહિતાઓ ઘડી. બધાં મંદિરોનો વહીવટ તે પછી ઉપર્યુક્ત બે ભાગમાં વહેંચાયો. તે પછી આજથી લગભગ સિત્તેર વર્ષ પૂર્વે સૈદ્ધાન્તિક મતભેદને કારણે શ્રી યજ્ઞપુરુષદાસજી—શાસ્ત્રીજી મહારાજે વડતાલ મંદિરથી જુદા પડી, 'વિમુખ' કહેવાવાનું જોખમ ખેડી ભક્તસહિત ભગવાનની ઉપાસના કરવાનો ઉપદેશ આરંભ્યો. એમણે, યોગીજી મહારાજે અને પ્રમુખ સ્વામી મહારાજે પોતપોતાના તપના પ્રતાપે નવો અનુયાયીવર્ગ ઊભો કર્યો અને સુશિક્ષિત યુવકોને પણ આકર્ષ્યા. પરિણામે આજે અક્ષર-પુરુષોત્તમ સંસ્થા દ્વારા સંચાલિત થતા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ડૉક્ટરો, ઇજનેરો અને પીએચ. ડી. થયેલા વિદ્વાનો સાધુ તરીકે સેવા આપી રહ્યા છે.

કાળુપુર મંદિરમાંથી શ્રી મુક્તજીવનદાસજી છૂટા પડ્યા. અને એમણે મણિનગરની ગાદી સ્થાપી. આજે એમના ઉત્તરાધિકારી શ્રી પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી છે. આ શાખા 'અક્ષર'ને બદલે 'મુક્ત'નો મહિમા કરે છે અને ગુણાતીતાનંદ સ્વામીને સ્થાને ગોપાલાનંદ સ્વામીને પૂજે છે; અલબત્ત, શ્રીજી મહારાજ તો ખરા જ. આ ઉપરાંત 'ગુણાતીત જ્યોત' નામે પણ એક શાખા છે. જેમણે બહેનોને સાધ્વીઓ બનાવવાનો આરંભ કર્યો અને મતભેદ ઊભો થતાં અક્ષર–પુરુષોત્તમ સંસ્થાથી દાદુભાઈનો આ વહીવટ જુદો પડ્યો. આ શાખાના ગુરુ છે શ્રી હરિપ્રસાદ સ્વામી. સંપ્રદાયમાં પૂર્વેથી સ્ત્રીઓને 'સાંખ્યયોગી' થઈ સંસારમાં રહીને ભક્તિ કરવાના બધા અધિકાર છે. એનું સંચાલન સ્વતંત્ર રહ્યું છે. સ્ત્રી-પુરુષ-મર્યાદા બાબતે આ સંપ્રદાય ભારે જુનવાણી છે. સ્વામિનારાયણ સાધુઓ સ્ત્રીનું દર્શન પણ કરતા નથી, ટેલિફોન પર પણ વાત કરતા નથી, એટલું જ નહિ સ્ત્રી-કંઠે ગવાયેલું કીર્તન પણ સાંભળતા નથી. જ્યારે વિદ્વાન સાધુઓ પણ આ રીતે વર્તતા લાગે ત્યારે આપણી રમૂજનું પ્રમાણ અનેક ગણું વધી જાય. અલબત્ત, એમને શ્રીજી મહારાજનો ધર્માદેશ યાદ હોય તેથી આપણી રમૂજથી પણ એ રાજી રહે. આ સંપ્રદાયનો બ્રહ્મચર્ય વિશેનો ખ્યાલ સમજવો હોય તો રજનીશજીના વિચારો જાણવા, ફરીથી રમૂજ પડશે. રજનીશજી આત્યંતિક સંયમની ઠેકડી ઉડાડે છે અને કહે છે કે નિષેધ એ નિમંત્રણ છે. પોતાના આશ્રમમાં 'સેક્સ થેરેપી'–અતિ જાતિયતાની ચિકિત્સા પણ ચલાવે છે. મુક્તિ વિશે કેવા સામસામા છેડાના ખ્યાલો પ્રવર્તે છે !

શ્રીજી મહારાજે 'શિક્ષાપત્રી'માં સાધુ અને હરિભક્ત સહુ કોઈ માટે નિયમો ઘડી આપ્યા છે એ મુજબ તમે કોઈ સાધુને એકલા નહિ જુઓ. વાહનમાં જવાનું હોય તોપણ એકલા ન જાય. એક દિવસ યજ્ઞેશ્વર સ્વામી નામના સંગીતકાર સંતે રાત્રે સાડા અગિયાર વાગ્યે થોડુંક જ અંતર કાપવાનું હતું અને તે પણ કારમાં, સાથે હું તો હતો જ, છતાં અર્ધો કલાક જોડ શોધવામાં આવ્યો અને પછી જ એમણે પટાંગણની બહાર પગ મૂક્યો. મોડા સૂવાનું મળે તોપણ જાગવાનું તો વહેલા જ. રોજ પૂજા કરવાની. કોઈના પર ગુસ્સે ન થવાનું.

આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજીની વિદ્વત્તા, સહિષ્ણુતા અને વક્તૃત્વ-શક્તિ સુવિદિત છે. અન્નદાન તો ખરું જ, પોતે રક્તદાન પણ કરે છે. તેઓ અત્યારે કાળુપુર મંદિરના વડા છે. વહીવટમાં મદદરૂપ થાય એ માટે સત્સંગીઓમાંથી અને સંતોમાંથી પણ પ્રતિનિધિઓ ચૂંટવામાં આવે છે. વડતાલ મંદિરના આચાર્ય છે શ્રી નરેન્દ્રપ્રસાદજી. ત્યાંની વહીવટી સમિતિના કેટલાક સભ્યો મૂળ પ્રણાલિઓ અંગે ચુસ્ત આગ્રહી છે. વડતાલ મંદિરની આવક સહુથી વધુ હોવા સંભવ છે. ભૂતકાળમાં તો હતી જ. અપ્રગટ ગ્રંથો પણ આ સંસ્થા પાસે ઘણા છે.

બધી જ શાખાઓમાં વર્ણાશ્રમ-વ્યવસ્થાનાં એક-બે દૂષણો રહી ગયાં છે. સહજાનંદ સ્વામીએ તો શૂદ્રોને પણ બ્રાહ્મણોથી વધુ મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની આશિષ આપી હતી. દુકાળ વખતે પોતાના અનુયાયીઓને કહ્યું હતું કે આપણા સત્સંગી ન હોય તેમને પણ મદદ કરજો, કશો ભેદભાવ રાખશો નહિ. પણ પાછળથી કોણ જાણે કેમ જૂના ઉચ્ચવર્ગીય હિંદુ માનસે પાછલે બારણે પ્રવેશ કર્યો ને એવું ઠરાવ્યું કે અમુક નીચલી જ્ઞાતિઓમાંથી આવીને દીક્ષા લેનાર સાધુએ શ્વેત વસ્ત્ર પહેરવાં. ભગવાં વસ્ત્ર સાથે પૂર્વાશ્રમની ઉચ્ચતા જોડવામાં આવી. અહીં વિરોધાભાસ એ છે કે દરેક સાધુએ પૂર્વાશ્રમ ભૂલી જવો એવો ઉપદેશ છે તો પછી વસ્ત્રના રંગરૂપે પૂર્વાશ્રમની જ્ઞાતિ યાદ રાખવાની સગવડ શા માટે ? આ પ્રથાનો ભંગ કરી આધ્યાત્મિકતાને જ એક માત્ર ધોરણ માનવું જોઈએ. અદ્યતન અને અમુક અંશે વૈજ્ઞાનિક અભિગમ સ્વીકારનાર અક્ષર-પુરુષોત્તમ સંસ્થા પણ આ બાબતે હિંમત દાખવતી નથી.* એ સંસ્થાએ મોરબીના રેલ-સંકટ વખતે કેવા સાહસ સાથે સેવા કરી હતી ! કાળુપુર અને મણિનગર મંદિરે તો કૉલેજો શરૂ કરવા સુધી

---

* શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ શ્રીજીમહારાજના જન્મની દ્વિશતાબ્દીએ શ્રી નારાયણભગત આદિ ૩૫ વિદ્વાન પાર્ષદોને સાધુની દીક્ષા આપી, વર્ણાશ્રમ-વ્યવસ્થાની અનિષ્ટ અસરમાંથી મુક્તિ મેળવી. આ સુધારો શ્રીજીમહારાજની મૂળ ભાવનાને અનુરૂપ હોઈ શ્રી પ્રમુખ સ્વામી મહારાજ અને તેના સંતો-સત્સંગીઓને અભિનંદન. —લેખક

સહજાનંદ સ્વામી

લેખક
પ્રફુલ્લ રાવળ



▽સ્વામી સહજાનંદના સમયમાં જ આલેખાએલી એમની એક છબી પરથી ચીતરાએલું આ સ્વરૂપ પણ એમના અનુયાયીઓમાં હાલ પૂજાય છે.

ગુજરાતને એક સમર્થ ધર્મસુધારક આપવાનો યશ સ્વામી રામાનંદને ઘટે છે. એમનો જન્મ વિ. સં. ૧૭૯૫ની જન્માષ્ટમીના શુભદિને અયોધ્યાના એક બ્રાહ્મણ કુટુમ્બમાં થએલો. પિતાનું નામ અજયપ્રસાદ, માતાનું સુમતિ. એમનું પોતાનું બાળપણનું નામ રામશર્મા હતું. એમની ભક્તિનિષ્ઠા અપૂર્વ હતી. બાર વર્ષની વયે ગૃહત્યાગ કરીને તેઓ આજીવન સાંસારિક બન્ધનોથી પર રહ્યા. સાચો રાહ મેળવવા જીવનના પ્રારંભનાં વર્ષોમાં ગુરુની શોધ માટે સતત પરિભ્રમણ કરેલું. એ પરિભ્રમણે સૌરાષ્ટ્રના તળાજા ગામે રહેલા. ત્યારે કાશીરામ શાસ્ત્રીને ઘેર સંસ્કૃત ગ્રંથોનું ઊંડું પરિશીલન કર્યું. પછી દ્વારકાની યાત્રાએ ગયા. દ્વારકામાં કોઈ પ્રવાસી પાસેથી સાંભળ્યું કે ગિરનાર પાસે ત્રંબા ગામમાં આત્માનંદ નામના પરમજ્ઞાની સંન્યાસી રહે છે. આથી ત્યાં જઇને એમણે આત્માનંદ પાસે દીક્ષા લઈ એમનું શિષ્યત્વ સ્વીકારીને રામાનંદ નામ ધારણ કર્યું. અદ્વૈતવાદી ને નિર્ગુણ બ્રહ્મના ઉપાસક સ્વામી આત્માનંદનો અનુગ્રહ એમને ઉપલબ્ધ થયો. પરંતુ આંતરિક શાન્તિ ન મળી. વળી, કૃષ્ણ પર અપૂર્વ નિષ્ઠા–શ્રદ્ધા હોઈ તેના દર્શનની ઉત્કટ અભિલાષા હતી, જે આત્માનંદના સત્સંગે પૂર્ણ નહિ થાય એમ લાગતાં એમનો ત્યાગ કરીને તીર્થાટન કરતાંકરતાં રામાનુજની ભૂમિ પર જઈ તોતાદ્રિમાં રામાનુજની ભક્તિ આરંભી. સ્વપ્નમાં દર્શન આપી રામાનુજાચાર્યે એમને વૈષ્ણવી દીક્ષા આપી ને કૃષ્ણદર્શન માટે આરાધનાની રીતિ દર્શાવી. એ રીતિએ આરાધના–ઉપાસના કરતાં કૃષ્ણદર્શન થયું. ઉપલબ્ધ જ્ઞાન અન્યને આપવાની રામાનુજાચાર્યની અનુજ્ઞાએ રામાનંદે ઉપદેશ આપવાનું આરંભ્યું. દક્ષિણથી છેક કૃષ્ણ-જન્મભૂમિની યાત્રા કરીને આરાધનાએ પુનઃ એમને કૃષ્ણદર્શન થયાં ત્યારે સ્વયં કૃષ્ણે ટૂંક સમયમાં પોતે પ્રકટ થઇને મળશે એવું વચન આપ્યું હતું. ઈષ્ટદેવના પ્રાકટ્યથી આનંદિત રામાનંદ પ્રયાગ આવ્યા. ત્યાં સહજાનંદ સ્વામીનાં માતા-પિતાને એમણે વૈષ્ણવી દીક્ષા આપી હતી. એ પછી પુનઃ રામાનંદ આત્માનંદ સ્વામીને મળ્યા. જાણે રામાનંદની જ પ્રતીક્ષા કરતા હોય તેમ આત્માનંદ સ્વામી ત્યાર બાદ થોડા જ સમય પછી દેવલોક પામ્યા. એમના સહુ શિષ્યોએ રામાનંદને ગુરુ તરીકે સ્વીકાર્યા અને એમણે વધતા જતા અનુયાયી વર્ગમાં ઉદ્ધવ સંપ્રદાયનો પ્રચાર કર્યો. એ સંપ્રદાયના ભાવિકો રામાનંદ સ્વામીને ઉદ્ધવમતના અવતાર તરીકે માનતા-ભજતા. કૃષ્ણનાં સાક્ષાત્ દર્શન પછી રામાનંદ 'નટ તો હજી આવશે. હું એના આગમનની ડુગડુગી બજાવું છું' એમ પોતાનાં અનુયાયી–સત્સંગીઓને સતત કહેતા. આથી જ કચ્છમાં એમને જ્યારે નીલકંઠના આગમનનો પત્ર મળ્યો ત્યારે ખુશખુશાલ થઈ ગએલા. આવા અપૂર્વ કૃષ્ણનિષ્ઠ સ્વામી રામાનંદ પાસેથી જ દીક્ષા લઇને નીલકંઠે સ્વકીય પ્રતિભાને પૂર્ણતઃ વિકસાવી. નીલકંઠ ધર્મપુરુષ સહજાનંદ (અનુ. પૃ. ૧૦૨)

શિક્ષણકાર્ય સ્વીકાર્યું છે. ગુરુકુલ તો બધી જ શાખાઓનાં છે. આજે જ્યારે નાસ્તિકતા અને અસંયત વર્તનની ફેશન વધતી જાય છે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાય ગુજરાતના પ્રજાજીવન માટે વધુ ને વધુ વ્યાપક ભૂમિકાએ કામ કરવાનો સંકલ્પ કરે તો એ દ્વિશતાબ્દીની ઉજવણીની સાચી ફલશ્રુતિ ગણાશે.

શ્રીજીનું વ્યક્તિત્વ

'શ્રીજીએ ગુજરાતને સરયૂનીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો' એમ કહેનાર કવિવર ન્હાનાલાલે સહજાનંદ સ્વામીના વ્યક્તિત્વને વિરલ અંજલિ આપી છે. એમનું સુપ્રાકર્ષણ–પર્સનલ મૅગ્નેટિઝમ ભલભલાને તન્મય કરી દેતું અને ઉપહાસ કરવા આવેલાને પણ ભક્ત બનાવી દેતું. એ પ્રાચીન હિન્દુ ધર્મશાસ્ત્રોના પ્રાકાંડ પંડિત હતા પણ એમણે ઉપદેશ માટે લોકભાષા ગુજરાતી અપનાવી. પરિણામે ગુજરાતીના પ્રાસરહિત ગદ્યનો પ્રથમ ગ્રંથ 'વચનામૃત' પ્રાપ્ત થયો. લગભગ સવા સાતસો પૃષ્ઠના આ ગ્રંથમાં એમના જ શબ્દો નોંધાયા છે અને એમની સંમતિ પછી જ પ્રચાર પામ્યા છે.

એમના દૈહિક સૌન્દર્ય જેવી જ પ્રભાવક હતી એમની વાણી. એ કહે છે : 'જેમ કીડીઓની હારને મનુષ્ય દેખે છે પણ તે નર ને માદાનો ભેદ જોતો નથી, એ જ રીતે અમુક કીડી રૂપાળી અને અમુક કુરૂપ તેમ પણ જોઈ શકતો નથી, તેવી દૃષ્ટિએ સર્વ કીડીઓ જાતિભેદ કે સ્વરૂપભેદ વિના એકસરખી છે તેમ અમારે મન સર્વ સ્ત્રીપુરુષ ભેદરહિત એકસરખા છે.' ચમત્કાર અને મંત્રતંત્રમાં માનનારાઓને એ કહે છે : એ રીતે જીવી શકાતું હોત તો પૃથ્વી પર કોક તો અમર હોત કે નહિ ? અને મંત્રતંત્રથી શત્રુને વશ કરી શકાતો હોત તો રાજાઓ મોટું લશ્કર શા સારુ રાખત ?

ધર્મ અને સમાજની સેવા કરીને દૂરથી આવેલા સંતને ભેટીને તેઓ ખબરઅંતર પૂછતા, હેતથી જમાડતા, સહુની સાથે હોળી રમતા, હિંસક પ્રાણીઓ ને ઘાતકી મનુષ્યોને કરુણાથી જોઈ શાતા અર્પતા, કોઈના છળકપટનો કદાપિ ભોગ ન બનતા, કોઈની નિંદા ન કરતા, પોતે ભગવાન છે કે ભગવાનના માત્ર ઉપાસક (જે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે કે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.) તેનો ઉત્તર પણ પૂછનારની શ્રદ્ધા ઉપર છોડી દેતા, જ્ઞાન અને ભક્તિનો સમન્વય કરી વિશિષ્ટાદ્વૈતનું સમર્થન કરતા સ્વામી સહજાનંદના જીવનકાર્યને હું પશ્ચિમ ભારતનો વિરલ વારસો માનું છું.

મને એમનું એક સ્વરૂપ વારંવાર યાદ આવે છે. એ છે ભક્તને પોતાના ખભે ચડવાનો આદેશ આપતા શ્રીજી. શ્રી પેટલીકરે પણ આ પ્રસંગ નોંધ્યો છે : એક સત્સંગીને ઘેર એમનો મુકામ હતો. રાત્રે વરસાદ પડવા લાગ્યો. છાપરાનું નળિયું ખસી ગયેલું એટલે ઘરમાં પાણી ટપકતું હતું. શ્રીજી મહારાજે પેલા યજમાનને કહ્યું : મારા ખભા ઉપર ઊભા થઇને છાપરે હાથ પહોંચાડ અને નળિયું સરખું કર. યજમાન એમને ભગવાન માનતો હતો, એટલે એણે ના પાડી. શ્રીજીએ કહ્યું : 'તને મારી જીભ પર પગ મૂકતાં વાંધો નથી આવતો અને મારા ખભે પગ મૂકતાં વાંધો આવે છે ?' શ્રીજી જો ભગવાન હતા તો એવા ભગવાન હતા જે ભક્તને પોતાનો ખભો આપીને એની ઊંચાઈ વધારી આપે. □

એક ધરી-બે બાજુ

યૉસેફ મૅકવાન

પવને જોરથી આકાશને પછાડયું હોય એવા ભયંકર અવાજ સાથે વરસાદ તૂટી પડયો. સરલાની આંખો ખૂલી ગઈ. ઓરડો જાણે હવામાં અધ્ધર લટકતો હોય એવો એને ભાસ થયો. બારીમાં ફડફડ થતા પર્દામાંથી જાણે તેને કોઈ બોલાવતું હોય એમ લાગ્યું. તે ઊભી થઈ, બારી પાસે જઇને ઊભી રહી. દૂર...દૂર રસ્તાની બત્તીઓ વચ્ચે લહેરાતાં જતાં વરસાદનાં વૃક્ષો વીંધી એની યે પાછળ દૂર પલળતા અંધકારમાં તેની આંખો ક્યાંક ખૂંપી ગઈ! તેને લાગ્યું કે કોઈ વિચિત્ર જગ્યાએ તે એકલવાયી અથડાઈ રહી છે. સાથે પોતાની છાયા પણ નથી. અનાયાસ તે બારી પાસેથી ઓરડામાં ફરી. ટેબલ પર પડેલો સમય તો એની એકધારી ગતિએ ક્યાંક ચાલ્યો જતો હતો. તેની નજરે નોંધ્યું, હજી તો ચાર થયા છે. નયન તો ભરઊંઘમાં હતો. એકદમ તેને કંઈ થઈ આવ્યું. તેના અસ્તિત્વના ગુંબજમાં પડઘો પડયો... મારો નયન કાલે રાતની ટ્રેનમાં બૅંગલોર જવા નીકળશે...પછી પોતે આ અજાણ્યા સ્થળે...અજાણ્યા નગરમાં એકલી અટૂલી...

ક્યાંક કોઈ કૂતરું રડયું. સરલાએ જોયું તો દૂર એક વૃક્ષ નીચેથી રડતુંરડતું તે રસ્તા પરની બત્તી નીચે આવી ઊભું. વરસાદ...અંધકાર વચ્ચે તેનું રુદન જાણે કે દબાઈ ગયું ! સરલાને એક ઝાટકો વાગ્યો. ડૉક્ટરોની કૉન્ફરન્સમાં નયન જશે...પછી? પછી પોતે દસ દિવસ સુધી આમ—તેને ગઈ કાલની સાંજ સ્પર્શી ગઈ: હૉસ્પિટલથી નયન ઘેર આવ્યો ત્યારે ક્યાંક ખોવાએલો લાગતો હતો. મેં તેની ટાઈ છોડી પણ તેણે રોજની જેમ મારા બન્ને ગાલ ઉપર પોતાના બે હાથ મૂકી ઉષ્મા ન બતાવી. મેં પાણીનો પ્યાલો આપ્યો તો બે ઘૂંટ ભરી મૂકી દીધો. મને પૂછવાનું મન થઈ આવ્યું. પણ હું મૂગી જ રહી. કેમ, એણે જ મને કહેવું જોઇએને ? હું શા માટે પૂછું ?

પણ કંઈક મનોમંથન અનુભવતો હોય એવો ભાવ એની આંખોમાં હતો. કબાટ પાસે રાખેલા સહાધ્યાયીઓના ગ્રૂપ-ફોટોમાં તે પોતાના વિગતને શોધી રહ્યો હતો. બેચાર વાર તેણે એમાં દૃષ્ટિપાત કરેલો. અચાનક એ બોલ્યો હતો : 'સરુ, કેટલા લાંબા ગાળા પછી આમાંના મારા મિત્રો મને બૅંગ્લોરમાં મળશે !' આ સાંભળી હું માત્ર હસી હતી.

બહાર વીજળીનો કડાકો થયો. સરલાએ બારી બહાર જોયું તો તોફાન વધતું હતું. નયન કાલે આ સમયે ક્યાં હશે ? અને હું ? સરલાએ ઝટપટ બારી બંધ કરી દીધી. ઘસઘસાટ ઊંઘતા નયનને એ પલકવાર નીરખી રહી. એને થયું વળગી પડું નયનને ? વેદનાના આ ઓથારને ઠાલવી દઉં એની ઉપર ? પણ એ એમ કરી શકી નહિ. એ ચૂપકાથી પથારીમાં પડી, અને બારીના કાચ પરથી સરકતાં આછાંઆછાં જલબિંદુને જોઈ રહી, એકબીજાંમાં ભળી જતાં ને સરી પડતાં.

સવારે ઊઠીને જોયું—આકાશ કૈંક ચોખ્ખું હતું, છતાં વાદળના ઢગ તો ચોમેર હતા જ. તેનું મન કડડડભૂસ ભાંગી પડયું. એમાં કશુંક સળવળતું હતું. એને ક્યાંક છુપાવું હતું. ઘડીભર વળી સરલાને થયું. મને શું આ પાગલપણું વળગ્યું છે? એકલતાની લાગણીનાં વમળ તેના અસ્તિત્વને અડીઅડી હલબલાવી મૂકતાં હતાં. સવારનો નાસ્તો તૈયાર કરતાં તો તેને કંટાળાની કાંટાળી વાડમાં પોતાના હાથ ભરાઈ પડયા હોય એવું થઈ આવ્યું ! તેને લાગ્યું કે પોતે હમણાં રડી પડશે.

ડોરબેલ વાગ્યો. સરલાએ બારણું ઉઘાડયું અને વાસ્યું. નોકર આવ્યો હતો. સરલા એક પણ અક્ષર બોલ્યા વિના વરંડામાં પડેલા સોફા ઉપર પેપર લઇને બેઠી. પાનાં આમતેમ ઉથલાવી રહી. નયન કદાચ ડોરબેલના અવાજે ઊઠી ગયો હતો. 'ગુડ મૉર્નિંગ' સરલાએ કંઈક ઢીલા અવાજે પ્રત્યુત્તર વાળ્યો. નયન પૂતળાની માફક ઘડીભર બેસી રહ્યો. પછી બોલ્યો : 'તને શું થયું છે, સરુ ?'

સરલાએ છાપામાં આંખો બિછાવી રાખી.

નયને વળી પાછું કહ્યું : 'શી વાત છે ? જરા બોલ તો ખરી? આમ ઉદાસીનું કંઈ કારણ...?'

સરલાએ મૌન પાળ્યું. એક પળ તો થયું, લાવ બધું કહી દઉં, પણ રહી ગઈ. મનમાં એક ભારે ઘુઘવાટ સંભળાયો. અંગેઅંગમાં કશુંક સળવળી ગયું. મોકળે મને રડવાની તીવ્ર ઇચ્છા થઇ આવી, પણ તે કશું જ કરી શકી નહિ. નયન બ્રશ કરવા જતાંજતાં બોલ્યો : 'ઓહ ગૉડ ! વિચિત્ર. વેરી સ્ટ્રેઈન્જ !'

સરલાની આંખો છાપામાં જ મંડાએલી હતી. તેને લાગ્યું કે, છાપાના નાનામોટા કાળા અક્ષરો કીડી-મકોડાની જેમ નજરો વાટે થઈ દેહમાં ઊતરી સારાયે અંગેઅંગમાં ચટકા ભરી રહ્યા છે. છાપામાં તો બધા ગઈ કાલના સમાચારો જ હોય ને ! ગઈ કાલ તેમાં ઊપસી આવી. તેની દૃષ્ટિ સમક્ષ નયનના સાથીઓનો પેલો ગ્રૂપ ફોટો ઊપસી આવ્યો અને આખાયે છાપા પર વિસ્તરી રહ્યો ! એમાંય ડૉ. મિસ મેરીનો મલકાતો ચહેરો હાલતો દેખાયો. બૅંગ્લોરની એ મૅડિકલ કૉલેજ...તેનું ગ્રાઉન્ડ...વૃક્ષઘટા...અને

ડૉ. મિસ મેરીનો ઉલ્લેખ પોતાની વાતોમાં નયન ઉત્સાહભેર કરતો. એની બોલવાની છટા અને તેનો વાતોડિયો સ્વભાવ નયન માટે આકર્ષણ બન્યાં હતાં. એ બધી વાતો અત્યારે અમળાઈ-અમળાઇને સરલાને ભીંસતી હતી. તેણે ઝટપટ છાપું વાળીને મૂકી દીધું. નયન આવ્યો હતો. નોકર ટેબલ પર નાસ્તો મૂકી ગયો. સરલા ચા કાઢતી હતી. નયન છાપાનાં પાનાં પર નજર ફેરવતો હતો. સરલાએ નયનને કપ ધર્યો. એક કપ પોતે પણ લીધો. ચમચીથી ખાંડને ઓગાળતાં રહ્યાં ને બન્ને વચ્ચે મૌનની પળો વણાતી રહી. સરલા વિચારી રહી. નયન હમણાં મારી ઉદાસી વિશે કંઇ કહેશે...અરે, એ કંઈ કહે એ પહેલાં લાવને હું જ કહી દઉં. 'નયન મને એકલીને...' ત્યાં તો નયન હળવેથી બોલ્યો : 'સરુ, આ વખતનું વીજળીનું બિલ બે માસનું ભેગું છે, કમ્પાઉન્ડર આવે એટલે ભરાવી દેજે.' પછી ચાનો ઘૂંટ ભરી ઉમેર્યું, '...અને હાં, વીમાનું પ્રિમિયમ પણ ડ્યૂ થઈ ગયું છે તો એનો ચેક પણ આપી દેજે.'

સરલા તો હવે પોતાનામાં જ ફસડાઈ પડી. પોતે પણ તેની સાથે બૅંગ્લોર આવવા ઇચ્છે છે, એ જણાવી શકી નહિ, એટલે વેદનાના ભાર નીચે ફિક્કું હસી બોલી: 'ઓ. કે., થઈ જશે.'

ચાના કપમાં નયનનો તરડાઈ જતો ચહેરો તે જોઈ રહી. કદાચ, પોતાને પણ નયન સાથે લઈ જશે અને આવો વિયોગ સહેવો નહિ પડે એવું જ સરલાને લાગ્યું હતું. પણ આ તો ઊલટું!

પછી તો એક નિઃસ્તબ્ધ વાતાવરણમાં બંને પોતપોતાના કામમાં પરોવાઈ ગયાં. બપોરે નયને કહ્યું : 'હું દવાખાને એક ચક્કર મારી આવું છું. મારો સામાન ગોઠવી રાખજે.'

નયન ગયો. ઓરડાના એકાંતમાં સરલા ભીંસાવા લાગી. સૌ પ્રથમ તો તેણે નયનની બૅગ તૈયાર કરી. તેના દરેક કપડા પર હાથ પસવારી-પસવારી વ્યવસ્થિત ગોઠવ્યું. પછી બેડિંગ તૈયાર કર્યું, નયનને કઈકઈ ચીજની જરૂર પડશે એ બધું બરાબર યાદ કરીકરીને મૂકયું. લાગ્યું કે બધું ગોઠવાઈ ગયું એટલે જરા આડે પડખે થઈ...ચેન ન પડયું... પાછી ટેબલ પાસેની ખુરશી પર આવી બેઠી. વિચાર્યું: હું કહી દઉં નયનને કે હું પણ તારી સાથે આવું છું,...મને...મને અહીં એકલું

નહિ ગમે, પણ એ ના પાડી દે તો? તો પોતે રોઈ જ પડે...અને પછી નયનનું મન પણ...

બારીના ફડફડતા પડદાને એ શૂન્યમનસ્ક નેત્રે તાકી રહી. એવો જ ફફડાટ તેની ભીતરમાં પણ ચાલતો હતો. આ નગરમાં આવ્યાને હજી બે જ માસ થયા હતા. નયન જાણે છે કે હું કોઈની સાથે કદી જલદી ભળતી નથી. પાર્ટીઓમાં એણે આ કેટલીયે વાર અનુભવ્યું છે. સાથે જવાનું કહું તો શું કહેશે? 'ના' સહેવાની મારી તો તૈયારી નથી. એ હિંમતના બે ચાર શબ્દો કહે...બધું જ શક્ય...પણ

ડોરબેલ વાગ્યો. તેણે બારણું ઉઘાડયું ને નયન અંદર આવ્યો. સરલાએ જાણે હસવા ખાતર હસી તેની ટાઈ છોડી. નયનનું મોં ભારે લાગતું હતું. કંઈ પણ બોલ્યા વિના કપડાં બદલી એ હાથમોં ધોવા ગયો. સરલાએ જમવાનું પીરસ્યું. મૂગે મોંએ જ બંને જમવા લાગ્યાં. સરલાને અત્યારે પોતાની ભીતર અમળાતી વાત કહી દેવાની તીવ્ર ઇચ્છા થઈ. પણ પછી વિચાર્યું, એ પૂછે તો કહી દેવું, પણ પૂછે જ નહિ તો મારે શી પડી છે? છોને એકલો જાય. પણ પાછું થયું-ના, ના કહી જ દેવા દેને. ત્યાં તો નયને કહ્યું, 'સરુ, પેલો ચેક ભરાવી દેવાનું ભૂલતી નહિ.'

જમ્યા પછી નયન સિગારેટ ચેતાવી આરામ ચેરમાં ગોઠવાયો. સામે સરલા બેઠી. મોના-લીસાના ચહેરા પરના ભાવો જેમ નયન તેના ભાવ પણ પકડી શકતો ન હતો. થોડી વારે ઍશટ્રેમાં સિગારેટ બુઝાવતાં નયને કહ્યું, 'સરુ, જરા આરામ કરી લઉં. ત્રણેક વાગે મને જગાડજે!'

સરલાની નજર બારીમાં જડાઈ. વાદળોની લકીરો બારી સાથે ભળીને પેલા ગ્રૂપ-ફોટો જેવી જ આકૃતિ સરજતી હતી. બધા આકારો એકબીજાની નિકટ સરતા હતા – ફરતા હતા, એકબીજામાં ભળતા હતા. ક્યાંક વીજળીનો કડાકો થયો. સરલાને આંચકો લાગ્યો. તે ત્યાંથી હટી ગઈ. પથારીમાં આડી પડી. નયન ઊંઘતો હતો, પછી કંઈ ખયાલ આવતાં ફરી ઊઠી. રસોડામાં ગઈ. પાણી પીધું. વળી પાછી વરંડામાં આવી ઊભી રહી. મનમાં થયું ઊંઘતા નયનને હચમચાવી નાખું ને કહી દઉં મને એકલી મૂકીને નથી જવાનું...પણ વળી પાછું, મારે શા માટે કહેવું? એ ખયાલે પાછી પડી.

નયન ઊઠયો ત્યારે લગભગ ચારેક વાગ્યા હતા. સરલા ગૂંગળાતી હતી...નયન ધૂંધવાયો ને સ્વગત બબડયો: 'શું થયું છે આ સ્ત્રીને? કંઈ કહેતી હોય તોય...હશે!' કહી તે કૉન્ફરન્સને લગતા કેટલાક કાગળો ગોઠવવામાં પડયો. કંઈક મૅડિકલ મૅગેઝિનો ઉથલાવ્યાં. કંઈક ટપકાવી લીધું...કોઈ કટિંગ કાપીને સાચવીને ફાઈલમાં મૂકયું. સમય ખાસ્સો થયો. નયનને સાંજની ગાડીમાં જવાનો સમય જેમજેમ પાસે આવતો ગયો તેમતેમ સરલાનો ઉચાટ વધતો ગયો. બંને સાથે જમ્યાં. નયન એક સિગારેટ પૂરી કરવા સુધી શાંતિથી બેઠો. પછી તૈયાર થવા લાગ્યો. બધું યાદ કરી જોયું. કંઈ ભુલાતું નથી ને? નયને તૈયાર કરેલી ફાઈલ સરલાએ બૅગમાં ગોઠવી. પછી બોલી: 'બધું આવી ગયું. કંઈ રહેતું નથી.' આટલું બોલતાં તો તે ભાવાવેશમાં આવી ગઈ. તેનું મન પોકારી ઊઠયું; તું પોતે જ તો બાકી રહી ગઈ છે ને! પણ સરલા-એ તરત પોતાની જાતને સંભાળી લીધી.

નયને ઓરડામાં ચક્કર માર્યું. કંઈ રહેતું નથી ને? કબાટ ખોલી ચોપડીઓ પર નજર નાખી, કંઈ કામની હોય તો. પાછો પેલા ગ્રૂપ-ફોટો પાસે આવ્યો. સરલાની નજર ફાઉન્ટન-પેન પર પડી. 'અરે શાહી ભરીને આ મૂકવી જ રહી ગઈ.' કહી પેનમાં શાહી ભરીને બૅગ ખોલી તેમાં સંભાળપૂર્વક મૂકી. નયન સરલાને ટીકી રહ્યો હતો. તેણે સિગારેટ પેટાવી. ઘડિયાળમાં જોયું નીકળવાને હજી કલાક બાકી હતો...તે બહાર વરંડામાં આવ્યો. વાદળોથી ઘેરાએલા આકાશ તરફ જોયું...ઓરડામાં પાછો વળ્યો ને સિગારેટનો ઊંડો દમ ખેંચતાં કહ્યું, 'સરુ, તારા વિના મને ત્યાં આળુંઆળું લાગશે. મને અંદરથી થઈ આવે છે કે કંઈક ખૂટે છે. તું પણ મારી સાથે આવે તો કેમ?'

બહાર વાદળો એકાકાર થઈ વરસતાં હતાં. આભધરા વચ્ચે હવે કોઈ ભેદરેખા રહી નહોતી. □


અનુસંધાન] **ઓતેમોં ગાકુ** [પૃષ્ઠ ૯૭થી

સાયમાં છૂટથી કામ કરતી જોવા તો મળે જ, પણ પહેરવેશમાં એમણે પોતાનું પૌર્વાત્ય ગૌરવ બરાબર જાળવી રાખ્યું છે. હા, બુલેટ ટ્રેનની ઝડપે પ્રગતિ કરતા દેશમાં જૂના સમયનો 'કિમોનો' આજે તો સામાન્ય રીતે એ પહેરતી નથી, (જો કે લગ્નપ્રસંગે તો પહેરે જ.) પણ મિનીસ્કર્ટ, ચુસ્ત શર્ટ-પાટલૂન અહીં દેખાતાં નથી. બધે જ ગોઠણ સુધી પહોંચે તેવાં લાંબાં સ્કર્ટ સામાન્ય છે. જાપાનનાં શહેર કે ગામમાં યુનિવર્સિટી કે કારખાનામાં, ઑફિસ કે પેઢીમાં, સઘળે તેઓ સઢંગા પોશાકમાં જ કામ કરતી દેખાય છે. આપણને લાગે કે કોઈ પણ સંસ્કૃતિને જાળવી રાખવામાં આપણા પૌર્વાત્ય દેશોમાં બહેનોનો કેટલો મોટો ફાળો છે! □

પ્રદેશે જયવિજયના-૧૭

વૉર મેમોરીઅલ ટંકશાળ અને ઇન્સ્ટિટયુટ ઑાવ ઍનેટૉમી

લેખક
પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ



વૉર મેમૉરીઅલ-કૅન્બેરા ▷

ઑસ્ટ્રેલિયા ધરતીના એક છેડે, અન્ય ખંડોથી અલગ એક વિશાળ ટાપુ, અને સ્વતંત્ર રાષ્ટ્ર છે. બીજા દેશો સાથે યુદ્ધમાં ઊતરવું પડે એવી કોઈ અનિવાર્યતા તેના માટે તો ઓછામાં ઓછી. પરંતુ ભૂતકાળમાં એ બ્રિટિશ સામ્રાજ્યનું અંગ હતું એટલે બ્રિટનને કારણે પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં ઑસ્ટ્રેલિયાને પણ જોડાવું પડયું હતું. જો કે ઑસ્ટ્રેલિયાની ધરતી ઉપર યુદ્ધો ઓછાં થયાં છે, પરંતુ ઑસ્ટ્રેલિયન સૈનિકોએ બીજા જે જે દેશોમાં જઇને જે યુદ્ધોમાં ભાગ લીધો તેને લગતી પુષ્કળ માહિતી અને સામગ્રી એકઠી કરીને ઑસ્ટ્રેલિયાના પાટનગર કૅન્બેરાના 'વૉર મેમૉરીઅલ મ્યૂઝિયમ'માં સંઘરવામાં આવી છે. યુદ્ધોમાં માર્યા ગયેલા બધા જ ઑસ્ટ્રેલિયન સૈનિકોની સંપૂર્ણ નામાવલિ પણ ત્યાં છે.

સંગ્રહાલયના વિસ્તારમાં દાખલ થતાં, બહાર એક મોટી સબમરીન જોવા મળે છે. બીજા વિશ્વયુદ્ધ વખતે ઑસ્ટ્રેલિયાએ જાપાનની આ સબમરીન પકડી હતી. આ સબમરીન ચલાવનાર એક બહાદુર જાપાની સૈનિક સબમરીન પકડાતાં મૃત્યુ પામ્યો હતો. જ્યારે આ સંગ્રહાલય તૈયાર કરવામાં આવ્યું ત્યારે ઑસ્ટ્રેલિયાની સરકારે મૃત્યુ પામેલા એ જાપાની સૈનિકની વૃદ્ધ માતાને સબમરીન જોવા માટે પોતાના ખર્ચે ઑસ્ટ્રેલિયા બોલાવી હતી. ત્યારે આ સબમરીન જોઇને એ વૃદ્ધાને પુત્રવિયોગનું દુઃખ તો થયું જ, પણ સાથોસાથ તેની વીરતા માટે એ ગર્વ પણ અનુભવતી હતી.

આ સંગ્રહાલયમાં રાયફલો, પિસ્તોલો, તોપગોળા, બૉંબરવિમાનો, ટૉર્પિડો, સૈનિકોના ગણવેષ, સૈનિકોની દૈનિક નોંધપોથીઓ, એમનાં ઓળખપત્રો, વપરાએલાં અને નહિ વપરાએલાં કારતૂસો, સંદેશાના કાગળો, વૉટર-બૉટલ, કાંટાની વાડ, સાઈનબોર્ડ વગેરે, યુદ્ધ સાથે સંકળાએલી અનેકવિધ નાનીમોટી સામગ્રી આ સંગ્રહાલયમાં સાચવવામાં આવી છે. યુરોપ, આફ્રિકા, કોરિયા, વિયેટનામ વગેરેના ભિન્નભિન્ન મોરચે થએલાં યુદ્ધોના ભિન્નભિન્ન પ્રસંગોનાં પુષ્કળ રંગીન ચિત્રો અહીં મૂકવામાં આવ્યાં છે. સાથેસાથે ઉનાળો, શિયાળો અને ચોમાસુ—એ ત્રણે ઋતુમાં ગીચ ઝાડીમાં, સૂકા રણપ્રદેશમાં, ડુંગરાળ પ્રદેશમાં કે કાદવકીચડમાં થએલાં યુદ્ધોનાં દૃશ્યોને અહીં કાચનાં કબાટોમાં નાના પરિમાણમાં જે રીતે ખડાં કર્યાં છે તે આબેહૂબ અને આકર્ષક લાગે છે. ચોકસાઈપૂર્વક એકત્ર કરેલી ઝીણીઝીણી પુષ્કળ વિગતો સાથે તદ્દન, વાસ્તવિક લાગે તેવાં યુદ્ધદૃશ્યોનું તેમાં તાદૃશ નિરૂપણ કર્યું છે. આવા પ્રકારનું આ એક ઉત્તમ સંગ્રહસ્થાન છે.

ઑસ્ટ્રેલિયાની ટંકશાળ

કૅન્બેરાનાં જોવાલાયક સ્થળોમાં ત્યાંની 'રૉયલ ઑસ્ટ્રેલિયન મિન્ટ' -ટંકશાળ પણ છે. મુંબઈની ટંકશાળના પ્રમાણમાં આ ઘણી નાની લાગે, પણ ઑસ્ટ્રેલિયાને પોતાની દોઢ કરોડની વસ્તી માટે મોટી ટંકશાળની જરૂર પણ નથી. ન્યૂઝીલૅન્ડ અને ફિજીના ચલણી સિક્કા પણ આ ટંકશાળમાં બનાવી આપે છે.

આ ટંકશાળ જોવા માટે ઘણી સુંદર વ્યવસ્થા કરેલી છે. મુંબઈમાં ટંકશાળ જોવી હોય તો પ્રથમ તો જલ્દી પરવાનગી જ મળે નહિ, અને મળે ત્યારે યે જોવા જનાર દરેકનાં ખિસ્સાં તપાસાય. વળી, ટંકશાળમાં કોઈ પણ સ્થળે વધુ સમય ઊભવા પણ ન દે. જ્યારે અહીં ટંકશાળમાં ઉપરના માળે ઑબ્ઝર્વેશન ગૅલેરી બનાવી છે તેમાં ભમતાં-ભમતાં તેની કાચ મઢેલી દીવાલમાંથી નીચે દરેક વિભાગમાં શું બની રહ્યું છે તે સારી રીતે જોઈ શકાય છે. અહીંના નવ જુદાજુદા વિભાગોમાં તાંબુ ને નિકલ વગેરે ધાતુઓ ઉકાળવા માટેની ભઠ્ઠીઓ, સિક્કા છાપવા માટે વિધવિધ અડી (ડાઇ) બનાવવાનાં યંત્રો, પતરાંમાંથી સિક્કાના આકારના ટુકડા કાપવાની કામગીરી, ને તેના પર છાપ મારીને સિક્કાઓ બનાવવા તથા સારા અને ક્ષતિવાળા સિક્કાઓની તારવણી, સિક્કાઓના વજનની ગણતરી, અને છેલ્લે તૈયાર સિક્કાઓનાં પૅકેટ બાંધવા સુધીની વિધવિધ કામગીરી, વહેંચાએલી છે. આમાંના કોઈ પણ સ્થળે ચાલતું કામ ઇચ્છો ત્યાં સુધી રોકાઇને જોઈ શકો છો. કોઈ વિભાગ ફરીથી જોવો હોય તો તે પણ ફરી ત્યાં જઇને જોઈ શકાય છે. ટંકશાળના અંદરના ભાગમાં પ્રવેશ કર્યા વગર કે કારીગરોના કામમાં ખલેલ પાડયા વગર કાચની બારીઓમાંથી જોવાની સગવડ હોવાને કારણે અહીં કોઇનાં ખિસ્સાં તપાસવાની જરૂર પડતી નથી, રોજ હજારો પ્રેક્ષકો છૂટથી આ ટંકશાળ જોઈ શકે છે અને સાથેસાથે તે માટેની પ્રવેશ-ફીમાંથી ટંકશાળ કમાણી પણ કરે છે.

ચલણી સિક્કા ઉપરાંત સોનાચાંદીના ચંદ્રકો તથા ખાસ પ્રસંગો માટેના સ્મૃતિસિક્કા પણ અહીં બનાવવામાં આવે છે. ટંકશાળના વેચાણ-વિભાગમાંથી વપરાયા વગરના નવાનકોર સિક્કાઓનો સુવનીર સેટ પણ ખરીદી શકાય છે. સિક્કાઓના સંગ્રહનો પણ એક વિભાગ છે.ત્યાં આ ટંકશાળમાં શરૂઆતથી તે આજ સુધીમાં પાડવામાં આવેલા એકેએક પ્રકારના સિક્કાઓનો સંગ્રહ જોવા મળે છે. તદુપરાંત ઇંગ્લૅન્ડ અને યુરોપના શોધસફરીઓ તથા ઑસ્ટ્રેલિયાની શોધ ને વસવાટના આરંભકાળમાં વહાણવટીઓ વગેરે પોતાની સાથે જે વિધવિધ

શતરંજના કોયડાની સ્પર્ધાનું પરિણામ

ગયા વર્ષે ૧૯૮૦ના જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન શતરંજની જે સ્પર્ધા યોજી હતી તેમાં વિવિધ પ્રકારના ૧૨ કોયડા આપ્યા હતા. તેમાં રસ લઈને કુલ ૫૦ જેટલા વાચકોએ એક કે વધુ કોયડાના ઉકેલ મોકલ્યા હતા. આ અગાઉની આવી સ્પર્ધામાં કુલ ૫૬ વાચકોએ ભાગ લીધો હતો તેના કરતાં આ વખતે ઉકેલ ઓછા આવ્યા ગણાય.

બારેબાર કોયડાના ઉકેલ મોકલીને કુલ ૧૨૦ ગુણમાંથી ૧૦૨ ગુણ મેળવીને વડપંચાસરાના ધીરુભા ગોહિલ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક મેળવે છે. શારદાગ્રામના એ. એલ. ઝાલાવાડિયા અને સિદ્ધપુરના હરેશચંદ્ર એસ. દવે અનુક્રમે ૭૧ અને ૬૭ ગુણ મેળવી બીજું અને ત્રીજું પારિતોષિક મેળવે છે. આ ત્રણેયને હાર્દિક અભિનંદન.

આ ૫૦ જેટલા વાચકોમાંથી નીચેના ૩૦ વાચકોએ એક યા વધુ કોયડામાં જે ગુણ મેળવ્યા છે તેની વિગત આ પ્રમાણે છે:

૧) ધીરુભા ભીખુભા ગોહિલ. વડપંચાસરા — ૧૦૨ ગુણ
૨) એ. એસ. ઝાલાવાડિયા; શારદાગ્રામ — ૭૧ ગુણ
૩) હરેશચંદ્ર એસ. દવે, સિદ્ધપુર — ૬૭ ગુણ
૪) લક્ષ્મણભાઈ હરિભાઈ કુરેસિની, અમદાવાદ — ૫૪ ગુણ
૫) જયંતીલાલ પંડયા, સાવરકુંડલા — ૩૭॥ ગુણ
૬) દીપકકુમાર જોશી, જામનગર — ૨૮ ગુણ
૭) અશોક દવે, કેશોદ — ૨૦ ગુણ
૮) દિલીપ રાવળ, સિંહુજ — ૧૭ ગુણ
૯) હર્ષદ દવે, રાજકોટ — ૧૭ ગુણ
૧૦) વિજય શાહ, કલકત્તા — ૧૧ ગુણ
૧૧) જે. જી. ઝવેરી, મુંબઈ — ૧૦ ગુણ
૧૨) આર. એમ. પારેખ, ઉધના — ૧૦ ગુણ
૧૩થી ૧૫) ગિરીશ વરિયા, વડોદરા; પ્રદીપ પંડ્યા નડિયાદ અને અરવિંદ બોધરા, જસદણ — ૮ ગુણ
૧૬)થી ૨૦) દીપકકુમાર પટેલ અને રાજેન્દ્ર શાહ, અમદાવાદ; નીતીન દવે, સૂરત; કુંજ ઝવેરી, કસબાવાર અને કિશોર દવે, ભાવનગર — ૭ ગુણ
૨૧) વિ. એસ. પંચાલ, અંબરનાથ — ૬ ગુણ
૨૨-૨૩) પંકજતલાટી, નડિ. અને કિરણશાહ, ભાદરણ — ૫ ગુણ
૨૪થી ૨૬) અશોક શુક્લ અને અરવિંદ લોડાયા, રાજકોટ તથા કે. એમ. મુલિયા, ધ્રાંગધ્રા — ૪ ગુણ
૨૭ અને ૨૮) શ્રીમતી લવંગિકા ત્રિવેદી, મુંબઈ અને મનોજ કોઠારી, ગાંધીનગર — ૩ ગુણ
૨૯ અને ૩૦) જયસુખરૂદ્દીન નવસારી અને અમીર વિરાણી, રાજકોટ — ૨ ગુણ

અમુક વાચકોએ બહુ જ થોડા કોયડાના ઉકેલ મોકલ્યા છે. તેઓ વધુ કોયડાના ઉકેલ મોકલી શક્યા હોત તો વધુ ગુણ મેળવીને પ્રથમ બે ત્રણ સ્થાન માટેની સ્પર્ધા વધુ રસપ્રદ બનાવી હોત. (દા. ત. અશોક દવેએ બે જ કોયડાના ઉત્તર મોકલી ૨૦માંથી ૨૦ ગુણ અને દીપકકુમાર જોશીએ ચાર જ કોયડામાંથી ૨૮ ગુણ મેળવ્યા છે.)

બે ચાલના કોયડા અને રમતમાંની પરિસ્થિતિના ઉકેલ સૌથી વધુ આવ્યા છે. **Fairy** કોયડાના ઉકેલ સ.થી ઓછા આવ્યા છે. અંતની પરિસ્થિતિને લગતા રચેલા કોયડામાંથી એક વાચકોને મુશ્કેલ લાગ્યો હતો અને તેનો પૂરો ખરો ઉકેલ કોઈને મળ્યો ન હતો. તે સિવાય દરેક કોયડાના સંપૂર્ણ રીતે ખરા ઉકેલ કોઈ ને કોઈ વાચકે મોકલેલા.

આ હકીકતને બે રીતે જોઈ શકાય. એક તો એ કે બે ચાલના કોયડા અને રમતની પરિસ્થિતિમાં વાચકોને વધુ રસ છે અને તેથી હવે પછીની માલિકામાં તેનો જ સમાવેશ કરવો. બીજી રીતે જોતાં એમ પણ વિચારી શકાય કે **Fairy** કોયડા પર વાચકોનો હાથ જામ્યો નથી તેથી હવે પછીની માલિકામાં **Fairy** કોયડા આપવા જેથી વાચકોને તેમાં પણ પ્રવીણતા મેળવવાની તક મળે. આ બાબતમાં વાચકોનું મંતવ્ય જાણવાની અમને ઉત્સુકતા રહેશે. તે મળતાં સુધીમાં બે ત્રણ અંકમાં બે ચાલના કોયડા આપણે જોઇશું. વાચકો પોતાનો અભિપ્રાય નીચેના સરનામે મોકલશે તો વધુ અનુકૂળતા રહેશે.

Suresh M. Mody, H-6, Saraswati Society,
Govandi Road, Chembur, Bombay-400 071

—સુરેશ મોદી

કાળ અને દેશના ચલણી સિક્કાઓ પોતાની સાથે લેતા આવેલા તેમાંથી મળી શક્યા તે બધા સિક્કાઓ પણ આ સંગ્રહસ્થાનમાં રાખ્યા છે. ઑસ્ટ્રેલિયાને કિનારે એક વહાણ ડૂબી ગએલું. વર્ષો પછી તેના કાટમાળમાંથી મળી આવેલા ચાંદીના સિક્કાઓ પણ અહીં છે. એમાંના કેટલાક સિક્કાઓ તો દરિયાની ખારાશથી ખવાઈ ગએલા અને કેટલાક પથ્થરો સાથે સજ્જડ ચોંટી ગએલા એવા પણ છે.

ટંકશાળ જોઈ અમે બસમાં બેઠા. ત્યારે અમારા ડ્રાઈવર-ગાઇડે પૂછ્યું. 'અહીં જે સુવનીર સિક્કા મળે છે તે તમે કોઈએ લીધા? તેની શી કિંમત આપી?' ઘણાએ એ ખરીદેલા. કોઇકે જવાબ આપ્યો કે, 'એક ડૉલર અને એંશી સેન્ટ આપ્યા'. જો કે એ રકમ સિક્કાઓની કિંમત કરતાં થોડી વધારે હતી, પરંતુ નવાનકોર સિક્કાઓને ખાસ બનાવેલા મખમલ મઢ્યા બૉક્સમાં મેળવવા માટે એ વાજબી હતી.

ડ્રાઈવરે કહ્યું, 'અહીં ટંકશાળમાં વર્ષમાં એક દિવસ એવા સુવનીર સિક્કાઓ મફત આપવામાં આવે છે. જો કે એ માટે તમારે બરાબર તે દિવસે જ અહીં આવવું પડે અને સવારથી લાઇનમાં ઊભા રહેવું પડે. એટલા માટે જ તમને કૅન્બેરા આવવાનું પોસાય નહિ, પરંતુ તમે જો કૅન્બેરામાં હો તો તેનો જરૂર લાભ લઈ શકો.'

સરકારી ટંકશાળ તરફથી, કોઈ દેશમાં ચલણી સિક્કા આમ ભેટ અપાતા હોય એવી વાત પહેલી વાર સાંભળી. બધાંએ ઉત્સુકતાપૂર્વક પૂછ્યું, 'કયા દિવસે?' પૂર્ણ ગાંભીર્યથી ડ્રાઈવરે કહ્યું, 'ફેબ્રુઆરીની એકત્રીસમી તારીખે'.

ઇન્સ્ટિટ્યુટ ઑવ ઍનેટૉમી

અમે એક બીજી સંસ્થા પણ જોઈ. નામ છે 'ઇન્સ્ટિટ્યુટ ઑવ ઍનેટૉમી'. અહીં માનવશરીરના એકેએક અવયવ વિષે પુષ્કળ માહિતી આપતું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. દરેક અવયવ માટે અલગ વિભાગ છે. દા. ત. દાંતના વિભાગમાં બાળકના અને મોટેરાંઓના દાંત, દાંતની રચના, તેની ખરાબી, જુદાજુદા સ્નાયુઓ, જ્ઞાનતંતુ વગેરે સાથે તેનો સંબંધ, દાંતના રોગો, તેની સારવાર ને તે માટેનાં સાધનો, દાંતનું ચોકઠું બનાવવાની પદ્ધતિ, તેનો ઇતિહાસ, વગેરે વિષે ચિત્રો, ફોટો, આલેખો દ્વારા પુષ્કળ માહિતી આપી છે. એવી જ રીતે આંખ, કાન, જીભ, હાથ, આંગળીઓ, હૃદય, ફેફસાં, મગજ વગેરે તમામ અંગ-ઉપાંગોના અલગઅલગ વિભાગો છે. અને તેમાં નાનાં બાળકોને સમજાય તેવી પ્રાથમિક સમજણથી માંડીને વિશેષજ્ઞો માટેની પારિભાષિક માહિતી સુધીનું જ્ઞાન અહીં સુલભ બનાવ્યું છે.

સર્બિઅન ચર્ચ

કૅન્બેરાનું એકમાત્ર દેવળ 'સર્બિઅન ચર્ચ' (Serbianchurch) પણ જોયું. 'ઑલ સેઈન્ટ્સ ચર્ચ' તરીકે પણ એ ઓળખાય છે. અહીંની વિશિષ્ટતા એ છે કે આ દેવળની ભીંત તથા છત પરનાં તમામ ચિત્રો કૅન્બેરાના એક એક્યાસી વર્ષના જૈફ ચિત્રકારે કોઈની પણ મદદ લીધા વિના એકલે હાથે ચીતર્યાં છે. અમે ગયા ત્યારે યે એનું કામ ચાલુ હતું.

તારાઓનું અક્ષભ્રમણ અને ગ્રહજીવન

છોટુભાઈ સુથાર

'**પૃથ્વી** સિવાય બીજે ક્યાંય જીવનસૃષ્ટિ છે?' કેટલાક સનાતન પ્રશ્નો પૈકીનો તે એક પ્રશ્ન છે.

જીવનસૃષ્ટિની સંભાવના અર્થે આપણે એ સ્વીકારીને ચાલીએ છીએ કે તેનું અસ્તિત્વ ગરમ તારાઓ પર નહિ, પણ ઠંડા ગ્રહો પર શક્ય છે. પૃથ્વી જળગ્રહ છે અને તેની જીવનસૃષ્ટિ કાર્બન આધારિત છે. આ કારણે, જાણ્યે-અજાણ્યે, આપણે, તારાઓના ગ્રહો પર પાણી અને કાર્બન જેવાં તત્ત્વો વિપુલ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે કે કેમ તેની વાત પ્રથમ વિચારીએ છીએ. વળી તે સાથે પૃથ્વી પર જે જીવન પાંગર્યું છે એનાં કેટલાંક લક્ષણોને પણ ધ્યાનમાં લઈ જીવનસૃષ્ટિના ઉદ્‌ગમ તેમ જ વિકાસની ચર્ચા કરીએ છીએ. પરિણામે જે તારાઓને પૃથ્વી જેવા ગ્રહ ન હોય તેમની વાત ઉપેક્ષાયુક્ત બની જાય છે.

સૂર્ય સિવાયના બીજા કોઈ તારાના ગ્રહોને દૂરબીન વડે જોઈ શકાયા નથી, આનો અર્થ એ નથી કે તારાઓને ગ્રહો જ નથી. અનેક તારાઓને ગ્રહો હોઈ શકે છે: પણ એમને શોધી કાઢવાનું કામ ખૂબ કપરું છે. તારાઓના હિસાબે ગ્રહો નાના અને ઠંડા જ્યોતિ હોવાના, અને તે કારણે તેમનું તેજ તારાઓના તેજમાં ડૂબી જવાનું: આમ પ્રકાશની સાક્ષીએ ગ્રહોને તારાઓથી અલગ વરતવા મુશ્કેલ છે.

એક પદ્ધતિ કામ ન આપે ત્યાં વિજ્ઞાનીઓ બીજી પદ્ધતિઓ યોજતા હોય છે. તારાઓને ગ્રહો છે કે કેમ તે જાણવા માટેની એક પદ્ધતિ તારાના અક્ષભ્રમણને લગતી છે. સ્મિથ નામના ખગોળશાસ્ત્રીએ સૂર્યના અક્ષભ્રમણનો આધાર લઈ એ પદ્ધતિ વિકસાવી છે, આ માટે એણે રેટિકોન (Reticon) નામનું વર્ણપટનું ઉચ્ચ પ્રકારે વિભેદન કરનારું અભિજ્ઞાપક (Detector) બનાવ્યું અને તે દ્વારા શોધનું કામ આદર્યું. સ્મિથે આ સાધન દ્વારા જે તારાઓનો અભ્યાસ કર્યો તેમની કુલ સંખ્યા ૧૭ જેટલી છે. સત્તર તારા પૈકીનો એક તારો વયના હિસાબે સૂર્ય કરતાં વધુ આધેડ વયનો છે, બાકીના બીજા ઉમરની રીતે તેમ જ સપાટીનાં ઉષ્ણતામાનની દૃષ્ટિએ સૂર્ય જેવા તારા છે. એમનાં ધરીભ્રમણનો અભ્યાસ કરતાં જણાયું કે તે બધાના અક્ષભ્રમણ-વેગ સૂર્યના અક્ષભ્રમણ-વેગ કરતાં ઘણા વધારે છે: તેઓ સૂર્ય કરતાં લગભગ અઢી ગણા વેગથી ધરીભ્રમણ કરે છે.

તારાના જન્મ સમયે તે ધરી પર ઘૂમતો ઉદ્‌ભવે છે. કોઈ તારો એની મૂળની સ્થિતિમાં ચમકતો જ્યોતિ હોતો નથી. આદિ તારો પોતાની ધરી પર ચકરાવા લેતા વાયુનો જથ્થો હોય છે, એનો ભ્રમણ વેગ ધીરેધીરે વધતો જતો હોય છે. બાદમાં એક સમયે નિસ્તેજ આદિ તારો પોતામાંથી તેજ પ્રકટાવે છે અને એ સ્થિતિએ પહોંચી તે ચમકતો તારો બને છે. અલબત્ત, આદિતારાના હિસાબે તેજસ્વી બનેલા તારાનું અક્ષભ્રમણ વધુ વેગવાળું હોય છે. તેજસ્વી સ્વરૂપ પામેલો તારો જ પ્રકાશ, ગરમી વગેરેનું વિકિરણ કરે છે.

સ્મિથ દ્વારા નિરીક્ષિત ૧૬ તારાઓના હિસાબે સૂર્યનો અક્ષભ્રમણ-વેગ મંદ હોવાનું કારણ સૂર્યના ગ્રહો છે. સૂર્યનો જન્મકાળ સમયનો વેગ ગ્રહોની ઉપસ્થિતિથી મંદ પડ્યો છે. ખગોળની ભાષામાં કહીએ તો એમ કહેવાય કે સૂર્યનું મોટા ભાગનું કોણીય વેગમાન (=દળ × વેગ) સૂર્યમાં નહિ પણ ગ્રહોમાં અવસ્થિત છે. સૂર્યને ગ્રહો ન હોત તો તે આજના કરતાં વધુ ઝડપથી ધરીભ્રમણ કરતો હોત.

સ્મિથનું મંતવ્ય છે કે વેગીલા ભ્રમણવાળા તારાઓને ગ્રહો હોવાની સંભાવના ઓછી છે. અને કદાચ એવા કોઈ તારાને ગ્રહો હોય તો તે ગ્રહો પૈકી ભાગ્યે જ કોઈ ગ્રહ ગુરુ જેવડો મોટો હોવાનો. મોટે ભાગે એવા ગ્રહોની ખોટ જ વરતાવાની. વધુ અક્ષભ્રમણ વેગવાળા તારાને કદાચ નાના ગ્રહો હોય અને તેમને પૃથ્વીની પેઠે જીવસૃષ્ટિક્ષમ હોવાનું માની લઈએ તો એ વાત સામાન્ય રૂપે અશક્ય જેવી લેખાશે. વેગથી ધરીભ્રમણ કરનારા તારાઓનું ચુંબકીય ક્ષેત્ર ઘણું પ્રબળ હોવાનું; વળી તેમની રંગાવરણીય (chromospheric) સક્રિયતા પણ વધુ કાર્યશીલ હોવાની. અવકાશમાં આવેલા તારાઓ પૈકી આપણી સૌથી નજદીકનો તારો 'જય' છે. એની ઉમર યા ઉત્ક્રાન્તિના પ્રમાણમાં એની રંગાવરણીય સક્રિયતા વધુ પ્રમાણવાળી છે. એની આ સક્રિયતા એના ગ્રહની ઉત્ક્રાન્તિની આડે આવવાની: મતલબ કે 'જય' તારાને ગ્રહ હોય અને તે ગ્રહ પર જીવસૃષ્ટિની શરૂઆત થવાની કલ્પના કરી લઈએ તો પણ એક વાત નિશ્ચિતરૂપે કહી શકાશે કે તારાની સક્રિયતાને કારણે તે ઉત્ક્રાન્ત નહિ થઈ શકે.

તારો જેમ વધુ સક્રિય તેમ તે ઉચ્ચ માત્રાવાળું વધુ વિકિરણ ઉત્પન્ન કરવાનો. આ વિકિરણ તેના સીધા સંસર્ગમાં આવનારા જીવનને ઘાતક નીવડવાનું. આ કારણે તારાને મોટો ગ્રહ હોય તોપણ તેના પર જીવન ઉદ્‌ભવી કે વિકસી નહિ શકવાનું. વિકિરણ દ્વારા ઉત્પન્ન પ્રબળ ઉત્પરિવર્તન (mutation) ગ્રહ પરની કોઈ પણ પ્રકારની જીવસૃષ્ટિને વિકસવા નહિ દે.

એથી ઊલટી વાત સામાન્ય ઉત્પરિવર્તનની છે. તે સંહારક હોવાને બદલે જૈવિક ઉત્ક્રાન્તિને અનુમોદન આપનારું છે. પૃથ્વી પર જીવસૃષ્ટિને વિકસવાની જે તક મળી છે તે માટેના કારણભૂત ઉત્પરિવર્તનના હિસાબે વેગવાન તારાનું મંદ પ્રકારનું ઉત્પરિવર્તન તે તારાના ગ્રહને તદ્દન જુદા પ્રકારના ગુણધર્મની રીતે તક આપે એમ બનવું પણ સંભવિત છે. આ કારણે કોઈ તારાને ગ્રહ છે કે કેમ તે જાણવા તેમ જ તે ગ્રહ પર જીવનનો સંચાર છે કે કેમ તે સમજવા તારાના પ્રબળ ચુંબકીય ક્ષેત્રનો તેમ જ તેની રંગાવરણીય સક્રિયતા દ્વારા ઉત્પન્ન થતા ઉત્પરિવર્તનનો અંદાજ મેળવવો આજના ખગોલીય અભ્યાસનું આવશ્યક લક્ષ્ય બને છે. □

રોજ સવારે નિયમિત એ પોતાના કામે લાગી જાય છે. ખ્રિસ્તી સંતોના જીવનપ્રસંગોનાં સુંદર વિશાળ ચિત્રો તેણે કર્યાં છે. તેમાં યે ખાસ કરીને જેમના જીવનનો કરુણ અંત આવ્યો હોય, જેમને ફાંસીની સજા દેવામાં આવી હોય અથવા જેમનું ખૂન થયું હોય તેવા, સેન્ટ પીટર, સેન્ટ સ્ટીફન વગેરે જેવા સંતોનાં ચિત્રો તેણે વિશેષ કર્યાં છે. આવી જૈફ ઉમરે એક ચિત્રકાર કશીય આર્થિક અપેક્ષા વિના કેવળ આસ્થા અને પ્રેમથી પ્રેરાઇને એકલે હાથે સમગ્ર દેવળનું ચિત્રકામ કરે એ એક અનોખું અને પ્રેરક દૃષ્ટાંત છે.

ગઈ કાલે નક્કી કર્યા પ્રમાણે સાંજે હેરી મને લેવા આવ્યા. એમનાં પત્ની થીએ મને ચમત્કારો વિષે પૂછ્યું. મેં એમને મારી માન્યતા સમજાવતાં કહ્યું: 'કેટલાક ચમત્કાર બનાવટી હોય છે, કેટલાક વૈજ્ઞાનિક રીતે પુરવાર થાય તેવા હોય છે. જગતમાં ચમત્કાર બનતા જ નથી એમ ન કહી શકાય. કેટલીક ઘટનાઓ જ એવી રીતે બને છે કે જે આપણે માટે ચમત્કારરૂપ હોય. આવી ઘટનાઓમાં જન્મજન્માંતરનાં કાર્યો અને દૈવી સહાય કે કોપને કારણ માનવામાં આવે છે.'

થીને કર્મના સિદ્ધાંતમાં ખૂબ રસ હતો, એ વિશે કેટલીક ચર્ચા-વિચારણા કરી. કર્મને આધારે જ જન્મજન્માંતરની ગતિ નક્કી થાય છે. તે સમજાવ્યું. થી પુનર્જન્મમાં માને છે, એ વિશે એમણે વાંચેલાં પુસ્તકો મને બતાવ્યાં. થીનો રસનો વિષય તથા તે માટેની તેમની ઉત્સુકતા જાણી મને બહુ આનંદ થયો કારણ કે મારો પણ એ રસનો વિષય હતો.

કૅનબેરામાં અજાણ્યા જનોની આવી આત્મીયતાભરી અચાનક મુલાકાતથી ખૂબ પ્રભાવિત થયો. (ક્રમશઃ)

દલપત-નર્મદ યુગના કેટલાક ગણનાપાત્ર ગદ્ય-લેખકો

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ • પ્રકરણ ૮મું

પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

અંગ્રેજી રાજ્ય અમલ પછી સમગ્ર દેશમાં નવચેતનાપ્રગટી. ગુજરાતમાં પણ નવી વિદ્યા-કેળવણીએ, મુદ્રણયંત્રોએ પ્રજાના જીવન-વહેણને બદલી નાખ્યું. મુંબઈમાં ૧૮૫૭માં સ્થપાએલી યુનિવર્સિટીએ પશ્ચિમી સંસ્કાર-સાહિત્યની બારી ઉઘાડી આપી. એ અરસામાં સ્થપાએલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' તથા અન્ય જ્ઞાનપ્રસારક મંડળીઓ અને સભાઓએ પણ પ્રજામાં શિક્ષણની ભૂખ ને સુધારાની ધગશ પેદા કરી. યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્ય અને સંસ્કૃતિનો અભ્યાસ કરી બહાર પડેલા સંખ્યાબંધ સ્નાતકોએ પ્રજાને સુધારા-બોધ કરવામાં પોતાનું કર્તવ્ય નિહાળ્યું. દલપત-નર્મદે કાવ્યો અને ભાષણો દ્વારા એ પ્રવૃત્તિ આદરેલી જ હતી. હવે મુદ્રણકળાના વિકાસે ગદ્યના વિપુલપણે ખેડાણની સુવિધા કરી આપી. ગદ્યનાં વિવિધ સ્વરૂપો વિચરવા માંડ્યાં. સંસારસુધારો ત્યારના સાહિત્યનું મહત્ત્વનું પ્રેરકબળ હતું. ઉત્સાહી લેખકોએ નિબંધ, નાટક, નવલકથા જેવાં ગદ્યસ્વરૂપો દ્વારા લોકોમાં સંસારસુધારો પ્રબોધવાની પ્રવૃત્તિ આરંભી.

પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કને કારણે રાજકીય બાબતોમાં સભાનતા આવી હતી. દેશની પરાધીનતા વિશે સમાજનો શિક્ષિતવર્ગ વિચાર કરતો થયો હતો. જેમ પદ્યમાં તેમ જ ગદ્યમાં પણ તત્કાલીન લેખકોએ દેશદાઝથી પ્રેરાઇને દેશની પરાધીનતાનાં કારણો અને ઇલાજની ચર્ચા કરવા માંડી. કેટલાક ગદ્યલેખકોએ અર્થશાસ્ત્રીની હેસિયતથી દેશી કારીગરીને ઉત્તેજનની, સ્વદેશીની હિમાયતની વાત રજૂ કરી. ઇતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાન પણ રચાવા માંડ્યાં. મગનલાલ વખતચંદે 'અમદાવાદનો ઇતિહાસ' લખ્યો.

ખ્રિસ્તી મિશનરીઓએ શાળાઓ સ્થાપી હતી અને ટેલર જેવા અંગ્રેજોએ વ્યાકરણ પણ રચ્યાં હતાં. કોશની પ્રવૃત્તિ પણ શરૂ થઈ ચૂકી હતી. અંગ્રેજી સાહિત્યના મહાન લેખકોના અભ્યાસ પછી ગુજરાતી ગદ્ય ઉપર પણ મૅકોલે, બર્ક, મિલ ઇત્યાદિની શૈલીનો પ્રભાવ પડવો શરૂ થઈ ગયો હતો. ગુજરાતી ભાષા સામાન્યજનોને સમજાય તેવી સરળ રાખવી કે સંસ્કૃત શબ્દોથી પ્રચુર રાખવી તે અંગે પણ ગદ્યલેખકો પોતાના પ્રતિભાવો પ્રગટ કરવા માંડ્યા હતા.

એ સમયનાં વર્તમાનપત્રો અને સામાયિકોએ પણ રાજકીય સ્વાતંત્ર્યની હવા ઊભી કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. 'ગુજરાતી'ના તંત્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ એ રીતે વિશેષ ધ્યાનપાત્ર બને છે. અંબાલાલ સાકરલાલ પણ એ યુગના એક બહુમુખી પ્રતિભા ધરાવનારા વિદ્વાન તરીકે પ્રતીત થાય છે.

નર્મદ, નવલરામ, નંદશંકર તો એ યુગના ગદ્યને સમર્થ રીતે ખેડનારા છે જ, પણ ઉપર નિર્દેશ થયો તેવા પણ કેટલાક ગદ્યકારો પોતાની આગવી વિશેષતાઓથી ગણનાપાત્ર બની રહે છે.

રણછોડદાસ ગિરધરદાસ ઝવેરી (૧૮૦૩-૧૮૭૩)

રણછોડદાસ ગિરધરદાસ ઝવેરીનો જન્મ ભરૂચમાં, અંગ્રેજોએ સિંધિયા પાસેથી ભરૂચની હકૂમત લીધી તે દિવસે થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી અંગ્રેજી શિક્ષણ મેળવવાના પ્રયાસો આદર્યા. નસીબજોગે એક નિવૃત્ત અંગ્રેજનો સાથ તેમને મળ્યો અને ખંતપૂર્વક તે અંગ્રેજી શીખ્યા.

એ સમયે મુંબઈમાં કર્નલ જર્વિસને લોકશિક્ષણના પ્રચાર સારુ, કેળવણીનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે ખંતીલા, શિક્ષિત માણસો-ની જરૂર હતી. રણછોડભાઈના નામની ભલામણ થતાં જર્વિસે તેમને મુંબઈ બોલાવ્યા અને ઈ. ૧૮૨૫માં એમને કેળવણી માટે શિક્ષકો અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવાની કામગીરી સોંપી. રણછોડભાઇએ ગુજરાતમાં કેળવણીની પ્રવૃત્તિ શરૂ કરવાનો યશ મેળવ્યો. તેમણે શિક્ષણ માટેનાં અનેક પુસ્તકો, કેટલાંક મરાઠી પુસ્તકોનાં ભાષાંતરો, ઇસપની ફેબલનું ભાષાંતર (ઇસપ નીતિની કથાઓ) વગેરે તૈયાર કરાવ્યાં. કનૈયાલાલ મુનશીએ તેમની પ્રવૃત્તિને અંજલિ આપતાં લખ્યું છે કે, 'મુંબઈમાં પારસી છાપાંઓમાં આવતી ખારવાશાઈ બોલીમાંથી રણછોડ-દાસે ગુજરાતીને ઉગારી.'

નર્મદે પણ એમને એમની કેળવણી વિષેની પ્રારંભિક પ્રવૃત્તિને લક્ષમાં લઈ 'ગુજરાતની પ્રસિદ્ધિનો પહેલો પુરુષ' કહી ઓળખાવ્યા છે.

રણછોડદાસ સમાજસુધારક પણ હતા. દુર્ગારામ સાથે તે સંપર્ક-માં રહેતા. મુંબઈની 'જ્ઞાનપ્રસારક સભા'માં પ્રમુખ પણ થયા હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાએટી માટે પણ તેમણે કેટલાંક અંગ્રેજી પુસ્તકોનાં ભાષાન્તર કરી આપ્યાં હતાં. અર્વાચીન યુગની કેળવણીના પિતા તરીકે રણછોડદાસ ગિરધરદાસનું નામ સ્મરણીય છે.

રેવ. જૉસફ વૅાન સોમરેન ટેલર (૧૮૨૦-૧૮૮૧)

મહારાષ્ટ્રના બેલગામમાં જન્મેલા રેવ. જૉસેફ વૅાન સોમરેન ટેલર જાતે અંગ્રેજ હતા. પિતા જૉસેફ ટેલર ભારતમાં ખ્રિસ્તી ધર્મોપદેશક તરીકે આવ્યા હતા. સોમરેન ટેલરનું શિક્ષણ ઈંગ્લૅન્ડમાં થએલું; ગ્લાસગોમાં ઈ. ૧૮૪૩માં બી.એ.ની ઉપાધિ મેળવી તે ભારતમાં ધર્મો-પદેશક તરીકે આવેલા અને ગુજરાતમાં વસ્યા હતા. ગુજરાતી ભાષા ખંતપૂર્વક શીખી લઇને તેમણે ૧૮૬૦ની સાલથી તો ગુજરાતીમાં લેખો પણ લખવા માંડ્યા. તેમનું ગુજરાતી ભાષાનું પ્રસિદ્ધ વ્યાકરણ ૧૮૬૭માં પ્રગટ થયું; એ જ વર્ષમાં ગુજરાતી ભાષામાં તેમણે ઈશ્વર-સ્તુતિનાં પદો પણ પ્રગટ કર્યાં હતાં. 'ધાતુસંગ્રહ' પુસ્તક તેમણે વ્રજલાલ શાસ્ત્રીની સહાયથી રચ્યું. ગુજરાતી ભાષા પ્રત્યેનો તેમનો પ્રેમ વ્યાકરણની પ્રસ્તાવનામાં પ્રગટ થાય છે: '...ગુજરાતી, આર્ય-કુલની, સંસ્કૃતની પુત્રી—ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની સગી! તને કોણ કદિ અધમ કહે? પ્રભુ એને આશીર્વાદ દેજો. જુગના અંત લગી એની વાણીમાં સદ્‌વિદ્યા, સદ્‌જ્ઞાન, સદ્‌ધર્મનો સુબોધ હોજો, અને પ્રભુ કર્તા, ત્રાતા, શોધક એનું વખાણ સદા સુણાવજો.' (ત્રીજી આવૃત્તિ, ૧૮૯૩). ગુજરાતી સાહિત્ય જે કેટલાક ગુજરાતપ્રેમી અંગ્રેજોનું ઋણી છે તેમાંના એક ટેલર પણ છે.

મણિશંકર જટાશંકર કીકાણી (૧૮૨૨-૧૮૮૪)

નર્મદ, કરસનદાસ જેવા સુધારકોની પ્રશંસા પામનારા અને નવલરામ સાથે સૌરાષ્ટ્રમાં સુધારાની પ્રવૃત્તિ કરનારા મણિશંકર જટા-શંકર કીકાણી ઇતિહાસ અને પુરાતત્ત્વના સારા અભ્યાસી હતા. ઈ. ૧૮૬૪માં તેમણે જૂનાગઢમાં 'જ્ઞાનગ્રાહક સભા' સ્થાપીને 'સૌરાષ્ટ્ર દર્પણ' નામથી તેનું મુખપત્ર શરૂ કર્યું. અને સુધારાની પ્રવૃત્તિને વેગ આપ્યો. અલબત્ત, કીકાણી સુધારાની બાબતમાં યા હોમ કરીને કૂદી પડવાની વૃત્તિવાળા નહોતા; એમની વૃત્તિ-પ્રવૃત્તિ લોકમત કેળવીને, લોકોને વિશ્વાસમાં લઇને સુધારો કરવાની હતી. મણિલાલ નભુભાઈની

જેમ તેમની સુધારક દૃષ્ટિ સંરક્ષક હતી. સુધારાના પ્રયોજનસર તેમણે કેટલીક પદ્યરચના કરી હતી, પણ એ જોડકણાં જેવી જ રહી છે. 'ધર્મ-માળા' (૧૮૭૧)એ એમના ગદ્યપદ્યાત્મક લેખોનો સંગ્રહ છે. 'છોટીબહેન પાઠાવલિ'ના બે ભાગ એ તેમનાં ગદ્યપદ્યાત્મક લખાણોનો બીજો સંગ્રહ છે.

વ્રજલાલ કાળીદાસ શાસ્ત્રી (૧૮૨૫-૧૮૯૩)

વડોદરા તાલુકાના મલાતજ ગામમાં જન્મેલા વ્રજલાલના પિતાની અટક ત્રવાડી હતી, શાસ્ત્રીની અટક તો વ્રજલાલે પોતાના ઊંડા શાસ્ત્રાભ્યાસથી પ્રાપ્ત કરી હતી. શિનોરમાં રંગીલાલ મહારાજ પાસે તે ન્યાય-શાસ્ત્ર શીખ્યા, એ પછી વેદ અને વ્યાકરણના વિષયોનો પણ અભ્યાસ તેમણે કર્યો. આજીવિકા માટે પ્રથમ કુબેર સંપ્રદાયના ધર્મોપદેશક તરીકે અને પછી જૈન મંદિરોમાં શિક્ષાગુરુ તરીકે કામ કર્યું. પણ એમનું મન કોઈ્યું નહિ. અસહિષ્ણુતાથી તે અકળાયા અને છૂટા થયા.

એમના જીવનને અનુરૂપ કાર્ય એ ૧૮૬૫માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે નિમાયા અને 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી બન્યા તેમાં મળી રહ્યું. દલપતરામે બુદ્ધિપ્રકાશને રસિક કાવ્યો અને લેખોથી લોકપ્રિય બનાવ્યું હતું. વ્રજલાલ શાસ્ત્રીએ પોતાના વિદ્વત્તાભર્યાં નિબંધોથી એ સામયિકને સમૃદ્ધ કર્યું. અઢી વર્ષ સુધી તેમણે સામયિક દ્વારા સાહિત્યકાર્ય કર્યું. એ પછી તે અમદાવાદમાં ટ્રેઇનિંગ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક બન્યા, વળી સોસાયટીમાં આસિસ્ટન્ટ સેક્રેટરી બન્યા, હોપ વાચનમાળાની સમિતિમાં કામ કર્યું; કોશરચનામાં પણ તે સંકળાયા. ઈ. ૧૮૯૩માં તે અવસાન પામ્યા ત્યાં સુધી તે લેખો, કાવ્યો, પુસ્તકો રચવાની પ્રવૃત્તિમાં જ મગ્ન રહ્યા. જૈન મંદિરમાંથી ભાલણની 'કાદંબરી'ને તેમણે બહાર આણી અને એ પ્રત સોસાયટીને તેમણે છ રૂપિયામાં આપી દીધી.

શાસ્ત્રીની ખ્યાતિ મુખ્યત્વે બે પુસ્તકોને કારણે છે. 'ગુજરાતી ભાષાનો ઇતિહાસ' (૧૮૬૬) અને 'ઉત્સર્ગમાળા', (૧૮૭૦) ડૉ. ભાંડારકરે તેમને ભાષાના આદ્ય માર્ગદર્શક કહ્યા. કૃષ્ણલાલ ઝવેરીએ તેમને 'ગુજરાતી ભાષાશાસ્ત્રનું ખાતમુહૂર્ત કરનાર' તરીકે બિરદાવ્યા અને નરસહરાવ આદિ વિવેચકોએ પણ તેમના આ કાર્યની પ્રશંસા કરી છે. 'ઉત્સર્ગમાળા'માં તેમણે ૧૯૧ ઉત્સર્ગો રચીને ભાષાના વિવિધ અંશો અંગે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ નિર્ણયો રજૂ કર્યાં છે, ગુજરાતી ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં તેમનું આ બે પુસ્તકો દ્વારા થએલું અર્પણ મહત્ત્વનું છે. એમના અન્ય પુસ્તકોમાં 'વૈશેષિક તર્કસાર, 'રસગંગા' ઇત્યાદિનો સમાવેશ થાય છે.

મગનલાલ વખતચંદ (૧૮૩૦-૧૮૬૮)

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આરંભકાળમાં વિવિધ કક્ષાએ કામગીરી બજાવનાર મગનલાલ વખતચંદ શેઠનું નામ 'અમદાવાદનો ઇતિહાસ' (૧૮૫૧)ના લેખક તરીકે જાણીતું છે. 'મીરાતે અહમદી'ના બર્ડે કરેલા અંગ્રેજી અનુવાદનો, ગ્રાન્ટ ડફના મરાઠાના ઇતિહાસનો અને બ્રિગ્સના ઇતિહાસનો તેમણે ખાસ આધાર લઇને એ પુસ્તક રચ્યું છે. જૂનાં દફતરોનો તથા લોકવાયકાઓનો પણ તેમણે એ પુસ્તક રચવામાં ઉપયોગ કર્યો છે. એમાં ગદ્ય પ્રારંભિક અવસ્થાનું છે તેમ છતાં વીસમી સદીના કેટલાય દાયકાઓ સુધી ઇતિહાસના લેખકોને માટે એ સંદર્ભગ્રન્થ બની રહ્યો હતો. રત્નમણિરાવ ભીમરાવે 'ગુજરાતનું પાટનગર: અમદાવાદ' એ મહાન ગ્રન્થ રચવામાં મગનલાલ વખતચંદના આ ઇતિહાસ પુસ્તકનો સારો એવો ઉપયોગ કર્યો હતો.

અંગ્રેજોએ-જનરલ ગોડાર્ડે-અમદાવાદ જીત્યું તે પ્રસંગને લક્ષ કરીને 'ગોડાર્ડનો રાસડો' તેમણે રચ્યો હતો અને એ જમાનામાં તે પ્રજામાં ખૂબ જાણીતો થયો હતો. એમનું બીજું એક પુસ્તક 'કથના-વલિ' (૧૮૪૯) સાતસો જેટલી કહેવતોના સંગ્રહરૂપે છે. તેમનો 'હોળી' વિશેનો નિબંધ (૧૮૫૦) પણ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રગટ કર્યો હતો.

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી (૧૮૪૦-૧૯૦૭)

નડિયાદમાં જન્મેલા મનઃસુખરામને બચપણમાં કેળવણીનું સાધન સુલભ નહિ હોવાથી ખેડા, અમદાવાદ વગેરે સ્થળે ફરવું પડેલું. એમનું ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં થયું. મુંબઈમાં તેમનો સ્થાયી વસવાટ થયો તે પછી 'ફાર્બસ ગુજરાતી સભા' સ્થાપવામાં તેમણે અગ્રણી તરીકે ભાગ ભજવેલો. એ અમદાવાદમાં હતા તે દરમિયાન તેમના લેખો 'બુદ્ધિપ્રકાશ' આદિ સામયિકોમાં પ્રગટ થયા હતા.

એ સમયે મુંબઇની યુનિવર્સિટીમાંથી સંસ્કૃત ભાષાનો સઘન અભ્યાસ કરીને બહાર આવેલા કેટલાક લેખકોને સંસ્કૃતમય શૈલીનો પક્ષપાત હતો. એમણે પોતાનાં લખાણોમાં એ શૈલી પ્રયોજવા માંડી. મનઃસુખરામ કૉલેજની કેળવણી પામેલા નહિ. તથાપિ સંસ્કૃતમય શૈલીના પ્રબળ હિમાયતી હતા. દી. બ. કૃષ્ણલાલ ઝવેરીએ તો તેમને 'સંસ્કૃતમય ગુજરાતીના આદ્ય દ્રષ્ટા' તરીકે ઓળખાવ્યા છે. ('ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક અને વધુ માર્ગસૂચક સ્તંભો'-૧૯૫૮, પૃ. ૧૮૨).

'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન'માં ડાહ્યાભાઈ દેરાસરીએ મનઃ-સુખરામનો સંસ્કૃત મહિમા વિશે એક અભિપ્રાય ટાંક્યો છે: 'રત્નાકર સંસ્કૃતસમા એક જ ખાનિમાંથી આવેલા સાર્થક સરલ શબ્દો શુદ્ધ વપરાઈ એકતા વર્ધમાના થશે. એમ થયે વિભક્તિના રૂપના અને ધાતુના પ્રત્યયોમાં જ માત્ર ભેદ રહેશે. ભગિની ભાષાઓ પરસ્પર સમન્વય એવી થશે ને તે દેવનાગરી કિંવા બાલબોધ લિપિમાં મુદ્રાંકિત થશે તેથી ભરતખંડની એકજનતા-ઐક્ય-દેશજનતા થવામાં સુગમ થશે. એવા અનેક અલભ્ય લાભો યથેચ્છ ભાષારચનાથી થવા સંભવ છે.' (આવૃત્તિ, ૧૯૧૧, પૃ. ૪૨.)

એમના 'અસ્તોદય તથા સ્વાશ્રય' (૧૮૭૦) તથા 'સુજ્ઞ ગોકુલજી ઝાલા અને વેદાન્ત' (૧૮૮૧) ઇત્યાદિ પુસ્તકોમાં એમની સંસ્કૃત શબ્દોથી પ્રચુર ગુજરાતી ભાષા જોવા મળશે. આ પ્રકારની શૈલી રચવા જતાં તેમનાં લખાણો ભારેખમ અને આડંબરી બની જતાં લાગે છે.

મનઃસુખરામને વેદાંત પ્રત્યે ખાસ નિષ્ઠા, પ્રીતિ હતી. અને 'સુજ્ઞ ગોકુલજી ઝાલા અને વેદાંત' પુસ્તકમાં તેમણે વેદાન્તનું સ્વરૂપ સમજાવ્યું છે. મનઃસુખરામ મહદંશે નિબંધકાર-ચરિત્રકાર હતા. અલબત્ત, એમના ધર્મ વિષેના નિબંધો-લેખોમાં એમની વિદ્વત્તા દેખાય છે તથાપિ, કોઈ મૌલિક ચિંતન તેમનામાં દેખાતું નથી.

ચરિત્રકાર તરીકે તે સફળ છે તેની પ્રતીતિ તેમણે લખેલા 'ફાર્બસ જીવનચરિત્ર' (૧૮૬૯) પરથી થાય છે. ગોકુલજી ઝાલાનું ચરિત્ર પણ તેમણે યોગ્ય રીતે નિરૂપ્યું છે. મનઃસુખરામે રણછોડભાઈના 'જયકુમારી વિજય નાટક' પર મુગ્ધ થઇને તેના અનુસંધાનમાં 'ઉત્તર જયકુમારી નાટક' રચ્યું હતું. તેઓ માત્ર શુષ્ક વેદાંતવાદી જ નહોતા, રસિક જીવ પણ હતા તેનું નિદર્શન એમણે રચેલી નાટ્યકૃતિ પરથી થાય છે.

મનઃસુખરામના પાંડિત્યે એમની આસપાસ વિદ્વાનોનું વર્તુલ રચ્યું હતું, અને ગોવર્ધનરામનું સંસ્કાર-ઘડતર કરવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. સુધારક યુગના મુખ્ય ગદ્યકારો નર્મદ, નંદશંકર કે નવલરામના ગદ્ય કરતાં મનઃસુખરામનું ગદ્ય એમાંના પાંડિત્યભારને કારણે જુદું તરી આવે છે. એમનાં લખાણો અનુગામી પંડિત સાક્ષરોની શૈલીની આગાહી કરતાં દેખાય છે.

અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૧૪)

દલપત-નર્મદ યુગમાં ને વીસમી સદીના પહેલા દસકામાં ગોવર્ધન-રામના યુગનો પ્રકાશ ઝળહળતો હતો તે અરસામાં અંબાલાલ સાકર-લાલે શિક્ષણ સમાજ અને સાહિત્યક્ષેત્રે જે પ્રવૃત્તિ આદરી તેનો ઇતિ-

હાસ ઊજળો. મૅટ્રિકમાં ઇતર ભાષા તરીકે લૅટિન શીખેલા. સંસ્કૃતનો અભ્યાસ પણ કર્યો. અને કૉલેજમાં ગણિત સાથે બી. એ.માં પહેલા વર્ગમાં આવ્યા. એમ. એ.માં અંગ્રેજી અને સંસ્કૃત સાથે પ્રથમ વર્ગ મેળવ્યો અને એલએલ. બી.ની ઉપાધિ પણ મેળવી લીધી. એમની ભાવના શિક્ષક થવાની: 'મારો આખો જન્મ શિક્ષકના કામમાં નથી ગયો તેથી દિલગીર છું', 'શિક્ષક તરીકે જ મેં આખી જિંદગી ગાળી હોત તો મારા પંડને ભાગ્યશાળી માનત'. છ વર્ષની ભલે ટૂંકી પણ શિક્ષક તરીકેની તેમની કારકિર્દી ઉજ્જ્વળ છે. નરસિંહરાવ, કેશવ હ. ધ્રુવ. કમળાશંકર ત્રિવેદી તેમના શિષ્યો હતા. કમળાશંકરે તેમને ગુજરાતના આર્નોલ્ડ તરીકે ગણાવ્યા છે.

અંબાલાલ હેડમાસ્તર હતા તે દરમિયાન તેમણે 'બાળલગ્નનિષેધપત્રિકા'ના તંત્રી તરીકે કામ કર્યું અને ૧૮૭૧માં મૉન્ટગોમરી તથા મણિધરપ્રસાદ સાથે અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ રચવા માંડ્યો. ૧૮૭૭માં તે કાર્ય પૂરું થયું. તેની બીજી આવૃત્તિ તેમણે એકલે હાથે ૧૯૧૦માં ઘણા નવા શબ્દો ઉમેરીને પ્રગટ કરી હતી. એ માટે 'વસંત'ની ફાઇલો પોતે જાતે જોઈ ગએલા. અંગ્રેજી શબ્દના પર્યાય તરીકે ગુજરાતી શબ્દ મળી રહેતો હોય ત્યાં સુધી સંસ્કૃત શબ્દ પ્રયોજવાની તે વિરુદ્ધ હતા.

આ જ અરસામાં મિલના 'પોલિટિકલ ઇકૉનોમી' પરથી તેમણે ગુજરાતીમાં અર્થશાસ્ત્રનું પુસ્તક રચ્યું. (ઈ. ૧૮૭૫) એમાં એમણે ઉદાહરણો આપણા દેશને અનુરૂપ પોતાનાં આપ્યાં હતાં.

આપણે ત્યાં ગાંધીજીએ સ્વભાષામાં કેળવણી વિષે ઊહાપોહ શરૂ કર્યો ત્યાર પહેલાં છેક ઈ. ૧૮૮૪માં હંટર કમિશન સમક્ષની જુબાનીમાં અંબાલાલભાઇએ દેશી ભાષા અને દેશી શિક્ષકો દ્વારા કેળવણીની પ્રબળ હિમાયત કરી હતી એ એમની આર્ષ દૃષ્ટિની દ્યોતક ગણાય. કેળવણીમાં શારીરિક શિક્ષણ પર તો તેમનો ભાર પણ હોય જ. એમના સંબંધી-મિત્રોના પત્રોમાં: 'સત્ય અને શરીર જાળવજો' એ સૂત્ર તો હોય જ. એમની સત્યનિષ્ઠાની પ્રતીતિ એ વડોદરામાં ન્યાયાધીશ તરીકે હતા ત્યારના કેટલાય પ્રસંગોમાં અને એમની મિલ ભાંગી પડી ત્યારે લેણદારોના પ્રત્યે તેની કર્તવ્યબુદ્ધિમાં જણાય છે.

ગોવર્ધનરામના મૃત્યુ અંગે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' (હાલની 'ગુજરાત વિદ્યાસભા') તરફથી ઠરાવ થતો હતો તે વખતે એમણે 'બાવન વર્ષની ઉમરે' એ શબ્દોને ઠેકાણે 'બાવન વર્ષની કાચી ઉમરે' એવો સુધારો સૂચવેલો.

રાજદ્વારી બાબતોમાં એ વિનીત વિચારના હતા, પણ ઝટપટ સંસાર-સુધારો કરી નાખવાથી રાજકીય અધિકારો પણ ઝટ પ્રાપ્ત થઈ જશે એવું તે માનતા ન હતા. સંસાર-સુધારાની બાબતમાં પ્રજા સમસ્તની સ્પષ્ટ કે ગર્ભિત સંમતિ જોયા પછી જ આગળ વધવું તેમને હિતાવહ લાગતું. ખરો સુધારો લોકમત કેળવ્યા પછી જ થઈ શકે એ એમની પ્રતીતિ હતી. બ્રિટિશ રાજ્યઅમલ તેમને તે સમયના અનેક અગ્રણી સમાજસુધારકોની જેમ ઇષ્ટ હોવા છતાં ગોરા હાકેમોની ભૂલોની ટીકા કરવામાં તે પાછા પડ્યા નહોતા. અંબાલાલભાઈમાં દેશાભિમાન, દેશભક્તિ અને દેશસેવા એ ત્રણે હતાં. સ્વદેશી વસ્તુ વાપરવાના તે પ્રબળ હિમાયતી હતા. 'સ્વદેશી ભાવના – આર્થિક દૃષ્ટિએ' એ લેખમાં તેમણે લખ્યું છે: 'આર્થિક બહિષ્કારનો જબરો પ્રચાર થવો જોઇએ અને તે જોસથી અમલમાં મુકાવો જોઇએ. આર્થિક બહિષ્કાર એ રચનાત્મક ભાવનાનો જરૂરી સાથી છે. બહિષ્કારની ચળવળ સ્વદેશીના વિકાસને પોષક છે.' (અંબાલાલ સાકરલાલ દેસાઈનાં ભાષણો અને લેખો, સં. વૈકુંઠલાલ શ્રીપતરામ ઠાકોર, આવૃત્તિ, ઈ. ૧૯૪૨. પૃ. ૪૭.)

એમણે આ સ્વદેશીની ભાવનાથી પ્રેરાઇને જ 'શાંતિદાસ' નામની એક સુંદર વાર્તા 'એક ગુર્જર' એ સંજ્ઞાથી ઈ. ૧૯૦૦માં પ્રગટ કરી હતી. તેમાં પરદેશી વસ્તુના વપરાશને કારણે ગામડાના ગૃહઉદ્યોગ કેવા ધોવાઈ જાય છે તેનો સુરેખ ચિતાર તેમણે આપ્યો છે. ટૂંકી વાર્તાના કલાસ્વરૂપનું પણ અહીં સુભગ દર્શન થાય છે.

અંબાલાલભાઈની અર્થશાસ્ત્ર વિષેની દૃષ્ટિ મિલના અર્થશાસ્ત્રના ગ્રન્થ પરથી ઘડાઈ હતી. પણ આપણા દેશના આર્થિક પ્રશ્નો સમજવાની દૃષ્ટિ તેમની પોતાની હતી. અંબાલાલભાઈ રાજકોટમાં યોજાયેલી ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ (ઈ. ૧૯૦૯)ના પ્રમુખ પણ થયા હતા. એ સ્થાનેથી તેમણે પ્રજાભિમુખ સાહિત્યની હિમાયત કરતાં જણાવ્યું હતું કે 'ગરીબને વાસ્તે રચાએલાં ચોપાનિયાં કે પુસ્તકોની ભાષા કેવળ સરળ, તરત સમજાય એવી અને નકામા સંસ્કૃત શબ્દોના આડંબરથી મુક્ત હોવી જોઇએ. વિષય અને તેનું વર્ણન પણ તેમના જ્ઞાન અને કેળવણીના ગજા ઉપરાંત હોવું ન જોઇએ. તેવું સાહિત્ય સસ્તું જોઇએ, એ કહેવાની જરૂર નથી.' (એજન, પૃ. ૨૭૨.) સાહિત્ય વિશે ગાંધીજીએ પચીસેક વર્ષ પછી એ જ પરિષદના મંચ પરથી પ્રમુખસ્થાનેથી આ જ અભિપ્રાય ભારપૂર્વક રજૂ કરેલો એ સુવિદિત છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના હીરક મહોત્સવના પ્રસંગે સોસાયટીના પ્રમુખ તરીકે (ઈ. ૧૯૦૯) તેમણે સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસ વિશે જે ઉદ્‌ગારો કરેલા તે તેમની સાહિત્ય વિશેની ભાવનાના દ્યોતક છે: 'ભાષા ને સાહિત્ય એ લોકસમસ્તની વાણી છે. માણસના મનમાં જે જે વિવિધ વિચારો, ખયાલો, તરંગો, ઊભરાઓ, ઊર્મિઓ, ઉમળકાઓ, દાઝો, લાગણીઓ ને ભાવનાઓ નિરંતર ચડઊતર કર્યા કરે છે, તેને શબ્દનો વેશ આપી માણસ જગત આગળ ધરે છે. જો અંતરની લાગણી ઊંડી ને બળવાન હોય છે તો તેના ઉદ્‌ગાર પણ ગંભીર ને જુસ્સાદાર નીકળે છે. જો તે લાગણી છીછરી ને બિનકૌવતવાન હોય છે તો મુખનો શબ્દ પણ ધીમો ને નબળો નીકળે છે. અન્તરના મનની ને બુદ્ધિની દૃષ્ટિ જો બહોળી ને ઉચ્ચ હોય છે તો તેનો વિષય પણ વ્યાપક ને વિસ્તૃત હોય છે. જો મન દબાએલું, રાંક, બાયલું, કાયર, બીકણ ને કંટાળેલું હોય છે, તો તે મૂગું બની જાય છે. વળી, ખરા રૂપિયાનો રણકો જેમ ખરો થાય છે તેમ ખરી લાગણીનો ધ્વનિ પણ ઓર જ થાય છે. ખરી લાગણી ને ખરા વિચાર, તથા વિપુલ ને અબાધિત અવકાશ એવી ભૂમિમાં જ સાહિત્ય રૂપી છોડવાનો પોષક ક્યારો છે, ને સ્વતંત્રતા રૂપી શુદ્ધ વાયુના આવરણમાં તે વહેલો ઊછરે છે. અઘટિત અંકુશની છાયામાં તે કરમાઈ, ચીમળાઈ અથવા ઠીંગરાઈ જાય છે. સાહિત્યનો ખરો ઉદ્‌ભવ દેશના સર્વજનોના કાયિક, માનસિક, આત્મિક ઉદ્‌ભવ જોડે સંકળાયેલો છે, અને આ ઉદ્‌ભવો રાજકીય, સંસારિક, ઔદ્યોગિક, અને શિક્ષણપ્રસારના સુધારા ઉપર આધાર રાખે છે.' (એજન, પૃ. ૨૫૨–૨૫૩.)

અંબાલાલભાઈની પ્રવૃત્તિ એકમાર્ગી – એકદેશી નહોતી. પ્રગતિ ચોતરફથી થવી જોઇએ એવો તેમનો દૃઢ અભિપ્રાય હતો. તેમની કેળવણી વિશેની ઊંડી ધગશ હંટર કમિશન સમક્ષ આપેલી જુબાનીમાં અને ઈ. ૧૯૧૩માં તેમણે સ્થાપેલી 'ગુજરાતી કેળવણી મંડળી' સંસ્થામાં જોઈ શકાય છે.

અંબાલાલભાઇનો દુર્ગારામ મહેતાજી સાથે પણ પત્રવ્યવહાર હતો અને બાળલગ્ન નિષેધક મંડળી, પ્રાર્થના સમાજ, કસરત કલબ, વકર્તૃત્વ ઉત્તેજક-સભા, અમદાવાદ સ્વદેશ ઉદ્યોગ વર્ધક મંડળી ઇત્યાદિમાં નવલરામ પંડ્યા તથા લાલશંકર જેવા અગ્રણી સમાજસુધારકો સાથે તે સંકળાએલા હતા. 'હિતેચ્છુ' પત્રમાં પણ તેમનાં લખાણો પ્રગટ થતાં.

પુષ્પમાળા-૨૪

લેખક • પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર



▷ સૂર્યમુખી
Sunflower

સૂર્યમુખી

સૂર્યમુખીનો છોડ તો આપણા દેશમાં ખૂબ જાણીતો અને વ્યાપક ફૂલછોડ છે. મૂલતઃ એનું વતન તો અમેરિકા છે, પરંતુ આપણા દેશની માટી અને અહીંનું હવામાન એને ખૂબ અનુકૂળ છે. યુરોપ અને એશિયામાં પણ એ ખૂબ વિસ્તાર પામ્યો છે. એની લગભગ ૬૦ જેટલી જાતો છે. જેમાં ત્રણ-ચાર ફૂટથી લઈને દસ ફૂટ જેટલી ઊંચી વધતી જાતોનો સમાવેશ થાય છે. એનાં ફૂલનું મુખ ઘણે ભાગે સૂર્ય તરફ રહેવાથી એને સૂર્યમુખી કહે છે.

સૂર્યમુખીની નાની જાત ત્રણથી ચાર ફૂટ સુધી વધે છે. નમણી સોહામણી શાખાઓ અને સુંદર પીતવર્ણી પુષ્પોને લીધે ઉદ્યાનો, ઉપવનો અને આવાસો વગેરે અનેક સ્થાનોમાં તે ઉગાડવામાં આવે પણ આનાં નયનરમ્ય પુષ્પોમાં સુગંધ હોતી નથી

નાનાં અને મધ્યમ કદનાં સૂર્યમુખી ફૂલ ગુલદસ્તાઓ અને ફૂલદાનીઓ માટે ખૂબ વપરાય છે. નાનાં સૂર્યમુખીનાં ફૂલ હથેળીથી માંડી વેંત જેવડાં હોય છે અને તેની મધ્યમાં શ્યામવર્ણું ચંદ્રક હોય છે. એ ચંદ્રકના ફરતે સૂર્યની કિરણાવલી જેવી આછી અને ઘેરી પીળી સુકોમળ પાંખડીઓ હોય છે. મધ્યવર્તી શ્યામચંદ્રકમાં અસંખ્ય બીજ થાય છે. આ બીજ વિશેષ કાળજી વિના પણ સાધારણ જમીનમાં યે ઝપાટાબંધ ઊગે છે. નાનાં સૂર્યમુખીનાં પાન અણીદાર લંબગોળ ત્રિકોણ જેવાં અને ખરબચડાં હોય છે. તે સામસામાં ઊગે છે. ક્યારીમાં ખીલેલાં સૂર્યમુખી પુષ્પો મંદ પવનમાં ડોલે ત્યારે અત્યંત રમણીય લાગે છે. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની 'ડેફોડિલ્સ' કવિતાનું ત્યારે સહેજે સ્મરણ થાય છે. સૂર્યમુખીનાં પુષ્પો અઠવાડિયા સુધી સારી રીતે ટકી શકે છે અને સૂર્યમુખીના છોડ લગભગ નવ માસ સુધી. શરદ ઋતુમાં નવા રોપ તૈયાર કરી લીધા હોય તો તે પછીના આખા શીતકાલ અને ગ્રીષ્મ સુધી બગીચાઓને તે શોભિત રાખે છે.

સૂર્યમુખીની એક મોટી જાત – યુનિફ્લોરમ દસ ફૂટ જેટલી ઊંચી વધે છે. તેની શાખાઓ અને થડ કમજોર હોય છે તેથી તેને ટેકા આપવા પડે છે. તેનાં પાન પણ ખૂબ ખરબચડાં તથા એકથી દોઢ ફૂટ લાંબાં હોય છે અને એકાંતરે સામસામા આવે છે. એનાં પુષ્પો ખૂબ મોટાં થાળી જેવડાં હોય છે. તેની મધ્યમાં બીજવાળો શ્યામ ચંદ્રક અને ફરતે સુંવાળી દોઢબે ઈંચ લાંબી પાંખડીઓ આવે છે. ચંદ્રક દમામદાર અને ભારી ભરકમ હોવાથી તેના વજનથી ડાળી જલ્દી વળી જાય છે. અમુક મોટી જાતોમાં બહુપત્રી પુષ્પો ખૂબ ભરાવદાર હોય છે. આ પુષ્પો આઠથી દસ ઇંચ વ્યાસવાળાં હોય છે. હવે તો સૂર્યમુખીની કથ્થઈ, લાલ, ઘેરી પીળી, આછી પીળી વગેરે સંકર જાતો પણ વિખ્યાત થઈ છે.

સૂર્યમુખીનાં બીજમાંથી તેલ નીકળે છે. કૂકડાનાં ચણ માટે પણ તે વપરાય છે, એનાં મોટાં શેકેલાં બીજ બાળકો હોંશેહોંશે ખાય છે. સૂર્યમુખીનો છોડ લીલા ખાતર અને ક્યાંક નીરણ માટે પણ વપરાય છે.

સૂર્યમુખીને કોલંબસ અમેરિકાથી સ્પેઈનમાં લઈ આવ્યો હતો. ૧૫૦૪માં એ સ્પેઈનની પાટનગરી મેડરિડનાં ઉદ્યાનોમાંથી ફ્રાંસ, ઈટાલી અને બાલ્કન દેશોમાં થઈને ૧૯મી સદીમાં એ એશિયા અને ભારતમાં પણ પ્રસરી ગયો. રશિયાના ખેડૂતોને મોટાં સૂર્યમુખીનાં બીજ ખૂબ સ્વાદિષ્ટ લાગ્યાં અને એ પરથી એમાંથી તેલ કાઢવાનો વિચાર કર્યો. આમ, સૌંદર્યબોધ ઉપર આર્થિક ઉપાદેયતાનો વિજય થયો. જોતજોતાંમાં તો રશિયાના વૉલ્ગા અને યુક્રેન પ્રદેશની ખીણો મોટાં સૂર્યમુખીનાં ખેતરોથી લહેરાવા લાગી. આજે રશિયામાં લાખો એકરમાં સૂર્યમુખીની ખેતી થાય છે. હવે તો ભારત પણ ખાદ્ય તેલ તરીકે સૂર્યમુખીનું હજારો ટન તેલ આયાત કરે છે.

ઉત્તરપ્રદેશની પંતનગર કૃષિ-યુનિવર્સિટી (જિ. નૈનિતાલ)માં સૂર્યમુખીની મોટી જાતના છોડ માણસના ખભાથી યે ત્રણેક ફૂટ ઊંચા થાય છે. એ જાતનાં પુષ્પોમાં ૧૫૦૦થી ૨૦૦૦ જેટલાં બીજ થાય છે. પંતનગર યુનિવર્સિટીમાં સૂર્યમુખી વિષે ઠીકઠીક પ્રયોગ થાય છે. હવે તો ઘણા દેશોમાં સૂર્યમુખીની ખેતી થાય છે.

સૂર્યમુખીનું તેલ બલકારી, મૂત્રલ, કફનાશક અને શરદીમાં હિતકારી ગણાય છે. □

એમનાં ભાષણો અને લેખો પરથી એમના જીવનનાં ઘણાં બધાં ક્ષેત્રોને વ્યાપી વળેલી પ્રવૃત્તિનો, તેમની ઊંડી દેશદાઝનો, તેમના સ્પષ્ટ વક્તૃત્વનો, તેમની વિશાળ દૃષ્ટિનો અને તેમના સમર્થ ઉજ્જ્વળ વ્યક્તિત્વનો પરિચય મળે છે. તેમનું ગદ્ય સરળ, વક્તવ્યને અનુરૂપ, સોંસરું ને કશા બાહ્ય આડંબર વિનાનું છે. એમના જીવનની સાદાઈ અને સચ્ચાઈ એમના ગદ્યમાં ઊતરી આવી છે.

હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા (૧૮૪૯-૧૯૩૧)

શિક્ષક તેમ જ શિક્ષણાધિકારી તરીકે કામગીરી બજાવ્યા પછી લુણાવાડાના દીવાનપદ સુધી પહોંચેલા હરગોવિંદદાસ કાંટાવાળા 'અંધેરી નગરીનો ગર્ધવસેન' (૧૮૮૧) તથા 'બે બહેનો' એ બે નવલકથા (૧૮૯૧) માટે, 'પાણીપત અથવા કુરુક્ષેત્ર' (૧૮૯૭) જેવી કવિતારચના માટે અને 'પ્રાચીન કાવ્ય'ના સંપાદક તરીકે જાણીતા છે. એમની 'પ્રાચીન કાવ્યમાળા' વિષે ડાહ્યાભાઈ દેરાસરીએ લખ્યું છે : 'જે સમયે કાવ્યદોહન સિવાય બીજી જૂની કવિતાનાં પુસ્તકોનો જન્મ થયો ન હતો તે વખતે ઉદ્યોગ, ખંત અને રંજ ઉઠાવીને પ્રસિદ્ધ કરેલાં પ્રાચીન ત્રિમાસિક અને પ્રાચીન કાવ્યમાળાથી થએલી સાહિત્યસેવાની કિંમત ઓછી થઈ શકતી નથી. એ બન્નેને લીધે ગુજરાતી પ્રજા ઘણી જૂની કવિતા વાંચી શકી છે.' (સાઠીના સાહિત્યનું દિગ્દર્શન, ૧૯૧૧, પૃ. ૧૨૨-૧૨૩.)

અલબત્ત, આ માળામાં પ્રેમાનંદને નામે નાટકો અને વલ્લભનાં

કૃતક આખ્યાનો પ્રગટ કરવાનો તેમનો પ્રપંચ ટીકાપાત્ર બન્યો છે.

'દેશી કારીગરીને ઉત્તેજન' એ બે ભાગમાં રચાયેલા તેમના પુસ્તકમાં (૧૮૭૫-૧૮૭૭) ભારતની પરાધીનતાનો ચિતાર અને તે ટાળવા માટે રચાએલી એમની 'ટચૂકડી વાતો'ના પાંચ ભાગ એમની બાલસાહિત્યના એક સારા લેખક તરીકેની પ્રતીતિ કરાવે છે. આ ઉપરાંત, તેમણે કેળવણી અને સંસારસુધારા વિશે પણ પુસ્તકો પ્રગટ કર્યા છે. છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ તેમણે કામગીરી સંભાળી હતી.

કેશવલાલ મોતીલાલ પરીખ (૧૮૫૩-૧૯૦૭)

ખેડા જિલ્લાના કપડવણજ તાલુકામાં જન્મેલા કેશવલાલ મોતીલાલ પરીખ પોતાનું પ્રાથમિક શિક્ષણ કઠલાલમાં પૂરું કરી, વધુ અભ્યાસ માટે અમદાવાદ આવ્યા. તેમને વિદ્યાર્થી અવસ્થાથી સાહિત્યનો રંગ લાગ્યો હતો અને એક 'કોલ્યડા સંગ્રહ' (૧૮૭૦) પણ પ્રસિદ્ધ કર્યો હતો. એમણે દલપતશૈલીમાં નાનકડું કાવ્ય 'ટૂંટિયું' પણ રચ્યું હતું; તેમાં એ અરસામાં ગુજરાતમાં પ્રસરેલા ટૂંટિયાના રોગથી ફેલાએલી હાનિનું વર્ણન છે (૧૮૭૨). બાળલગ્નથી થતાં કજોડાં વિશેનું તેમનું એક નાટક 'કજોડા-દુ:ખદર્શક નાટક' છે. તેમની એક નાનકડી નવલકથા 'બુદ્ધિ અને રૂઢિની કથા' (૧૮૮૩) સમાજસુધારાના સ્પષ્ટ ઉદ્દેશથી રચાએલી રૂપકકથા છે. નવલરામે તેની 'અત્યન્ત રૂઢ, સરળ અને બહુધા શુદ્ધ અને રસભરી ભાષા'ની પ્રશંસા કરી હતી.

ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ (૧૮૫૩-૧૯૧૨)

ઇચ્છારામનો જન્મ સૂરતમાં, એમના પિતા સૂરજરામ (ઇચ્છારામે 'સૂર્યરામ' કર્યું) લશ્કરમાં સૈનિક તરીકે જોડાયા હતા ને ફારસી-ઉર્દૂના સારા અભ્યાસી હતા. ઇચ્છારામનો વિદ્યાભ્યાસ નિશાળમાં બરાબર થઈ શક્યો નહિ, પણ હસ્તલિખિત પત્રો વાંચવાનો શૉખ ખીલ્યો. સૂરતની એન્ડ્રુસ લાયબ્રેરીનો તેમણે બરાબર કસ કાઢ્યો હતો. વ્યાસજી પાસેથી કથા સાંભળીને તેમણે પોતાની રીતે પુરુષોત્તમ માસની કથા લખીને પ્રગટ કરી એ તેમનું પહેલું પ્રકાશન (૧૮૭૨). નર્મદનાં પુસ્તકો તેમણે હોંશભેર વાંચેલાં. એ નર્મદે જ મુંબઈમાં એમણે શરૂ કરવા ધારેલા પત્રનું 'ગુજરાતી' એવું નામ પાડી આપેલું. નવલરામનું 'મેઘદૂત' ખરીદવાના પૈસા નહિ, તેથી મિત્ર પાસેથી તે મેળવી તેની નકલ તેમણે કરી લીધેલી.

સૂરતમાં થોડો વખત 'દેશીમિત્ર'ના છાપખાનામાં બીબાં ગોઠવ્યાં, પછી મુંબઈ ગયા; થોડો સમય 'આર્યમિત્ર' સંભાળ્યું, 'મુંબઈ સમાચાર'માં પ્રૂફરીડર તરીકે કામગીરી બજાવી. વળી પાછા સૂરતમાં આવ્યા. એમનો જીવ જ પત્રકારનો અને લેખકનો. સ્વતંત્ર મિજાજ એ એમની વિશેષતા. સૂરતમાં તેમણે 'શારદાપૂજક મંડળી' કાઢી અને એના મુખપત્ર તરીકે 'સ્વતંત્રતા' માસિક શરૂ કર્યું (૧૮૭૮). એના પહેલા જ અંકમાં તેમણે દેશની સ્વતંત્રતા માટે હાકલ કરી છે. એમાં એક તેજસ્વી પત્રકારનો અંગ્રેજી અમલના જુલમ સામેનો પ્રકોપ છે. એમના આગઝરતા અગ્રલેખોથી એ સરકારની આંખે ચડ્યા અને 'સૂરત રાયટ કેસ'ની જાણીતી ઘટનામાં સપડાયા. એ સમયે બેરિસ્ટર ગીલ અને સર ફિરોઝશા મહેતાએ તેમને નિર્દોષ છોડાવ્યા. ત્યારથી ફિરોજશા તેમના રાજકીય ગુરુ તરીકે સ્થાન પામ્યા. 'સ્વતંત્રતા'નું આયુષ્ય ટૂંકું નીવડ્યું, તથાપિ ઇચ્છારામ દેશસ્વાતંત્ર્યના રંગમાં ત્યારથી જ ઝબકોળાયા, અને મુંબઈમાં તેમણે 'ગુજરાતી' પત્ર શરૂ કર્યું ત્યારે એમના રાજકીય સ્વાતંત્ર્ય વિશેના વિચારો પ્રગટ કરવાનું તેમને યોગ્ય વાહન મળી રહ્યું (૧૮૮૦). એ પછી તરત તેમણે 'ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ' કાઢ્યું (૧૮૮૪).

ઇચ્છારામે 'સ્વતંત્રતા' માસિકમાં 'હિન્દી અને બ્રિટાનિયા' નામની ભારતના રાજકીય સ્વાતંત્ર્યને લગતી નવલકથા શરૂ કરી હતી. એ 'ગુજરાતી' પત્રમાં પૂરી કરી અને ૧૮૮૬માં પુસ્તકરૂપે પ્રગટ કરી. એ પહેલાં 'આર્ય જ્ઞાનવર્ધક' માસિકમાં તેમણે 'ગંગા-એક ગૂર્જર વાર્તા' નામની સામાજિક નવલકથા પ્રગટ કરી હતી. એમાં જ એક આડકથા તરીકે 'સુરતની શિવાજીની લૂંટ' નામની ઐતિહાસિક કથા લખી હતી. એ બંને ઈ. ૧૮૮૮માં એક જ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઈ. એમની બીજી એક હાસ્ય રસિક નવલકથા 'સવિતા સુંદરી' ૧૮૯૦માં તેમણે પ્રસિદ્ધ કરી. નાની કન્યાને પરણવા જતા એક વૃદ્ધ કેવી ફજેતી પામે છે તેનું તેમાં રમૂજી આલેખન છે. ઇચ્છારામની વિનોદી પ્રકૃતિનો પરિચય 'રાજભક્તિ વિડંબણ' નામના તેમણે પ્રગટ કરેલા એક 'ભાણ'માં પણ મળે છે. રાજભક્તોની ખુશામતખોરીની તેમાં તેમણે સારી ઠઠ્ઠા કરી છે. તેમણે 'ચન્દ્રકાન્ત'ના ત્રણ ભાગ પ્રગટ કર્યા તે એક સમયે ગુજરાતમાં ખૂબ વંચાતા હતા. ચોથા ભાગમાં ૮૦ જેટલાં પાનાં લખાયાં પછી તે અપૂર્ણ રહી ગયો. વેદાન્ત જેવા ગહનગંભીર વિષયને સરળ રીતે અને દૃષ્ટાન્ત સભર શૈલીમાં રજૂ કરવાનો તેમનો એમાં પ્રશસ્ય પ્રયાસ છે. એમાં ગીતાનો કર્મયોગ અને શંકરાચાર્યના જ્ઞાનયોગનો સમન્વય તેમણે દર્શાવ્યો છે. વાર્તાત્મક શૈલીને કારણે 'ચન્દ્રકાન્ત'ના ત્રણે ભાગ બહુજનસમાજને આકર્ષી શક્યા હતા. આ ગ્રન્થ મણિલાલને 'કોઈ અપ્રસિદ્ધ સંસ્કૃત ગ્રન્થનું ભાષાંતર' હોય તેવો લાગ્યો હતો એમાં જ લેખકની શૈલીનો વિજય સમજાય છે.

'બૃહત્ કાવ્યદોહન'ના દસ ભાગ પ્રસિદ્ધ કરવાનો તેમનો મનોરથ હતો. પણ આઠ ભાગ તે પ્રસિદ્ધ કરી શક્યા. અને એ સંપાદન માટે તેમણે સારી એવી સંશોધન પ્રવૃત્તિ કરી. એ ગ્રન્થો પ્રગટ થયા પછી કેટલાક મધ્યકાલીન કવિઓ અને એમની કૃતિઓ વિષે નવો પ્રકાશ પડ્યો છે. તથાપિ સંદર્ભગ્રન્થો તરીકે આજે પણ તે મૂલ્યવાન છે. ૧૮૮૬ થી ૧૯૧૨ સુધીમાં સાત ભાગ પ્રગટ થઈ ગયા હતા. (બૃહત્ કાવ્યદોહનના પ્રગટ થએલા ભાગોની સાલ અનુક્રમે આ મુજબ છે. ૧૮૮૬, ૧૮૮૭, ૧૮૮૮, ૧૮૯૦. ૧૮૯૫, ૧૯૦૦, ૧૯૧૨, અને ૧૯૧૩.) આઠમો ભાગ એમના અવસાન પછી ૧૯૧૩માં પ્રગટ થયો.

બાળકો માટે તેમણે 'બાળકોનો આનંદ' બે ભાગમાં અંગ્રેજી પરથી રચ્યો (૧૮૯૫). એમણે બીજા અનેક વિષયો પર પુસ્તકો પ્રગટ કર્યાં છે. 'ગુજરાતી' પત્ર દ્વારા તેમણે સાહિત્યમાં તેમ જ દેશસેવાના કાર્યમાં આપેલો ફાળો મહત્ત્વનો છે. સરકારની એ પત્ર તરફ ખફા નજર જ રહેતી. ૧૯૧૦માં તેમના રાજકીય લેખોથી સરકારે રોષે ભરાઇને તેમની પાસે ૨૫૦૦ રૂપિયાની જામીનગીરી લીધી તેનો તેમને ભારે આઘાત લાગ્યો. હતોત્સાહ થઈ તે ઉદ્ગાર કરી ઊઠ્યા: 'મેં મારૂં વર્તમાન પત્રકારનું જીવન હવે પૂરૂં કર્યું. મારો ઉત્સાહ મરી ગયો છે.' (સ્વ. ઇચ્છારામના સાક્ષર-જીવનની રૂપરેખા, લેખક નટવરલાલ ઇચ્છારામ દેસાઈ, પૃ. ૩૭.) ૧૯૧૨માં તે અવસાન પામ્યા.

અનંતપ્રસાદ ત્રિકમલાલ વૈષ્ણવ (૧૮૬૧-૧૯૧૭)

ઊંડા ધાર્મિક સંસ્કારવાળા અનંતપ્રસાદ ત્રિકમલાલ વૈષ્ણવનાં દોઢેક હજાર પદો 'આનંદ પદસંગ્રહ'માં (૧૯૨૨) મળે છે. આ ઉપરાંત તેમણે 'જોરાવરવિજય' કાવ્ય, 'હિંમતવિજય' નાટક અને 'ત્રિદંપતી વર્ણન' વાર્તા લખ્યાં છે. પરંતુ લેખક તરીકે એમને કીર્તિ અપાવનાર કૃતિ તો 'રાણકદેવી' (૧૮૮૩) નવલકથા છે. 'કરણઘેલો' નવલકથાની ઢબે જે થોડીક નવલકથાઓ રચાઈ તેમાં નવલરામ 'રાણકદેવી'ને સર્વોપરી ગણે છે.

આ ગદ્યલેખકો ઉપરાંત દલપતરામ પ્રાણજીવન ખખ્ખર (૧૮૩૫-૧૯૦૨), ભગવાનલાલ ઇન્દ્રજી (૧૮૩૯-૧૮૮૮), લાલશંકર ઉમિયાશંકર (૧૮૪૫-૧૯૧૨) વગેરે નિર્દેશપાત્ર છે. (પ્રકરણ પૂરું)

ઓતેમોં ગાકું

અને જાપાન વિષે પાંચ પત્રો

—ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ગુજરાત યુનિવર્સિટી અને જાપાનમાં ઓસાકાની ઓતેમોં ગાકું યુનિવર્સિટી વચ્ચે છેલ્લાં દસ વર્ષથી વિદ્યાર્થી-વિનિમયનો એક કાર્યક્રમ ચાલે છે, તેના અનુસંધાનમાં, ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ શ્રી પ્ર. ચુ. વૈદ્ય ગયા જૂન માસમાં ઓસાકા ગએલા ત્યારે ત્યાંના ટૂંકા રોકાણ દરમિયાન એમણે પોતાની પુત્રીને પત્રો દ્વારા ત્યાંનાં કેટલાંક વિશિષ્ટ પાસાંઓનું રોચક દર્શન કરાવેલું. એ પત્રોમાંથી આપેલી આ તારવણી દ્વારા ત્યાંના વિષે કેટલુંક નવું જાણવા મળશે.

૧...અમે મુંબઈથી સાંજના સવા છ વાગ્યે નીકળેલા અને બીજે દિવસે સાંજે સવા છ વાગ્યે ઓસાકા એરપોર્ટ પર ઊતર્યાં. પણ તેથી મુસાફરી ચોવીસ કલાકની નહિ, પરંતુ સાડા એકવીસ કલાકની થઈ, કારણ કે ઓસાકામાં સાંજના સવા છ વાગ્યા હતા ત્યારે મુંબઈમાં બપોરના પોણા ત્રણ વાગ્યા હશે.

અહીંની ઓતેમોં ગાકું યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે દસ વર્ષથી વિદ્યાર્થી-વિનિમયનો કાર્યક્રમ ચાલે છે. કાર્યક્રમ અંગે ફાઈલ ઉપરના બધા કાગળો તો હું વાંચી ગયો હતો અને તેથી આ ઓતેમોં ગાકું યુનિવર્સિટી વિષે ઘણીખરી માહિતી તો મેં મેળવી લીધી હતી, પણ આ યુનિવાસટીનું નામ ઓતેમોં ગાકું યુનિ. શાના પરથી પડયું કે તેના નામનો શો અર્થ હશે તેની ખબર ન પડી. અહીં આવ્યાના બીજા દિવસે એનો ફોડ પડયો.

તા. ૧૪મી(જૂન-'૮૦)એ ઓતેમોં ગાકું પ્રાથમિક શાળાની મુલાકાતે જવાનો હતો. આ શાળા ઓસાકા શહેરમાં આવેલી છે. (ઓતેમોં ગાકું યુનિ. ઓસાકા શહેરમાં નહિ. પણ ઓસાકા જિલ્લાના ઈબારાકી શહેરમાં છે.) ઓસાકા શહેરની બાજુમાં જૂના જમાનાનો એક કિલ્લો છે તે ઓસાકા કૅસલ નામે ઓળખાય છે. આ કૅસલ એટલે કે કિલ્લાના દરવાજા જાણીતા છે. તેમાં જે મુખ્ય દ્વાર તે 'ઓતેમોં.' જાપાનની ભાષામાં 'ઓતેમોં' એટલે પ્રમુખ દ્વાર–મુખ્ય દરવાજો. અને 'ગાકું' એટલે શિક્ષણસંસ્થા–અકાદમી. આજથી નેવું વર્ષ પૂર્વે ઓસાકા કૅસલની નજીકમાં ઓતેમોં ગાકું પ્રાથમિક શાળાની સ્થાપના થઈ. કિલ્લાના વિખ્યાત દરવાજા ઉપરથી 'મુખ્ય દરવાજો પ્રાથમિક શાળા' (આપણે કદાચ 'મહાદ્વાર પ્રાથમિક શાળા' એવું નામ આપીએ. અને કદાચ જે માનથી આપણે 'મહાદ્વાર' શબ્દ વાપરીએ એવા જ માનથી જાપાની લોકો ઓતેમોં શબ્દ વાપરતા હશે!) ઓતેમોં ગાકુંની સ્થાપના થઈ. આ પ્રદેશમાં આ પ્રાથમિક શાળા ઘણી ખ્યાતિ પામી. વખત જતાં ઓતેમોં ગાકું માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા અને છેવટ યુનિવર્સિટી થઈ. આમ, ૯૦ વર્ષ પહેલાં શરૂ થએલી પ્રાથમિક શાળામાંથી ૧૯૬૬માં ઓતેમોં ગાકું યુનિવર્સિટી રચાઈ. આ યુનિવર્સિટી આપણી યુનિવર્સિટી કરતાં ઘણી રીતે જુદી હશે. પેલી મૂળ પ્રાથમિક શાળા, પછી ઉમેરાએલું બાળમંદિર, મિડલ સ્કૂલ, હાઈસ્કૂલ, સિનિયર હાઈ સ્કૂલ (હાયર સેકન્ડરી સ્કૂલ) તથા કૉલેજ અને અનુસ્નાતક સંસ્થાઓ, બધું જ આ યુનિવર્સિટીના આશ્રયે ચાલે છે.

તો આ છે 'મહાદ્વાર વિશ્વવિદ્યાલય'—ઓતેમોં ગાકું યુનિવર્સિટીના નામનું રહસ્ય!

ઓતેમોં ગાકું પ્રાથમિક શાળામાં અમે બે કલાક રોકાયા. આપણે ત્યાં મ્યુનિસિપલ અને ખાનગી પ્રાથમિક શાળાઓ વચ્ચે ઘણો ફેર પડે છે તેમ અહીં પણ છે. અહીં સરકારી પ્રાથમિક શાળામાં કશી ફી લેવાતી નથી, જ્યારે ઓતેમોં ગાકું પ્રાથમિક શાળામાં ઘણી ભારે ફી છે. આટલી મોટી ફી ભરી શકે તેવાં મા-બાપનાં બાળકો જ આમાં ભણી શકે.

શાળામાં તાજેતરમાં ગણિત-શિક્ષકોનો સેમિનાર યોજાયો હતો તેનો અહેવાલ તથા શાળાનાં બાળકોએ કિત્તાથી લખેલા જાપાની સૂત્રોના નમૂના અમે સાથે લીધા છે.

વધુ ફી ભરતાં કે ફી વગર ભણતાં, બાળકો તો બાળકો જ છે, સરખાં નિર્દોષ અને સરખાં રમતિયાળ. વર્ગમાં શિક્ષક સવાલ પૂછે એટલે આપણે ત્યાં બાળકો જવાબ આપવા આંગળી ઊંચી કરે. અહીં પણ આંગળી તો ઊંચી કરે જ, પણ સાથે 'હેઈક' એમ બોલે પણ ખરાં. આમ, 'હેઇકોચ્ચારથી' આખો વર્ગ ગાજી ઊઠે. આ 'હેઈક' તો જાપાની ભાષાનો વિશિષ્ટ લહેકાથી બોલાતો શબ્દ છે.

૨...ત્યાં અમદાવાદમાં ભાષણ કરતાંકરતાં અમે એમ કહીએ છીએ કે, 'અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી અને ઓસાકાની ઓતેમોં ગાકું યુનિવર્સિટી વચ્ચે વિદ્યાર્થી-વિનિમય કાર્યક્રમ ચાલે છે.' (જો કે અહીં આવ્યા પહેલાં 'ઓટેમોન ગાકુઈન' એમ ઉચ્ચાર કરતા હતા!) પણ અહીં આવ્યા પછી ખબર પડી કે આમાં અહીંની ભૂગોળનું ઓછું જ્ઞાન દેખાય છે. આ ઓતેમોં ગાકું યુનિ૦ ઓસાકામાં છે એમ કહેવું એ ગોંડળની કૉલેજ રાજકોટમાં છે કે કપડવંજની કૉલેજ ખેડામાં છે એમ કહેવા બરાબર થાય! ઓસાકા એ જિલ્લાનું નામ છે અને એ જિલ્લાનું મુખ્ય શહેર પણ ઓસાકા છે. અહીં જિલ્લાને 'પ્રીફેક્ચર' કહે છે. ઓતેમોં ગાકું યુનિવર્સિટી ઓસાકામાં નહિ, પણ ઓસાકા પ્રીફેક્ચરના ઈબારિકી સિટીમાં આવેલી છે.

આપણા જિલ્લાઓમાં અનેક નાનાંનાનાં ગામ હોય છે, પણ અહીંના પ્રીફેક્ચરમાં જુદાંજુદાં 'સિટી' કે 'ટાઉન' હોય છે. અમે જ્યાં ઊતર્યાં છીએ તે હોટેલ 'હેંક્યુ સેન્રી ન્યૂ ટાઉન'માં છે જ્યારે યુનિવર્સિટી 'ઈબારિકી સિટી'માં છે. અહીંના એક પ્રોફેસર ટાગોર તાકાતસુકી સિટીમાં રહે છે. આ બધાં ટાઉન કે સિટી એક લાખથી બે લાખની વસ્તીનાં. મોટરમાં, બસમાં કે ટ્રેનમાં જઇએ તો આ બધાં એકબીજા સાથે જોડાએલાં જ લાગે, પણ દરેક સિટી કે ટાઉન જુદું એટલા માટે કે દરેકની સિટી કાઉન્સિલ (મ્યુનિસિપાલિટી) જુદી છે અને એ દરેકનું અલગ તંત્ર છે. આપણા અમદાવાદમાં નવરંગપુરા, શાહીબાગ, પાલડી, નરોડા એમ બધાંની અલગઅલગ મ્યુનિસિપાલિટી હોય, અને કોટ વિસ્તારને અમદાવાદ નામ આપી તેની જુદી મ્યુનિસિપાલિટી હોય ને આ બધાંનાં તંત્રો અલગ હોય તો આ ઓસાકા જેવું કંઈક થાય. બીજી રીતે કહીએ તો આપણે ત્યાં મોટાં શહેરોનો વિસ્તાર વધારતા જઇને આજુબાજુનાં ગામોને શહેરમાં સમાવી દઇને બૃહદ મુંબઈ–ગ્રેટર બૉમ્બે જેવું કેન્દ્રિત તંત્ર ગોઠવાય છે તેથી ભિન્ન અહીં નાનાં નગરોને જુદાંજુદાં એકમ રૂપે રહેવા દઇને વિકેન્દ્રિત વિકાસ સાધવામાં આવ્યો છે.

અમારું આ 'સેન્રી ન્યૂ ટાઉન' હજી દસ જ વર્ષનું છે. ૧૯૭૦માં અહીં 'એક્સ્પો-૭૦' નામે જે વિશ્વમેળો–વર્લ્ડ ફેર યોજાયો હતો તે વખતે આ ટાઉનશિપ એટલે કે નગર બંધાયું હતું. અહીં એક 'એક્સ્પો-૭૦ ગાર્ડન' પણ છે. આ વિશ્વમેળામાં જે જગ્યાએ ભારતનું

પૅવિલ્યન (મંડપ) હતું ત્યાં હાલ એક મોટું 'એથ્નૉલૉજિકલ મ્યૂઝિયમ' (માનવવંશવિદ્યાનું સંગ્રહસ્થાન) બની રહ્યું છે.

કોબે, ઓસાકા અને ક્યોતો એ ત્રણ નજીકનજીક આવેલાં પ્રીફેક્ચર છે, અને એ ત્રણેને સમાવતો પ્રદેશ 'કાન્સાઇ' નામે ઓળખાય છે. આખા જાપાનમાં ભારતીઓનાં હજાર-બારસો જેટલાં કુટુંબો હશે અને તેમાંથી આઠસો-નવસો કુટુંબો તો આ કોબે–ઓસાકા–ક્યોતો વિસ્તારમાં વસે છે. માટે તો ભારતીય એલચી કચેરીની મોટી શાખા–કૉન્સલ જનરલની કચેરી કોબેમાં આવેલી છે. કોબે જાપાનનું પ્રથમ કક્ષાનું બંદર છે અને તેથી વેપાર-ઉદ્યોગમાં પડેલા ભારતીઓની ઑફિસો કોબેમાં અને વસવાટો કાન્સાઈમાં જ્યાં સગવડ લાગે ત્યાં છે.

કોબે મોટું બંદર છે તો ક્યોતોનું ઐતિહાસિક મહત્ત્વ છે. તોક્યો તો દોઢસો વર્ષથી રાજધાની બન્યું છે, પણ તે પહેલાં લગભગ હજાર વર્ષ સુધી ક્યોતો જાપાનનું પાટનગર હતું. એ જૂની રાજધાની ક્યોતો અને નવી તોક્યો! આપણે અંગ્રેજી સ્પેલિંગ પરથી ટોકિયો બોલીએ છીએ, પણ તેનો જાપાની ઉચ્ચાર તોક્યો છે. અને જ્યારે જાપાનની ભાષામાં લખાય ત્યારે તો 'તોક્યોતો' લખાય છે. 'તો'નો અર્થ 'પૂર્વ' થાય છે. આમ, પૂર્વનું ક્યોતો માટે તોક્યોતો ને તેમાંથી થયું તોક્યો.

ક્યોતો–ઓસાકા–કોબેના પ્રદેશથી તોક્યો લગભગ ૫૦૦ કિલોમીટર, એટલે કે અમદાવાદથી મુંબઈ જેટલું દૂર છે. અહીંથી તોક્યો સુધી કલાકના ૨૦૦ કિલોમીટરની ઝડપે દોડતી 'બુલેટ ટ્રેન' દર દસ કે પંદર મિનિટે (લોકલ ટ્રેનની માફક) ઊપડે છે અને ત્રણેક કલાકમાં તોક્યો પહોંચાડે છે. કાન્સાઈ પ્રદેશમાં વસતા અને તોક્યોમાં વ્યવસાય કરતા લોકો રોજ બુલેટ ટ્રેનમાં આવજા કરે છે. આ પત્રમાં આ પ્રદેશની જરૂરી ભૂગોળ આવી ગઈ એટલે હવેના પત્રો સમજવા સરળ થશે.

૩...અહીં અત્યારે (જૂન '૮૦) ચૂંટણીના દિવસો છે. જાપાનની પાર્લમેન્ટ 'ડાએટ' (Diet) કહેવાય છે. ડાએટનાં બે ગૃહો છે: ઉપલું ગૃહ અને નીચલું ગૃહ. ઉપલા ગૃહની ચૂંટણી દર ત્રણ વર્ષે થાય છે, જ્યારે નીચલા ગૃહની દર પાંચ વર્ષે. સામાન્ય રીતે બન્ને ગૃહોની ચૂંટણી સાથે આવતી નથી. અને આ વખતે પણ માત્ર ઉપલા ગૃહની ચૂંટણી જ હતી, પરંતુ એપ્રિલ માસમાં રાજકર્તા પક્ષ 'લિબરલ ડેમોક્રેટિક પાર્ટી'માં ફાટફૂટ પડી, સરકારી પક્ષના કેટલાક સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તમાં સરકાર વિરુદ્ધ મત આપ્યો અને તેથી વડા પ્રધાન ઓહિરાએ રાજીનામું આપી ફરી ચૂંટણી જાહેર કરી. આમ, જૂનની ૨૨મીએ બેવડી ચૂંટણી થઈ.

પરંતુ આ દરમિયાન વડા પ્રધાન ઓહિરાનું ૧૨ જૂને અવસાન થયું તે તો તમે વાંચ્યું હશે. (અમે અહીં તે જ દિવસે પહોંચ્યા હતા.) એ અવસાનના કારણે ચૂંટણી પ્રચાર જરા મોડો શરૂ થયો. ૨૨ જૂને ચૂંટણી હતી. ૧૫મી ને રવિવારથી પ્રચારે રંગ પકડ્યો. વડા પ્રધાનના મૃત્યુની બીજી અસર એ પડી કે તેના પક્ષ લિ. ડે. પાર્ટીમાં જે ફૂટ હતી તે કામચલાઉ સંધાઈ ગઈ અને પક્ષ સંયુક્ત બનીને ચૂંટણી લડ્યો.

જો કે અહીંના ચૂંટણી-પ્રચારમાં આપણને ઝાઝી સમજણ ન પડે. કારણ પેમ્ફ્લેટ, પોસ્ટર, પતાકા બધું જાપાની ભાષામાં. છતાં કેટલીક વિશિષ્ટતાઓ તો જરૂર નજરે પડી. આપણી લિપિ ડાબીથી જમણી બાજુ આડી લખાય પણ જાપાની લિપિ ઉપરથી નીચે ઊભી લીટીમાં લખાય છે. ચૂંટણી જેવા વખતે આનો એક સરસ લાભ મળે. આપણે રસ્તા પર ચૂંટણી-બૅનર લગાડવાં હોય તો રસ્તાની બંને બાજુએ વીજળી કે ટેલિફોનના થાંભલા ઉપર દોરી બાંધીને વચ્ચે લટકાવવાં પડે અને પવનમાં બેનરનું કાપડ ઊલટુંસૂલટું થઈ જાય તેની યે ચિંતા. આપણું લખાણ આડી લીટીમાં એટલે આમ થાય, જ્યારે અહીં તો બૅનરને ઊભું જ લટકાવવાનું એટલે વીજળીના એક થાંભલા સાથે ઉપર-નીચેથી બાંધી દે એટલે પત્યું. અરે પતાકાની જેમ લટકતું યે ચાલે.

જો કે બાબા જયગુરુદેવના ચેલાઓની વૃત્તિ બાદ કરતાં આપણે ત્યાં હવે કોઈની ભીંતો બગાડવાનો રિવાજ કંઇક ઓછો થયો છે, પણ અહીં તો એવી રસમ છે જ નહિ. ઉમેદવારના ફોટો કે ચૂંટણીનાં અન્ય પોસ્ટરો પણ જ્યાં ત્યાં ચોડવાનો રિવાજ નથી. મુખ્યમુખ્ય સ્થળે એક મોટું પાટિયું લગાડેલું હોય છે. તેની ઉપર ૮, ૧૨ કે ૧૬ પોસ્ટર સાઈઝના ભાગ હોય છે અને તેના ઉપર ૧ થી ૮, ૧૨ કે ૧૬ સુધીના આંકડા લખેલા હોય છે. બૅલટ ઉપર ઉમેદવારનો જે ક્રમ હોય તે ક્રમના ચોકઠામાં તે પોતાનું પોસ્ટર લગાડે.

અલબત્ત, પ્રચારના છેલ્લા દિવસોમાં મોટરમાં માઇક સાથે બૂમબરાડા પડાતા તો અહીં પણ જોવા મળ્યા. આપણે ત્યાંની જેમ અહીં પણ સામ્યવાદી પક્ષની 'સ્ટ્રીટ કૉર્નર' મીટિંગો જોવા મળી. એક મોટી સભા પણ જોઈ. કયા પક્ષની હતી એ તો સમજાયું નહિ. અહીં ગુરુવારે ઘણા સ્ટોર રજા પાળે છે. રવિવારની ચૂંટણી પહેલાંના ગુરુવારે રસ્તા વચ્ચે મોટરની ઉપર માઇક ગોઠવીને ડાબી બાજુ ફૂટપાથને અડીને ભાષણ કરનારનો મંચ ગોઠવાયો હતો. એ સ્થળે ચાર રસ્તા મળતા હતા. એટલે તેમાં બનતા ટ્રાફિક આઈલૅન્ડ ઉપર, ચારે તરફની ફૂટપાથ ઉપર, ધોરી માર્ગ ઓળંગવા માટે બનાવેલી રસ્તાની સીડીઓ ઉપર, એમ. ટૂંકમાં ચારે મુખ્ય રસ્તા ઉપર મોટરોની આવજા ચાલુ જ રહી શકે તે રીતે લગભગ બેથી ત્રણ હજાર માણસ એકઠું થયું હતું. ભાષણ ચાલતું હતું, તાળીઓ પડતી હતી, સૂત્રો પોકારાતાં હતાં અને રસ્તા ઉપરનો મોટરનો ટ્રાફિક પણ ધીમી ગતિએ વણથંભ્યો ચાલુ હતો. આટલું જ નહિ, પ્રચાર કરનાર પક્ષની છ બહેનો માઈકવાળી મોટરની બાજુમાં ઊભી હતી. અને પસાર થતી બધી જ મોટરોને ઝૂકીઝૂકીને વંદન કરતી હતી. નમ્રતા અને શિસ્ત તો જાપાની લોકોને ગળથૂથીમાં મળેલાં છે.

ક્યોતોની યુનિવર્સિટીના 'ઇન્સ્ટિટ્યુટ ઑવ ફન્ડામેન્ટલ ફિઝિક્સ'માં પ્રો. સાતો નામના વૈજ્ઞાનિકને હું મારા સંશોધનના અનુસંધાનમાં મળવા ગયો હતો. મુલાકાત બાદ અમે બધા જમવા ગયા ત્યાં વાત નીકળતાં ખબર પડી કે ક્યોતો શહેરમાં સામ્યવાદી પક્ષનું સારું વર્ચસ્વ છે. ક્યોતો આમ તો ઐતિહાસિક નગર છે અને ત્યાં કોઈ મોટા ઉદ્યોગો પણ નથી તેથી જરા નવાઈ લાગી. પણ ગઈ ડાએટમાં ક્યોતોના પાંચમાંથી બે પ્રતિનિધિઓ સામ્યવાદી પક્ષના ચૂંટાયા હતા. જો કે દેશ સમસ્તમાં સામ્યવાદી પક્ષને એવી પસંદગી મળતી નથી. આપણા દેશની જેમ અહીં પણ તેમનાં પૉકેટ્સ છે.

ગઈ કાલે ચૂંટણી થઈ ગઈ. આજે નીચલા ગૃહનાં પરિણામો પણ જાહેર થવા માંડ્યાં છે. બપોર સુધીમાં લિ. ડે. પાર્ટીને તેમાં બહુમતી મળી ચૂકી છે. જાપાનના રાજકારણમાં આપણને સીધો રસ નથી એટલે તે વિષે વિસ્તારથી લખતો નથી, પણ ત્યાંની ચૂંટણીમાં જે વિશેષતાઓ જોવા મળી તેનો જ આ ઉલ્લેખ છે.

૪...જાપાન એક જુદો તરી આવે એવો દેશ છે. ઉદ્યોગીકરણ અને ઉચ્ચ જીવનધોરણમાં તે અમેરિકાને આંબી ગયો છે. છતાંયે એ પૂર્વનો દેશ છે. સંસ્કાર, ભાષા અને ધર્મમાં તે ચીન, થાઇલૅન્ડ કે ભારતને બહુ મળતો આવે. અહીંના બાર દિવસના વસવાટ દરમિયાન આ બંને પાસાં સમજવા-નિહાળવાનો મોકો મળ્યો.

'એક્સ્પો-૭૦'ના સ્થળે અત્યારે નવું અદ્યતન સંગ્રહાલય આકાર લઈ રહ્યું છે. નૃવંશવિદ્યાના આ સંગ્રહાલયનો અગાઉ મેં ઉલ્લેખ કર્યો છે. જુદાજુદા દેશના લોકોની સમયસમય પર બદલાતી રહેણી-કરણીનું આ પ્રદર્શન છે. ચીન, ઈન્ડોનેશિયા, ઉત્તર-દક્ષિણ બંને અમેરિકા,

સાઇબીરિયા અને જાપાનના વિભાગો તૈયાર થઈ ગયા છે. આફ્રિકા અને ભારતીય ઉપખંડના વિભાગો માટે મકાન બંધાઈ રહ્યાં છે. આપણે પુસ્તકોમાં વાંચીએ છીએ કે સંગ્રહાલય અભ્યાસનું વિશિષ્ટ સાધન છે, પણ આપણા સંગ્રહાલયોનો ઉપયોગ જિજ્ઞાસા સંતોષવાથી વિશેષ થતો હોય તેવો અનુભવ નથી. શાળાની ટુકડીઓ સંગ્રહાલયની મુલાકાતે બહુ જતી નથી, અને જાય છે તેમાં પણ મુખ્ય હેતુ કુતૂહલ (curiosity) મિશ્રિત હોય છે. અહીં આ એથનોલોજિક્લ મ્યૂઝિયમનો શિક્ષણસંસ્થા તરીકે સીધો ઉપયોગ થાય છે. એક તો અહીં પ્રદર્શિત કરેલી દરેક વસ્તુને અડકવાની કે તેનો ઉપયોગ ચકાસવાની છૂટ છે. બીજું અહીં કોઈ પણ દેશના દરેક તબક્કાની વિગત દર્શાવતી વિડીઓ ટેપ તૈયાર હોય છે. લગભગ પચાસ જેટલાં ટી. વી. જોવાનાં એકમો છે. કોઈ પણ ઇચ્છુક નજીવી કિંમતે આ ટી. વી. જોવા માટે જોઇએ તેટલી ટિકિટ ખરીદી શકે છે. દરેક ટી. વી. એકમમાં ત્રણ બેઠક હોય છે. બેઠક પર બેસીને લીધેલી ટિકિટ એક ખાસ ખાનામાં સેરવી દેવાની અને પછી વિષયોની યાદીમાથી જે નંબરનું બટન દબાવો કે તુરત જ તે અંગેનો સંદેશ ટેપ-લાયબ્રેરીમાં પહોંચી જાય અને ત્યાં ઇલેક્ટ્રોનિક સાધન દ્વારા તમારે જોઇતી ટેપ ત્યાંના સંગ્રહમાંથી બહાર આવીને ટી. વી. સેટ સાથે જોડાઈ જાય, અને એ ટી. વી. સેટ પર જોઇતો વિષય જોવા મળે. આમ આ પચાસ ટી. વી. એકમો વચ્ચે પાંચસોથી યે વધુ વિડીઓ-ટેપ છે. ક્યારેક કોઈ શાળાનું જૂથ આવ્યું હોય તો એક સાથે ૨૫-૩૦ ટેપની માગણી પણ આવે. અને ત્યારે યે કૉમ્પ્યુટર સિસ્ટમથી બધું ગોઠવાઈ જઈને બે મિનિટમાં તો એ ટેપ ટી. વી. ઉપર દેખાવા લાગે.

આવી બધી સગવડો તો આપણી પાસે નાણાં હોય તો આપણે પણ ઊભી કરી લઇએ. પણ ધ્યાન ખેંચે એવી મુખ્ય વાત તો બીજી છે. વિદ્યાર્થીઓનાં ટોળાં એક વસ્તુથી બીજી વસ્તુ તરફ જોતાંજોતાં આગળ વધતાં જાય અને સાથેના શિક્ષક તે તે વસ્તુનું વર્ણન કરતા જાય એવું અહીં જોવા મળ્યું નહિ. અહીં તો વિદ્યાર્થી કોઈ એક દેશના કોઈ એક કાળના વિભાગમાં પલાંઠી મારીને ખોળામાં નોટ-પેનસિલ લઈ બેઠા-બેઠા કે વિડીઓ ટેપ જોતોજોતો નોંધ કરતો જોવા મળે. આવી રીતે નોંધ ટપકાવતા વિદ્યાર્થીઓ અહીં ઠેરઠેર જોયા. આ રીતે નોંધો કરવાનું એક મુખ્ય કારણ એ છે કે અહીં શાળાઓમાં પણ દસમા ધોરણ પછી કોઈ એક વિષયવસ્તુ લઈ ને તેના પર વર્ણનાત્મક મહાનિબંધ (ટર્મ પેપર) લખવાનું પરીક્ષાના એક ભાગ તરીકે છે.

અહીંની ૫૦૦ ઉપરાંતની વિડીઓ ટેપમાં 'ભારતીય સાડી' વિષેની વિડીઓ ટેપ વિદ્યાર્થિનીઓમાં ઘણી પ્રિય છે એમ તેની બહોળી માગ ઉપરથી જણાયું છે.

આ મ્યૂઝિયમની મુલાકાત પછી અહીં જે કંપનીએ વિડીઓ ટેપ લાયબ્રેરીની આ સમગ્ર કૉમ્પ્યુટર સિસ્ટમ બનાવીને ગોઠવી છે તે માત્સુશીતા ઇલેક્ટ્રિક કંપનીનું કારખાનું જોવા ગયા. આ માત્સુશીતા કંપની "નેશનલ'ના નામે બેટરીસેલ પણ બનાવે છે અને તેનું એક કારખાનું વડોદરામાં પણ છે. અહીં તો નેશનલ કલર ટી. વી. નું ઉત્પાદન જે એકમમાં થાય છે તે અમે જોયું. આપણે ઘેર ટી. વી. છે તેમાં વાલ્વ છે. સ્વિચ કર્યા પછી થોડી વારે વાલ્વ 'ગરમ' થાય પછી એ ટી. વી. ચાલુ થાય. પણ હવે તો સ્વિચ કરતાં જ તુરત ચાલુ થાય તેવા 'સોલિડ સ્ટેટ' ટી. વી. આપણે ત્યાં પણ બનવા લાગ્યા છે. માત્સુશીતા કારખાનામાં ટી. વી.ની બિલકુલ આપમેળે કામ કરતી ઑટોમેટિક ઍસેમ્બ્લી લાઈન જોઈ. ઑટોમેટિક ઍસેમ્બ્લી લાઇન એટલે લાંબા ટેબલ ઉપર જુદાંજુદાં યંત્રો હારબંધ ગોઠવ્યાં હોય અને તેની પાસે એક પાટા ઉપર એક પાટિયું આગળ ખસતું જતું હોય. આ રીતે એ જે યંત્ર પાસે આવે ત્યારે તે યંત્ર તેમાં જરૂરી ઇલેક્ટ્રોનિક ભાગ ગોઠવી દે. આમ એ બધાં યંત્રો પાસે થઇને બીજે છેડે પહોંચે ત્યારે તેમાં બધા જરૂરી ભાગો આપમેળે ગોઠવાઈ ગયા હોય. આમ પેલા પાટા ઉપર એકની પાછળ એક એમ પાટિયાંનો પ્રવાહ સતત ચાલતો રહે અને એક જ સમયે તે બધાં પર પેલાં યંત્રો દ્વારા આપમેળે કોઇ ને કોઈ ભાગ ગોઠવાતો જ રહેતો હોય. આમ એક સાથે સંખ્યાબંધ ટી. વી. સેટ તૈયાર થતા રહે. આ આખી લાઈન ઉપર એક જ માણસની દેખરેખ હોય.

અમેરિકાને પણ આંબી ગએલી જાપાનની ઔદ્યોગિક પરંપરાની આ એક ઝલક છે. બાકી અહીં તો ચોવીસે કલાક ટી. વી. ચાલ્યા જ કરે છે. અમારા ઓસાકામાં પણ પાંચ ચેનલમાં જુદાજુદા કાર્યક્રમો આવતા રહે. મોટામોટા ફ્રીવે (મુક્ત માર્ગ) ઉપર મોટરો સતત દોડ્યા જ કરે એવી બધી લાક્ષણિકતાઓ પણ ખરી જ.

અને આ બધું છતાં જાપાન પૂર્વનો દેશ છે એની પ્રતીતિ પણ ડગલે ને પગલે થતી જ રહે છે. જાપાન અને ભારત મૂળભૂત રીતે પૌર્વાત્ય સંસ્કૃતિનો સમાન વારસો ધરાવે છે તેની પ્રતીતિ તો અહીં ઠેરઠેર જોવા મળે છે.

૫...જાપાનમાં મોટા ભાગના લોકો બૌદ્ધ ધર્મ પાળે છે, અને તે આપણા દેશ અને જાપાનને જોડતી એક મજબૂત સાંસ્કૃતિક કડી છે. જાપાનના કૌટુંબિક રીતરિવાજોમાં તે સ્પષ્ટ દેખાઈ આવે છે. આપણે ત્યાં ઘરમાં દાખલ થતાં પહેલાં, બૂટ-ચંપલ ઉતારીને દાખલ થવાનો રિવાજ છે. જાપાનમાં પણ એવો રિવાજ છે. પણ જાપાની લોકો તો ભારે ચીવટવાળા. કોઈને ઘેર જાઓ કે ડૉક્ટરના દવાખાનામાં જાઓ, પહેલા જ ખંડમાં બુટ-ચંપલ ઉતારવાની જગ્યા હોય અને સાથોસાથ જુદાંજુદાં માપની સપાટ જેવી કાપડની બનાવેલી ચંપલો તૈયાર પડી હોય. આવનાર વ્યક્તિ પોતાનાં બૂટ-ચંપલ ત્યાં ઉતારી લે અને પેલી સપાટોમાંથી પોતાને અનુકૂળ માપની સપાટ પહેરીને પછી જ અંદર દાખલ થાય. પાછા વળતી વેળા પેલી સપાટો યથાસ્થાને મૂકી પોતાનાં બૂટ-ચંપલ પહેરી લે. બૂટ પહેરવાની સરળતા માટે પ્લાસ્ટિકનાં મોટાંમોટાં જીભિયાં પણ ત્યાં રાખ્યાં હોય.

જાપાનિઝ ભાષામાં મંદિર માટે 'જી' શબ્દ છે. જાપાનનાં મંદિરોનાં નામ વાંચીએ તો તેમાં હમેશાં છેલ્લે જી આવતો વંચાય. જેમ કે 'તોદાયજી', 'હોડયોજી' વગેરે. તોદાયજી એટલે પૂર્વનું મુખ્ય મંદિર, હોડયોજી એટલે બંધારણ અને કાનૂનનું મંદિર. આપણી જેમ અહીં પણ ભાવિકો મંદિરમાં દેવને અનાજ કે સિક્કા ભેટ રૂપે અર્પે છે. નિજમંદિરમાં આવા અનેક સિક્કા વેરાએલા જોવા મળે. મંદિરમાં ધૂપ-દીપ પણ થાય. લોકો આપણી જેમ જ બે હાથ જોડીને દેવને નમન કરે અને મંદિરોમાં પાઠ કરતો કે ૧૦૮ મણકાની માળા ફેરવતો પૂજારી પણ જાપાનના મંદિરમાં જોવા મળે.


હોડયોજી મંદિર ઘણું જૂનું છે. (જાપાનમાં બૌદ્ધ ધર્મ ૮મી સદીમાં દાખલ થયો એટલે 'ઘણું જૂનું'નો અર્થ ૮મી સદીથી વહેલું તો નહિ જ.) તેમાં ગૌતમ બુદ્ધની ઘણી મોટી પ્રતિમા છે. સાથે અનેક સંતોની પ્રતિમાઓ પણ છે. આ બધી પ્રતિમાઓ નીચે તેમનાં જાપાની નામની સાથેસાથે મૂળ સંસ્કૃત નામો પણ આપેલાં છે. અવલોકિતેશ્વર, પ્રભાતરંજની, માયા જેવાં નામો વાંચીને તેનો ઉચ્ચાર કરવાનો પ્રયત્ન કરતા જાપાની ભાવિકોને જોતાં ભારત-જાપાન વચ્ચેની સામાન્ય સાંસ્કૃતિક કડીનો ખયાલ આવ્યા વગર ન રહે.

છેલ્લે આર્થિક જાહોજલાલીની ટોચે પહોંચેલા અને જ્ઞાનવિજ્ઞાન તથા ઉદ્યોગ-વ્યવસાયના ક્ષેત્રમાં પશ્ચિમના કોઈ પણ દેશ સાથે બરાબરીની સ્થિતિ પ્રાપ્ત કરનાર આ દેશમાં સ્ત્રીઓ પણ વિવિધ વ્યવ-

(અનુસંધાન પૃષ્ઠ ૮૬)

કલાવાર્તા

ડૉ. દામોદર બલર






ડૉ. દામોદર બલર, એમ. ડી., પૅથૉલૉજિસ્ટ. અમદાવાદમાં એમની લૅબોરેટરી છે. પણ આ વ્યવસાયમાંથી સમય મળે ત્યારે એ એક જુદી વ્યક્તિ બની જાય છે : કાં તો ચિત્રો કરે અથવા લખે. આ ચિત્રકામ અને લેખન એ એમના પ્રિય વ્યાસંગ છે, અને આ ત્રણેય વિષયમાં એ નિષ્ણાત છે.

'ક્ષિતિજ'માં પ્રકટ થએલ 'બે ગદ્ય ખંડો'-માં એમણે લખ્યું છે: 'સર્જનમાં જ મારા બધા આવેગો વિરમતા'. અને આ એક વાક્યથી એમના વ્યક્તિત્વનો અંદાજ આવી જાય છે. એમની સાથેના વાર્તાલાપમાંથી એમની ઊંડી કલાસૂઝ અને બહોળા વાચનનો પણ સહેજે ખયાલ મળી રહે છે. થોડા વખત પહેલાં અમદાવાદની 'કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલેરી'માં એમનાં ચિત્રો પ્રદર્શિત થએલાં. આઠ-આઠ ફૂટ જેટલા મોટા ચિત્રફલક પર મુક્તપણે કરેલું રૂપવિધાન એમના ગતિશીલ કલાભિગમની દિશા સૂચવે છે. જો કે આ દિશામાં વળતાં પૂર્વે તેઓ પણ પૅારા પદ્ધતિથી અને ચિત્રવિષય નિશ્ચિત કરીને ચિત્રકામ કરતા. ધીરેધીરે અદ્યતન કળાની સમજ કેળવતા જઈ અગમ્ય તરફ ઢળ્યા છે. પણ માત્ર અગમ્યતાના બદલે વિષયને ગૌણ રાખીને કરેલું રૂપવિધાન સબળ બને છે, અને એ રીતે મુક્તપણે ચિત્રસર્જન થઈ શકે છે એમ તેમનું માનવું છે. આથી એમનાં ચિત્રસર્જનમાં માનવ કે પ્રાણી વગેરે રંગરેખાની લયબદ્ધ છંદલીલામાં ઓગળી જાય છે. આ અંકના પૂઠા પરના તેમના 'અવતરણ' ચિત્રમાં દેખાતી સંખ્યાબંધ ગાયોની દેહછટાઓમાં એમના નિરીક્ષણ અને એમની કલાશૈલીનો અંદાજ મળી જાય છે. એમની કાર્યપદ્ધતિ પણ આગવી છે. કોરા કૅનવાસ ઉપર પ્રથમ રચનાના બંધારણરૂપ મૂકેલી રેખાઓ ચિત્રવિકાસમાં આગળ જતાં ક્યાંક આકાશ, ક્યાંક ધરતી કે ક્યાંક કોઈ આકાર કે પાત્ર બની જાય છે. આમ પૂર્ણ થવા પૂર્વે તો એ ચિત્ર અનેક ફેરફારો પામે છે. પણ આ ફેરફારો એ પોતે સભાનપણે કરતા નથી. ચિત્ર જ જાણે આપોઆપ જન્મ પામે છે. એમનાં ચિત્રોની રંગાવટ પણ એવી જ સરળ. કોઈ એક રંગને મુખ્ય બનાવી એમાં જરૂરી લાગે એટલી જ ભિન્ન રંગ છાયા તેઓ ઉમેરે છે, પરંતુ ઓછા રંગપલટા છતાં યે એ રંગભર્યું લાગે છે. એમનાં ચિત્રોમાં અભિવ્યક્તિની ચોટ કલાની સૂઝ અને પીંછીની મસ્તી પણ સહજ જોવા મળે છે.


જેમ ચિત્રોમાં તેમ જ લેખનમાં પણ એમની કલમ આગવી છે. એમાં યે ઉઠ્યન તો ખરું જ, પણ ફૉર્મના ભોગે નહિ. આરંભમાં એમણે 'ક્ષિતિજ' અને 'વિશ્વમાનવ'માં ગદ્યખંડો લખ્યા. પોતાના વ્યવસાયને લગતા બારેક જેટલા સંશોધન લેખો પણ લખ્યા છે. 'બેહુલા' અને 'અપૂર્વ અપેક્ષા' એ એમની નવલકથાઓ. લેખનમાં સબળ અને સહજ ભાષા તથા વિચારોની સજગતા ધ્યાન ખેંચે છે. એમના જ શબ્દોમાં કહીએ તો એમના ચિત્રસર્જનમાં અને લેખનમાં તેઓ પોતાનો જીવનપટ પહોળો કરે છે.

સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજ્યના ભોરીંગડા ગામમાં ઈ. ૧૯૩૩ની ૬ સપ્ટેમ્બરે એમનો જન્મ. ગામની શાળામાં ભણી ઊતરીને વધુ અભ્યાસ માટે ભાવનગર આવ્યા અને એક શાળામાં દાખલ થયા. પણ પછી ખબર પડી કે ત્યાંની 'ઘરશાળા'માં ચિત્રકાર જગુભાઈ શાહ કલાના વર્ગો પણ ચલાવે છે એટલે તેઓ પેલી શાળા છોડી દઈને ઘરશાળામાં આવી ગયા. કલાકાર સોમાલાલ શાહ પણ ત્યારે ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં હતા. તેમના વર્ગોમાં પણ એમણે આવનજાવન રાખી. એ સમયે પણ એમણે મોટા કદનાં ભીંતચિત્રો પર હાથ અજમાવેલો. જગુભાઈની એમના પ્રત્યે વિશેષ મમતા એટલે એમનું ઘર પણ એમને પોતાનું જ લાગતું. સમગ્ર અભ્યાસકાળ દરમિયાન કાવ્ય, ગાન, નાટક, નૃત્યનાટિકા, રમતગમતો, ફોટોગ્રાફી વગેરે ઇતર વિષયોમાં પણ સક્રિય રસ લે. ભાવનગરમાં શામળદાસ કૉલેજમાં ઈન્ટર સાયન્સ સુધી અભ્યાસ કરી ફર્સ્ટ એમ. બી. બી. એસ. માટે જામનગરની એમ. પી. શાહ મૅડિકલ કૉલેજમાં ભણીને પછી અમદાવાદ આવીને તેઓ એમ. બી. બી. એસ. થયા.


પોતાની કારકિર્દીનો આરંભ એમણે પ્રાધ્યાપક બનીને કર્યો. ત્યારે અમદાવાદમાં પણ સ્થાન મળતું હતું પણ તેમણે વડોદરા જવાનું પસંદ કર્યું. કારણ, ત્યાં કલાશાળા હતી અને તેમાં જ્યોતિ ભટ્ટ, ગુલામમહમદ શેખ, ભુપેન ખખ્ખર વગેરે જેવા કલાકાર મિત્રો તથા ભોગીલાલ ગાંધી ને સુરેશ જોષી જેવી સાહિત્યક્ષેત્રની વ્યક્તિઓનો સંપર્ક સહજ હતો. ઈ. ૧૯૬૧ થી '૬૬ તેઓ વડોદરા રહ્યા. દરમિયાન એમણે રેસિડન્ટ પૅથૉલૉજિસ્ટ અને સહાયક પ્રોફેસર ઑવ પૅથૉલૉજી તરીકે કામ કર્યું,→



રથારૂઢ સૂર્ય. નીચે : ધર્મરથ. ૧૯૮૦માં રાષ્ટ્રીય માન પામેલી કૃતિ.



૧૯૭૮માં સોવિયેત પ્રજાને ભેટ આપેલું કાષ્ઠશિલ્પ





પાછળ જેમનો પરિચય આપ્યો છે એ કાષ્ઠશિલ્પી ત્રિકમલાલની કેટલીક કૃતિઓ. ઉપર : નાગ-દમન. કૃષ્ણથી પરાજિત કાલિયનાગના અમળાતા દેહની સુંદર ગૂંથણીવાળી જાળી. નીચે : વૃક્ષ હચમચાવીને તેના પર ચડેલા કૌરવોને પાડતો ભીમ. વડનગરના હાટકેશ્વર-મંદિરમાંના એક શિલ્પની પ્રેરણાથી ઉતારેલા શિલ્પવિષયને કેન્દ્રમાં રાખીને કરેલી શોભનશિલ્પવાળી જાળી.



જણાવતાં અત્યંત દુ:ખ થાય છે કે
વૈદિક સંસ્કૃતિ, સાહિત્ય અને સંસ્કારના જ્યોતિર્ધર
હિન્દી ભાષાના સમ્માનીય લેખક તથા 'કુમાર'ના ચાહક વડીલ સમા


પ્રા. શંકરદેવ વિદ્યાલંકારનું

ટૂંકી માંદગી બાદ ગઈ ૨ એપ્રિલના રોજ મુંબઈમાં અવસાન થયું છે.
સ્વર્ગસ્થના આત્માને શાંતિ પ્રાર્થીએ છીએ.

અને પછી એમ. ડી. થઇને અમદાવાદ આવી એમણે કન્સલ્ટિંગ પૅથોલોજિસ્ટ તરીકે હાલ સ્વતંત્ર કામ કરે છે.

ચિત્રકામ અને લેખન એમનો વ્યાસંગ છે. પોતાના ઘરમાં એમણે સારો એવો ગ્રંથ-સંગ્રહ વસાવ્યો છે અને અગાશીમાં એક ચિત્રખંડ પણ. વ્યાવસાયિક વ્યસ્તતા અને સામાજિક ફરજોમાંથી જરા પણ સમય મળે કે એ કલમ કે પીંછી લઇને સર્જનમાં લાગી જાય છે. એમના જ શબ્દોમાં કહીએ તો એમના બધા આવેગો એ સર્જનમાં જ વિરમે છે.

–નટુભાઈ પરીખ



કાષ્ઠશિલ્પી ત્રિકમલાલ

'મિસ્ત્રી ત્રિકમભાઈમાં ઘણી શક્યતાઓ અને સમજણ ભરી છે તેનો મને અંગત અનુભવ છે. તેમણે પોતાની કૃતિઓથી તેમ જ તેમની વિવિધ પ્રકારની આવડતથી જે પ્રગતિ બતાવી છે તે ખરેખર નોંધપાત્ર ગણવી જોઇએ.' આ શબ્દોથી ગુજરાતના કલાગુરુ સ્વ. રવિશંકર રાવળે જેમની ઓળખ આપી હતી તથા જેમના વિકાસમાં સક્રિય રસ લીધો હતો તેમની કલાશક્તિની પ્રતીતિ પાછળના પૃષ્ઠ ઉપર આપેલી કાષ્ઠની કલાકૃતિઓ પરથી મળી રહે છે.

ગુજરાતમાં સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ પ્રથમ આવતા ખેડા જિલ્લાના જ એક કૌશલસંપન્ન પરિવારમાં ત્રિકમલાલનો જન્મ થયો. પિતા જીવણલાલ તે સમયના ઘોડાસર રાજ્યના રાચરચીલાનું કામ કરતા. મુંબઈના ગવર્નરની એ રાજ્યની મુલાકાત પ્રસંગે એમણે ખાસ બનાવેલું રાચરચીલું અત્યંત પ્રશંસા પામ્યું હતું. પિતાનો એ કલાવારસો પુત્ર ત્રિકમલાલે ગળથૂથીમાંથી જ મેળવ્યો હતો.

વધુ સારી તાલીમના હેતુથી પિતાએ એમને વડોદરામાં સોમનાથભાઈ મેવાડાને ત્યાં મોકલ્યા હતા, ત્યાં કૌશલ પ્રાપ્ત કર્યા બાદ થોડો સમય અન્યત્ર કામ કરીને ત્રિકમલાલ પંચમહાલ જિલ્લાના તાલીમ-કેન્દ્રમાં જોડાયા હતા. જો કે એ સમયે વધુ સારી આવક સાથેનું સ્થાન પણ એમને સુલભ હતું, પરંતુ ઊગતી પેઢીને તાલીમ આપીને કાષ્ઠકૌશલને જીવંત રાખવાની ઉદાત્ત ભાવનાથી એમણે તેનો અસ્વીકાર કરેલો. આજે તેઓ અમદાવાદમાં 'સ્ટેટ ડિઝાઈન સેન્ટર' નામના તાલીમ-કેન્દ્રમાં સેવા આપી રહ્યા છે.

આ મિતભાષી કાષ્ઠશિલ્પી આત્મપ્રસિદ્ધિથી દૂર રહે છે. તો પણ એમની કલાશક્તિ છૂપી ન રહે એટલી ઉત્કૃષ્ટ છે. એમના એક 'કાષ્ઠઝુમ્મર'ને ઇ. ૧૯૭૨માં નેશનલ ક્રાફ્ટસમૅન'નો ઍવોર્ડ મળ્યો હતો. બીજે વર્ષે પણ ફરી રાષ્ટ્રીય પુરસ્કારથી એમની કલાની કદર થઇ અને 'ધર્મરથ' નામની એમની એક કૃતિને વડા પ્રધાનના હસ્તે તામ્રપત્ર તથા ૨૫૦૦ રૂપિયાનું પારિતોષિક મળ્યું. ઈ. સ. ૧૯૭૮માં મોસ્કો ખાતે યોજાએલા ટ્રેડફેરમાં 'ઑલ ઈંડિયા હૅન્ડિક્રાફ્ટ બોર્ડ' તરફથી મોકલાએલા પ્રતિનિધિ-મંડળમાં એમનો પણ સમાવેશ કરાયો હતો. ત્યાંના બે માસના રોકાણ દરમિયાન પોતાના કૌશલનું સક્રિય પ્રદર્શન કરાવવા ઉપરાંત તેઓ ત્યાંના કલાકારોના સહવાસમાં પણ રહ્યા હતા. ત્યાંના રોકાણ દરમિયાન એમણે બનાવેલું એક સુંદર કાષ્ઠશિલ્પ તેમણે ભારત-રૂસ મૈત્રીના પ્રતીક રૂપે સોવિયેત વડા પ્રધાન કોસિજિનને ભેટ આપેલું જેનું કૌશલ જોઇ કોસિજિન પણ ખૂબ પ્રભાવિત થએલા.

પોતાના વતન બારેજડીમાં પણ ત્રિકમલાલનું પોતાનું એક વર્કશોપ છે, જ્યાં અનેકવિધ સુંદર કાષ્ઠસર્જન કરીને તેઓ ગુજરાતની આ પરંપરિત કલાની જાળવણી તથા પ્રસાર માટે અભિનંદનીય કાર્ય કરી રહ્યા છે.

–જગદીશ ભા. પટેલ

સાહિત્યસંપર્ક

ઉભયાન્વયી સફળ પ્રયાસ

ધીરુ પરીખ

નર્મદે વર્ષો પૂર્વે એકરાર કર્યો હતો: 'નિબંધ લખવા, જેવીતેવી વાત નથી.' આજે લખાતા અનેક પ્રકારના નિબંધો જોઇએ છીએ ત્યારે નર્મદની આ વાત સાચી લાગ્યા વગર રહેતી નથી. પાશ્ચાત્ય નિબંધસાહિત્યના બે આધારસ્તંભો છે: ૧. ફ્રેન્ચ લેખક મૉન્તેઈન, ૨. અંગ્રેજ લેખક બૅકન. આપણે ત્યાં પણ આ બન્ને લેખકોની નિબંધપદ્ધતિનો પ્રભાવ ઝિલાયો હોવા છતાં ય બૅકનનું સુશ્લિષ્ઠ વિચારપ્રધાન નિબંધ-માળખું વધુ પ્રચાર પામ્યું છે. મૉન્તેઈનની, લેખકના વ્યક્તિત્વનો મહિમા કરતી સ્વૈરવિહારી, નિબંધલેખનનીપદ્ધતિ આપણે ત્યાં ઓછી જોવા મળે છે. હમણાં પ્રસિદ્ધ થયેલા ભોળાભાઈ પટેલના 'વિદિશા' નામક પુસ્તકમાં સંગૃહીત નિબંધોમાં કંઈક અંશે મૉન્તેઈનનું સ્મરણ થાય તેવું છે.

પુસ્તકમાં કુલ અગિયાર કૃતિઓ છે: વિદિશા, ભુવનેશ્વર, માંડુ. ઇમ્ફાલ, જેસલમેર ચિલિકા, બ્રહ્મા, ખજુરાહો, કાશી, રામેશ્વરમ્ અને તેષાં દિક્ષુ. નિબંધોનાં આ શીર્ષકો સ્થળનામો સૂચવે છે, પણ આ કોઇ ઇતિહાસનું પુસ્તક નથી. અહીં જે સ્થળનામોનો નિર્દેશ છે તેના પ્રવાસની વાર્તા છે. એટલે આ ઇતિહાસ નહિ પણ પ્રવાસવર્ણનો–પ્રવાસ નિબંધો—છે. આ પ્રવાસનિબંધોમાં કેવળ તે તે સ્થળના પ્રવાસનું સ્થૂળ બયાન જ નથી, એ પ્રવાસ દરમિયાન લેખકના ચિત્તે જે સ્પંદનો અનુભવ્યાં છે તેને પણ અહીં આમેજ કરી દેવાયાં છે. આથી પ્રવાસના પરલક્ષી વર્ણનમાં લેખકના ચૈતસિક સંચલનોની અભિવ્યક્તિ દ્વારા આત્મલક્ષિતા ભળી છે. પેલા પરલક્ષી અભિગમે હકીકતોનો આશ્રય લઇ સ્થળના વ્યતીત અને વર્તમાન સમયનો ઇતિહાસ આલેખ્યો છે, તો લેખકના આત્મલક્ષી અભિગમે શુષ્ક ઇતિહાસમાં રસિકતા પૂરી છે. આમ, જડમાં જીવન પ્રકટ્યું છે, શુષ્કતામાં રસિકતા મ્હોરી છે. આથી જ આ નિબંધોમાં જે સ્થળનો પ્રવાસ છે તે સ્થળના સાંપ્રત અને અતીતમાં આપણે નિબંધકારની આંગળી ઝાલીને ઘૂમીએ છીએ. ક્યાંય એ આપણને પોતાનાથી છૂટા પડવા દેતા નથી. આખો નિબંધ પ્રવાસીના વ્યક્તિત્વથી સભર છે. આથી જ અહીં નિબંધના સુશ્લિષ્ટ

ઘાટમાં ઍકનનું સ્મરણ થાય છે તો અભિવ્યક્તિની સ્વૈરવિહારી છટાઓમાં મૉન્તેઈનનું સ્મરણ થાય છે. પરિણામ એ આવ્યું છે કે સર્જકનો અભિગમ પ્રશિષ્ટ રહ્યો હોવા છતાં ય અભિવ્યક્તિ રંગદર્શી બની છે.

'વિદિશા' છે પહેલો નિબંધ – ક્રમમાં અને કળામાં. આરંભ જ જીવનાનંદ દાસની પંક્તિથી. પછી સ્થૂળ નામના મહિમાનું ગાન: 'નામમાં ઘણું બધું હોય છે. ઉજ્જયિની કે શ્રાવસ્તી કરતાં વિદિશા નામ વધારે ગમે છે. અને ઇતિહાસ-ભૂગોળના સીમાડા ઓળંગી ઊડવા માંડે છે—' આ માત્ર 'વિદિશા' નિબંધનો પ્રારંભ જ નથી. ખરી રીતે તો આ પુસ્તકનું પ્રાક્કથન જ છે. પ્રાચીન સ્થળોનાં નામ સાંભળીને લેખકનું મન જ્યાં ચંચળ બની જતું હોય તે સ્વયં જ્યારે એ સ્થળે પહોંચે ત્યારે તો શું થાય? ત્યારે આ પ્રકારના નિબંધો બની આવે: ઇતિહાસ અને ભૂગોળના સીમાડા ઓળંગી ઊડાઊડ કરતા સર્જક-મનનો અહીં લીલાવિસ્તાર છે.

આ લીલાવિસ્તારમાં લેખકને સહાયભૂત થઈ છે બે બાબતો: ૧. બહુશ્રુતતા, ૨. ભાષાપ્રભુત્વ. બધા જ નિબંધોમાં લેખકની બહુશ્રુતતાનો સહજ પરિચય પામી શકાય છે. 'વિદિશા'માં જીવનાનંદદાસ અને કાલિદાસ યાદ આવે, તો 'ચિલિકા'માં ઉમાશંકર અને પ્રિયકાન્ત મણિયાર યાદ આવે. ઇતિહાસ–ભૂગોળના પણ અનેક સંદર્ભો ઠેરઠેર વેરાયેલા મળી આવે. પરન્તુ આ બધું યથોચિત રીતે. અનેક પ્રાચીન–અર્વાચીન કાવ્યોની પંક્તિઓ પણ ઠેરઠેર વેરાયેલી જોવા મળશે, પણ એ પ્રદર્શન માટે નહિ; અભિવ્યક્તિમાં સહજ વણાઈને આવી છે. 'ખજુરાહો'માં કમનીય શિલ્પોના સૌંદર્યની મીમાંસા સાથે 'કામસૂત્ર' પણ ખેંચાઈ આવે. કોઈકનું નાકનું ટોચકું ઊંચું પણ થઈ જાય (કોઈનું થયું ય હતું!) પણ લેખકને તો રસ છે સૌંદર્યદર્શનમાં—સ્થૂળ રતિક્રીડા પાછળ ધબકતો શુદ્ધ જીવનરસ પણ પરમ સૌંદર્યપ્રીતિનો જ આવિષ્કાર છે. કોઈ કોઈ નિબંધમાં કંઈક વધુ લંબાણ થઇ ગયું હોય તેમ પણ લાગે—પણ આ તો પ્રવાસ; ધૂનમાં ને ધૂનમાં ક્યારેક લક્ષ્યથી આગળ નીકળી પણ જવાય. અને છતાંય નીરસતા તો નહિ જ. આથી જ આવો આડમાર્ગી પ્રવાસ પણ થાક લગાડતો નથી. બીજી એ વાચકની—સહપ્રવાસીની—ગાંઠે બંધાવી દે છે એ કંઈ ઓછો લાભ છે!

લેખક પાસે વાસ્તવચિત્રો અને ભાવચિત્રોનાં સચોટ આલેખન માટે પૂરતી ભાષાસમૃદ્ધિ

(અનુસંધાન પૃ. ૧૦૮)

આવકાર

આર. આર. શેઠની કંપની
અમદાવાદ-૧, મુંબઈ-૨

શ્રી સ્વામિનારાયણ અને અદ્યતન હિંદુધર્મ પ્રવાહ: લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૨૩૮, કાચું પૂઠું, રૂ. ૧૬-૦૦.

ધીરા સો ગંભીર: લે. સારંગ બારોટ. પૃ. ૩૪૪, પાકું પૂઠું, રૂ. ૨૭-૫૦.

મારે પણ એક ઘર હોય (પુનર્મુદ્રણ): લે. વર્ષા અડાલજા. પૃ. ૧૭૬, પાકું, રૂ. ૧૪.

કાન્તનો પૂર્વાલાપ (પુનર્મુદ્રણ): સં. રા. વિ. પાઠક. પૃ. ૩૦૪, કાચું પૂઠું, રૂ. ૨૦.

લાક્ષાગૃહ (પુનર્મુદ્રણ): લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૩૯૦, પાકું પૂઠું, રૂ. ૩૧-૨૫.

લોકપ્રિય પ્રકાશન
મુંબઈ-૨

જોગિયાના સૂર: લે. પ્રીતમલાલ કવિ. પૃ. ૧૭૧, પાકું પૂઠું, રૂ. ૧૪.

મને પૂછશો નહિ: લે. દીલિપ રાણપુરા. પૃ. ૨૮૮, પાકું પૂઠું, રૂ. ૨૩.

નવભારત સાહિત્ય મંદિર
મુંબઈ-૨, અમદાવાદ-૧

નવા નગરના નરબંકા: લે. હરિલાલ ઉપાધ્યાય. પૃ. ૩૪૪, પાકું પૂઠું, રૂ. ૨૬.

પ્રેમચક્ર: લે. પ્રિયકાન્ત પરીખ. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૧૬.

છકોમકો ચતુર પુરુષ બન્યા (પુનર્મુદ્રણ): લે. જીવરામ જોષી. પૃ. ૧૧૧, કાચું પૂઠું, રૂ. ૭.

છેલભાઈ શૌર્યકથામાળા (ભા. ૧-૫) (પુનર્મુદ્રણ): લે. દોલત ભટ્ટ. કાચું પૂઠું, સેટના રૂ. ૨૦.

વતનનાં રતન: લે. ડૉ. ચન્દ્રકાન્ત એચ. મહેતા. પૃ. ૪૩, કાચું પૂઠું, રૂ. ૫.

પ્રકાશ સાહિત્ય ભંડાર
સૂર્યનગર, જવાહર ચોક પાસે, અમદાવાદ

માછલીઘરની આવજાત: લે. પ્રદ્યુમ્ન ક. દેસાઈ. પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૬.

જંગલની વાતો: લે. અશોક હર્ષ. પૃ. ૧૭૬, કાચું પૂઠું, રૂ. ૬.

અમૃતનાં ઝરણાં: લે. યશવન્ત મહેતા. પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૫-૨૫.

પરીદા-ઇ-બોસ્તાં: લે. પ્રદ્યુમ્ન ક. દેસાઈ. પૃ. ૬૩, કાચું પૂઠું, રૂ. ૨.

પરિચય ટ્રસ્ટ • મુંબઈ-૨

શિક્ષણ અને આર્થિક વિકાસ: (પ. પુ. ૫૨૧): લે. વી. વી. ભટ્ટ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ઝામર (પ. પુ. ૫૨૨): ડૉ. વીરેન્દ્ર ગાંધી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ઍગ્નીસ્ટ્રી ઇન્ટરનૅશનલ (પ. પુ. ૫૨૩): લે. એમ. એન. ગુર્જર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ભારતીય સંગીતનાં ઘરાણાં (પ. પુ. ૫૨૪): લે. બટુકદીવાનજી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

અન્ય પ્રકાશકોનાં

તમે ટહુકો અમે વાંસવન: લે. મહેશ સોલંકી 'બેનામ'. પ્રકાશક: જ્યોતિ એમ. સોલંકી. જ્યોતિ પ્રકાશન, જૂના વાસ, માધાપુર, ભૂજ (કચ્છ). પૃ. ૭૯, કાચું, રૂ. ૮.

ધબકે ધરાનાં ઉર: લે. કનુ આચાર્ય 'દીલ', પ્ર૦ પારુલકાન્તા પ્રકાશન, ન્યાયમંદિર પ્રકાશન, ડીસા. પૃ. ૧૧૧, કાચું, રૂ. ૫.

ફરી મળાય ન મળાય (પુનર્મુદ્રણ): લે. ચંદુલાલ સેલારકા. પ્ર૦ અશોક પ્રકાશન, મલાડ, મુંબઈ-૬૪. પૃ. ૧૧૬, કાચું, રૂ. ૮.

ખૂલ જા સમસમ (પુનર્મુદ્રણ): લે. રસિક મહેતા. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૩૬, પાકું પૂઠું, રૂ. ૧૭.

નવ સોહાગ નાનાલાલ: આયોજના: બાલચંદ્ર પરીખ. પ્ર૦ ઉન્મેષ સાહિત્ય વૃંદ, ૯૧, દરિયા મહાલ (૩) મુંબઈ-૯. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૨૫.

રસગન્ધા (નૂતન આવૃત્તિ): લે. પ્ર. ઉપર મુજબ, પૃ. ૪૯૨, પાકું પૂઠું, રૂ. ૪૫.

પ્રીતનો ગુલાબી રંગ: લે. નાથાલાલ દવે. પ્ર૦ અરવિંદ દવે, સાધનાપથ પ્રકાશન, ભાવનગર, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

રહસ્યવાદ: લે. રાજેન્દ્રસિંહ રાયજાદા. પ્ર૦ ગુલાબકુમારી રાયજાદા, સાંદરડા (વાયા કેશોદ). પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૧૨.

હિંદુધર્મની વિકાસયાત્રા: અનુ. મૃદુલા મહેતા. પ્ર૦ ભાષાન્તરનિધિ, બળવન્તભવન, કૃષ્ણનગર, ભાવનગર-૧. પૃ. ૩૮૦, કાચું પૂઠું, રૂ. ૨૦.

મહાભારત એક આધુનિક દૃષ્ટિકોણ: અનુ. અનિલા દલાલ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૧૪, પાકું પૂઠું, રૂ. ૨૦.

અનુસંધાન] **સહજાનંદ સ્વામી** [પૃષ્ઠ ૮૪થી

બન્યા એમાં પ્રેરક હતા સ્વામી રામાનંદ. જે કાળે ધર્મની ધુરા ગ્રહણ કરવાની આવશ્યકતા હતી તે કપરા કાળે હિન્દુ ધર્મના સિદ્ધાંતોને નૂતન સ્વરૂપે અભિવ્યક્ત કરનાર સ્વામી સહજાનંદનું ધર્મકાર્ય ખરે જ પ્રશંસનીય છે. એ દૃષ્ટિએ એમને ૧૯ સદીના પ્રખર સમાજસુધારક પણ કહી શકાય.

આ પરમ પુરુષ સહજાનંદનો જન્મ અયોધ્યાથી લગભગ સાતેક ગાઉ દૂર છપૈયા નામના ગામમાં એક બ્રાહ્મણ કુટુંબમાં વિ. સં. ૧૮૩૭ (તા. ૩-૪-૧૭૮૧)ના ચૈત્ર સુદિ ૯ની રાત્રિની દશ ઘડી વીતી ત્યારે થએલો. એમનું બાળપણનું નામ ઘનશ્યામ હતું. એમના પિતા દેવશર્મા કે 'ધર્મદેવ' તરીકે જાણીતા હતા, પણ એમનું મૂળ નામ હતું હરિપ્રસાદ પાંડે. માતા બાળાદેવી અથવા પ્રેમવતી 'ભક્તિમાતા' તરીકે ઓળખાતાં. પિતામહ કાન્હિરામ રાજા શ્રીનેત્રના દરબારમાં ખૂબ માનીતા હતા. રાજ્યસેવાના મૂલ્ય રૂપે પ્રજાએ એમને ઈતર નામનું ગામ ભેટ આપેલું. તેથી કુટુંબ ઈતરના પાંડે તરીકે યે જાણીતું હતું. બ્રાહ્મણ હોવા છતાં લડાઈના પરાક્રમે એમની પાસે ગોંડા જિલ્લામાં વિશાળ જમીન હતી. પતિ-પત્ની ઉભય કૃષ્ણનાં અનન્ય ભક્ત હતાં. કહે છે કે સ્વયં કૃષ્ણે એમના ઘેર અવતરવાનું વરદાન આપેલું. 'ભક્ત ચિંતામણિ'માં આ વિષે એક ચમત્કારિક કથા આપી છે: કૃષ્ણના વરદાનથી પ્રફુલ્લિત દંપતી તીર્થાટને નીકળ્યું. ત્યારે અરણ્યમાં ભૂલાં પડતાં દ્રોણપુત્ર અશ્વત્થામાનો ભેટો થયો. ભોળા ભાવે દંપતીએ અશ્વત્થામાને કૃષ્ણ-અવતરણની વાત કહી. આથી અશ્વત્થામાએ શાપ આપ્યો કે, 'તારો પુત્ર કદી શસ્ત્ર ધારણ નહિ કરે, અને એથી શત્રુઓનો વિનાશ નહિ કરી શકે. અને જો શસ્ત્ર લેશે તો પણ શત્રુઓને જીતી શકશે નહિ.' આ પ્રકારનો શાપ સાંભળીને ઉદાસીન થએલાં દંપતીએ હનુમાનની સ્તુતિ કરી જેથી પ્રકટ થઈ હનુમાને 'કૃષ્ણ બુદ્ધિમાન થશે ને બુદ્ધિએ દૈત્યનો અંત લાવશે. એને શસ્ત્રની જરૂર જ નહિ પડે' એવું આશ્વાસન આપ્યું. આ ચમત્કારિક કથા વિષે સદ્. કિશોરલાલ મશરૂવાલા નોંધે છે કે 'હથિયાર સંબંધી કાયદાથી આખા હિન્દુસ્થાન પર પાછળથી પડેલા શાપની આમાં કેવી વિસ્મયકારક આગાહી છે.'

ઘનશ્યામનાં ઉભય ચરણોમાં મહાભાગ્યની નિશાની રૂપ સળંગ ઊર્ધ્વરેખા હતી અને હસ્ત પદ્મઅંકિત હતા. વળી, આ સિવાય સામુદ્રિકશાસ્ત્રની દૃષ્ટિએ ઉત્તમ લેખાતાં અન્ય પંદર જેટલાં ચિહ્નો પણ હતાં.

પણ ઘનશ્યામનો બાલ્યકાળ નિર્વિઘ્ને પસાર થયો નહોતો. છપૈયા ગામની નજીકમાં રહેતા કાલિદત્ત નામના શક્તિ-ઉપાસકે શક્તિને ભોગ ધરવા માટે ઘનશ્યામનું ષષ્ઠીના દિવસે જ હરણ કરવાની યોજના ઘડેલી. પરંતુ તે સફળ થયા પૂર્વે જ એ પકડાઈ ગયો. પુનઃ અઢી વર્ષ બાદ ચૌલ સંસ્કારના દિવસે પણ એણે એવો જ પ્રયત્ન કરેલો, પરંતુ ઘનશ્યામ બચી ગયા અને કાલિદત્તનું મૃત્યુ નીપજ્યું.

ઘનશ્યામના જન્મની ખુશાલીમાં પિતાએ મીઠાઈ વહેંચેલી અને બ્રાહ્મણોને ગાયોનું દાન આપેલું. છપૈયા ગામના લોકો તેમ જ ગોંડા જિલ્લામાંનાં એમનાં સગાં-સંબંધીઓ નવજાત બાળક માટે આનંદના પ્રતીક રૂપ ભેટો લઈને આવેલાં. પરન્તુ થોડા સમય બાદ એ જ સંબંધીઓમાં ઈર્ષા ઉદ્ભવતાં ધર્મદેવને કનડગત થઈ અને તે અસહ્ય બનતાં તેઓ સકુટુંબ છપૈયા છોડીને અયોધ્યાના ભરહત્તપુર નામના પરામાં જઈ વસ્યા. ત્યાં વૈદિક સંસ્કારોથી પિતાએ આઠ વર્ષના ઘનશ્યામને યજ્ઞોપવીત આપી.

બાળપણથી ઘનશ્યામનું મન તપ પ્રતિ વળેલું. દરરોજ તે સરયૂ-સ્નાન કરવા જતા. શ્રદ્ધાપૂર્વક વ્રત-નિયમો આચરતા. દેવદર્શને જવું ને કથા સાંભળવી એ એમના સ્વભાવમાં હતું. વળી, અખાડામાં જઈ કસરત-કુસ્તી કરવામાં પણ એમને રુચિ હતી. યજ્ઞોપવીત પછી ઘનશ્યામે પિતા પાસે વેદો, દર્શનો, ઉપનિષદો, મહાભારત અને ભાગવતનું ઊંડું અધ્યયન કરીને ધર્મચિંતન કર્યું. આ ચિંતને એમનું માનસ પુરસ્કૃત થઈને ક્રમશઃ ધર્મનિષ્ઠ બનતું ગયું. પિતાની ઇચ્છા ઘનશ્યામને પંડિત બનાવવાની હતી. પરંતુ પુત્રનાં વાણીવર્તન તેમ જ તપવૈરાગ્ય પ્રતિના વિશેષ આકર્ષણની ઊંડી છાપ પિતા પર પડી.

એક વાર ચંદ્રગ્રહણની ઉજવણી નિમિત્તે ધર્મદેવને કાશીથી નિમંત્રણ આવ્યું. ભક્તિમાતા, ઘનશ્યામ અને સંબંધીઓ સાથે ધર્મદેવ કાશી ગયા. તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાના પારંગત તરીકે ધર્મદેવની ખ્યાતિ હતી. એથી ત્યાં યોજાએલી વિવિધ જ્ઞાનશાખાની ચર્ચામાં નિર્ણાયકની જવાબદારી તેમને સોંપાઈ. અયોધ્યાના રાજા પણ ત્યાં ઉપસ્થિત હતા. એ ચર્ચામાં ઘનશ્યામે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતને તાર્કિક શૈલીએ સમજાવ્યું. પિતા પુત્રની વિદ્વત્તાથી આનંદિત બન્યા.

ધર્મદેવે જ્યેષ્ઠપુત્ર રામપ્રતાપનાં લગ્ન કરી નાખેલાં, તેમ જ ઘનશ્યામથી નાના પુત્ર ઇચ્છારામનું વેવિશાળ પણ કરી નાખ્યું હતું, પરંતુ ઘનશ્યામને એની રુચિ અનુસાર સાંસારિક પ્રલોભનથી અલિપ્ત રાખેલા. પિતાએ જીવનના અંત સમયે ઘનશ્યામ વિષે બન્ને પુત્રોને ભલામણ કરેલી અને ઘનશ્યામને પણ કહેલું કે ઘર પ્રતિ ઉદાસીનતા ઉદ્ભવે તો રામાનંદ સ્વામીને શોધીને એમના સાન્નિધ્યમાં રહેજે.

કાશીથી ધર્મદેવ અયોધ્યા પાછા ફર્યા પછી ભક્તિમાતા માંદાં પડ્યાં ને પોતે બચી નહિ શકે તેવું અનુભવતાં ઘનશ્યામને ધાર્મિક વાચન કરવા કહ્યું. ઘનશ્યામે ભાગવત અને હરિગીતાનું જે સુંદર પઠન કર્યું એથી એ પઠન કરનાર સ્વયં હરિ જ છે એવી લાગણી થતાં ભક્તિમાતાએ એની સમક્ષ પ્રાર્થના કરીને દેહનો ત્યાગ કર્યો. નવ માસ પછી ધર્મદેવનો પણ સ્વર્ગવાસ થયો. ત્યારે ઘનશ્યામની વય અગિયાર વર્ષ અને છ માસની હતી. જ્યેષ્ઠબંધુ રામપ્રતાપ તથા તેમનાં પત્ની સુવાસિનીની છત્રછાયામાં તેઓ રહેવા લાગ્યા. સુવાસિનીને ઘનશ્યામ પ્રતિ અત્યંત પ્રેમ હતો. ઘનશ્યામે ભાભીના આ નિઃસ્વાર્થ પ્રેમનું સ્મરણ આજીવન રાખેલું. રામપ્રતાપનો સ્વભાવ તીખો અને કઠોર હતો. ધર્મદેવના અવસાન પછી લગભગ ત્રણેક મહિને કોઈ છોકરાની ફરિયાદના સંદર્ભે મોટા ભાઈએ ઘનશ્યામને ઠપકો આપ્યો ત્યારે તેના ઉત્તરમાં 'હવે મારા વિષે ફરિયાદ નહિ આવે' એવા સૂચક કથનની ખરી પ્રતીતિ તો રામપ્રતાપને બીજે દિવસે થઈ. ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો હતો. એ ગૃહત્યાગના દિવસ—સંવત ૧૮૪૯ની આષાઢ સુદિ દશમને સંપ્રદાયમાં 'નિષ્ક્રમણ દિન' કહે છે. એ પછી એમણે સાત વર્ષ સુધી પરિભ્રમણ કર્યું. હવે તેઓ 'નીલકંઠ' નામે ઓળખાતા હતા.

ગૃહત્યાગ સમયે ઘનશ્યામની તરુણાવસ્થા હતી. નીલકંઠ બનેલા એ ધાર્મિક ભાવુક તરુણનું અક્ષરચિત્ર આ પ્રમાણે આલેખાયું છે:

'મુંજની મેખલાને આધારે બહિર્વાસે સહિત કૌપિન પહેર્યું છે, શરીરે મૃગચર્મ ઓઢ્યું છે; એક હસ્તમાં પાલાશનો દંડ પકડ્યો છે; બીજા હાથમાં માળા, કમંડળ, ભિક્ષાપાત્ર ને જળગરણું એટલાં રાખ્યાં છે, ખભે યજ્ઞોપવીત શોભે છે, અને તે ઉપર નિત્યપાઠ કરવાનો ગુટકો કપડામાં બાંધી લટકાવ્યો છે; અને શાલિગ્રામ તથા બાળમુકુન્દનો બટવો બાંધ્યો છે; લલાટમાં ચાંદલા સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું છે; અને મસ્તક ઉપર જટા વધવા માંડી છે.'

જીવનમાં કશુંક મેળવવાની આકાંક્ષાએ તરુણ નીલકંઠ પરિભ્રમણાર્થે સરયૂ નદી પાર કરીને ઉત્તર દિશામાં આગળ વધી છેક હિમલય સુધી પહોંચ્યા. ત્યાં સૂર્યની સાકારી આરાધના કરી. પછી દક્ષિણ તરફ પ્રયાણ કરતાં વચ્ચે વનમાં એક વડ નીચે ગોપાળ નામના એક પરમ

યોગીને બેઠેલા જોયા. અષ્ટાંગ યોગ સિદ્ધક આ યોગી પાસે થોડો સમય રહીને નીલકંઠે યોગાભ્યાસ પણ કર્યો. યોગાનુયોગ પણ કેવો કે નીલકંઠનો એ અભ્યાસ પૂર્ણ થતાં જ એ ગોપાળ યોગી દેવલોક પામ્યા! જાણે કે નીલકંઠને યોગ શીખવવા જ એ જીવતા હતા! નીલકંઠે ગુરુની અંત્યેષ્ઠિ ક્રિયા કરીને પુનઃ ઉત્તરમાં આદિવરાહ તીર્થ પ્રતિ પ્રયાણ કર્યું. પછી બંગાળ તરફ જતાં વચ્ચે સંભવતઃ સીરપુર નામક ગામના અધિકારી સિદ્ધવલ્લભે નીલકંઠને ચાતુર્માસ ત્યાં નિવાસ કરાવીને યથાયોગ્ય સત્કાર કર્યો. બંગાળ તે કાળે મંત્રજંત્રની ચૂડમાં ફસાએલું હતું. આથી નીલકંઠને એમનો પ્રતિકાર કરવો પડ્યો. તેઓ પરાભવ પામ્યા. પરંતુ એવા ઢોંગીઓની ઈર્ષાના ભોગ નીલકંઠને બનવું પડ્યું. ધર્મપ્રચારકના નસીબે એ સ્વાભાવિક જ લેખાય! એવી મુસીબતો નીલકંઠે હસતા મોંએ સહી, અને પોતાની શુદ્ધ ધર્મનિષ્ઠાનો પરિચય કરાવ્યો. ચાતુર્માસ પૂર્ણ થતાં સીરપુરથી જગન્નાથપુરીનો માર્ગ લઇને અનેક તીર્થોનાં દર્શન કર્યાં. શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીનગર, સેતુબંધ રામેશ્વર ઈત્યાદિ સર્વ તીર્થો એ શ્રદ્ધાથી ફર્યા. રસ્તામાં સેવકરામ નામના એક કૃતઘ્નીનો કડવો અનુભવ પણ થએલો. રામેશ્વરથી પશ્ચિમ કિનારે ઉત્તર પ્રતિ ચાલતાં દક્ષિણનાં ક્ષેત્રોમાં ફરીને નીલકંઠ બે માસ પંઢરપુરમાં રહ્યા. પંઢરપુરથી નાસિક જઈ ગુજરાતના સૌરાષ્ટ્ર કિનારે પ્રવેશ કર્યો. લગભગ સાતેક વર્ષના પરિભ્રમણ બાદ સંવત ૧૮૫૬ના શ્રાવણવદિ ૬ને દિવસે નીલકંઠ માંગરોળ બંદરેથી બે-ત્રણ ગાઉ દૂર લોજ નામના ગામમાં આવી પહોંચ્યા. ત્યાં સ્નાનાદિ નિત્યક્રમ કરીને યુવાન નીલકંઠ વાવ પર પૂજા કરવા બેઠા. સંપ્રદાયના સત્સંગીઓ માટે આ તિથિ પણ મંગલ-દિવસ ગણાય છે, કેમકે આ તિથિથી પ્રારંભીને નીલકંઠે ત્રીસ વર્ષ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઉદ્ધવ સંપ્રદાયના પ્રચારાર્થે ગાળ્યાં હતાં.

એ કાળે લોજ ઉદ્ધવ સંપ્રદાયના પ્રખર સ્વામી રામાનંદનું મુખ્ય સ્થાન હતું. એ સંપ્રદાયના સ્વામી મુક્તાનંદ શિષ્યો સહિત અહીં રહેતા હતા. વાવ પર પૂજા કરી રહેલા તેજસ્વી યુવાન નીલકંઠને મુક્તાનંદના શિષ્ય સુખાનંદે જોયા. કોઈ અપૂર્વ લાગણીના બળે સુખાનંદે નીલકંઠને સાહજિક પૃચ્છા કરી. નીલકંઠના પ્રત્યુત્તરે આનંદિત બનેલા સુખાનંદે મોક્ષઇચ્છા હોય તો સ્વામી રામાનંદને ગુરુ બનાવવાની શીખ આપીને એમના શિષ્ય મુક્તાનંદ પાસે લઈ જઈને પરિચય કરાવ્યો. સાત વર્ષની તપશ્ચર્યા-તીર્થયાત્રામાં નીલકંઠનો દેહ સુકાઈ ગએલો. અનેક કડવા અનુભવોમાંથી એ પસાર થયા હતા. પરન્તુ સુખાનંદ જેવા પરમ વિનયી સંત તથા મુક્તાનંદ સમા તપસ્વી ધર્મપુરુષના સમાગમે નીલકંઠનું ચિત્ત પ્રસન્ન બની રહ્યું. પૂર્વનું કોઈ અપૂર્વ બંધન હોય તેમ નીલકંઠ અને મુક્તાનંદ વચ્ચે અલ્પકાળમાં જ સ્નેહ-સંબંધ બંધાયો ને હવે નીલકંઠ રામાનંદને મળવા અત્યાતુર બન્યા. મુક્તાનંદ અને નીલકંઠ બંનેએ સાથે મળી સંયુક્ત પત્ર લખ્યો જે મળતાં રામાનંદે અત્યંત આનંદ અનુભવ્યો. જે યુગપુરુષની તેઓ રાહ જોઈ રહ્યા હતા એ જાણે કે હવે આવી ગયા હતા. પત્રના પ્રત્યુત્તરમાં રામાનંદે નીલકંઠને લોજમાં રહીને હઠયોગ કરવા સૂચવ્યું. એથી મુક્તાનંદની આજ્ઞામાં રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. ગુરુઆજ્ઞાએ નીલકંઠે છાણ એકઠું કરવા જેવાં નાનાંનાનાં કાર્યો પણ હસતે મોંએ કરીને શિષ્યને છાજે તેવી વિનમ્રતાનો પરિચય મુક્તાનંદને કરાવ્યો, અને ધીરેધીરે તપ-વૈરાગ્યની નિષ્ઠાના બળે એમણે શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કર્યું. હવે તો તેઓ મુક્તાનંદના ઉપદેશાદિ કાર્યમાં પણ સહાયભૂત થયા. રામાનંદ સ્વામીની ધર્મોપદેશ-સભામાં સ્ત્રીપુરુષો ઉભય એક જ સ્થાને બેસી ઉપદેશ ગ્રહણ કરતાં. મુક્તાનંદ સ્વામીએ એ જ પ્રથા અપનાવેલી. પરંતુ નીલકંઠને આ પ્રથામાં કશુંક અજુગતું લાગતાં પરંપરિત પ્રથાને સ્થાને પુરુષો અને સ્ત્રીઓની અલગ સભાનું આયોજન કરીને પરિવર્તન આણ્યું. ત્યાગીઓએ અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવું જ જોઈએ એવી નીલકંઠની દૃઢ માન્યતા હતી. અષ્ટાંગ બ્રહ્મચર્ય અર્થાત્ સામાન્ય બ્રહ્મચર્ય ઉપરાંત, સ્ત્રીઓ સાથે વાત કરવી કે તેમને સંભળાવવાના ઉદ્દેશથી પણ કંઈ કહેવું, સંદેશો મોકલવો, અડકવું, દૃષ્ટિ કરવી, ચિત્ર જોવું, નાહવા-ધોવાના સ્થળે જવું (જુઓ: 'શિક્ષાપત્રી' ૧૭૬-૧૭૭) ઈત્યાદિ બાબતોને પણ નિષિદ્ધ ગણી. આમ, એમણે ત્યાગીનું જીવન અતિ કડક બનાવ્યું. એમના આ પરિવર્તનની ખૂબ ટીકા થએલી. સ્વયં મુક્તાનંદ સ્વામીએ પણ એ વિષે નારાજગી વ્યક્ત કરેલી. મુક્તાનંદ સ્વામીનું વક્તૃત્વ અતિ પ્રભાવશાળી હોઈ લોકો કથા સાંભળવા હોંશથી આવતા. પરન્તુ પ્રથા-ખંડનાર્થે પ્રયોગ રૂપે એક દિવસ નીલકંઠે સમાન્તર કથા યોજીને પુરુષોને અલગ નિમંત્ર્યા. મુક્તાનંદના શિષ્યો સહિત સહુ પુરુષો નીલકંઠની એ માત્ર પુરુષો માટેની અલગ સભામાં ગયા. મુક્તાનંદને નીલકંઠના પ્રભાવની પ્રતીતિ થઇ. એથી એમણે પોતાની કથા સંકેલી લીધી એટલું જ નહિ, સ્વયં નીલકંઠની સભામાં ઉપસ્થિત રહેવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યારથી સ્ત્રી-પુરુષની અલગ કથા અને પાછળથી અલગ મન્દિર-પ્રવેશનો રિવાજ પ્રચલિત બન્યો. આ રિવાજ હિન્દુધર્મના વિવિધ સંપ્રદાયોમાં માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ છે.

લોજમાં સ્વામી રામાનંદના ઉદ્ધવ સંપ્રદાયના સાધુઓ જ્યાં રહેતા ત્યાં મકાનની ભીંતમાં એક બાકોરું હતું. સાધુઓ અગ્નિ લેવાના નિમિત્તે બાજુના મકાનમાં રહેતી સ્ત્રીઓ સાથે ક્વચિત થોડી વાત કરી લેતા. નીલકંઠને આની જાણ થઈ. સાધુ માટે આ અનુચિત લેખી એમણે એ બાકોરું પુરાવી દીધું. એ પૂરેલું બાકોરું હજુ આજે પણ જોવા મળે છે. વસ્તુતઃ સૂક્ષ્મતાથી વિચારતાં આ તો સમાજનાં છિદ્રો પૂરવાનું એક શુભ કાર્ય હતું.

શિષ્યો પર ક્રમશઃ નીલકંઠની પ્રતિભાની છાપ રૂઢ બનતી જતી હતી. એ દરમિયાન ગિરનાર પાસેના પીપલાણા ગામે સ્વામી રામાનંદનું આગમન થયું. એમણે મુક્તાનંદ અને નીલકંઠને ત્યાં આમંત્ર્યા. વિ. સં. ૧૮૫૬ના જેઠ વદિ ૧૨ના દિવસે એ પીપલાણા ગામે નીલકંઠનું રામાનંદ સાથે પ્રથમ મિલન થયું. નીલકંઠની પ્રભાવક પ્રતિભાની અસર રામાનંદ પર પણ પડી. એમને પણ રામાનંદ સાથેનો સત્સંગ રુચ્યો. અને રામાનંદ સ્વામીએ સંવત ૧૮૫૭ની કાર્તિક સુદિ એકાદશીના દિવસે નીલકંઠને ભાગવતી દીક્ષા આપીને એમને સહજાનંદ એવું નામાભિધાન આપ્યું. પોતે વૃદ્ધ થયા હોઈ રામાનંદ સંપ્રદાયની જવાબદારી અન્યને આપવા ઇચ્છતા હતા. વયની દૃષ્ટિએ સહજાનંદ શિષ્યોમાં સહુથી નાના હતા, પરંતુ એમની વિદ્વત્તા અને પ્રતિભા સહુથી વિશેષ પ્રભાવક હતી તેથી ધર્મની ધુરાને વહન કરવાની શક્તિ પણ હતી જ. આથી રામાનંદે દીક્ષા આપ્યાથી બરાબર એક વર્ષે સહજાનંદને આચાર્યપદે નિયુક્ત કરીને એમને જેતપુરની ગાદીએ બેસાડ્યા. વિ. સં. ૧૮૫૮ માગશર સુદિ તેરસે રામાનંદે પોતાની જીવનલીલા સંકેલી લીધી. તે સમયે સહજાનંદે રામાનંદની ઇચ્છાથી જે બે વરદાનો માગ્યાં તે એમની ભક્ત પ્રત્યેની કરુણાનાં દ્યોતક હતાં. પ્રેમાનંદ સ્વામીએ એમને 'કરુણાલોચન' કહ્યા છે તે સર્વથા સાર્થક છે.

સહજાનંદને આચાર્યપદે નિયુક્ત કર્યા એ સ્વામી રામાનંદના કેટલાક શિષ્યોને રુચ્યું તો નહિ, પરંતુ સહજાનંદે પ્રેમથી એ સહુનાં હૃદય પણ જીતી લીધાં અને ધર્મપ્રચારનું કામ પ્રારંભ્યું. ધર્મપ્રચાર સાથે જે સમાધિ-પ્રકરણ ચાલ્યું તે સહજાનંદના ધર્મતેજનું દ્યોતક છે. સહજાનંદને પ્રથમ જ વાર જોનાર તુરત જ એમના આકર્ષણથી બેભાન થઇને પડી જતો અને સમાધિમાં પોતાના ઈષ્ટદેવનું દર્શન કરી જાગીને

જોએલી સઘળી વાત કહેતો. મુક્તાનંદે આ ચમત્કારિક વાત સાંભળી ત્યારે રામાનંદે યુવાન નીલકંઠને ધર્મની જવાબદારી સોંપવામાં કંઈક ઉતાવળ કરી એમ તેમને લાગ્યું અને તે અંગે ખેદ પણ થયો. પોતે પ્રત્યક્ષ અનુભવ્યું હોવા છતાં સહજાનંદ પાખંડી હોવાની એમને શંકા થતાં રામાનંદ સ્વામીની આરાધના કરીને પોતાની શંકાનું સમાધાન કર્યું.

સહજાનંદ સ્વામીએ હવે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઠેરઠેર ફરીને હિન્દુધર્મમાંની કાઠી, કણબી, કોળી, દરજી, સુથાર, કુંભાર, કડિયા ઈત્યાદિ નીચલી ગણાતી કોમમાં આચાર-વિચારથી નવું જ ચેતન આણ્યું. શુદ્ધાચારની પ્રતિષ્ઠાર્થે પંચ વર્તમાન પાળવાની આજ્ઞા કરી. અંધશ્રદ્ધા અને વહેમનું નિગરણ કરીને સમાજના ઉત્થાનનું અતિ કપરું કાર્ય કર્યું. ભુજના કારભારી જગજીવન મહેતાનો હિંસાયુક્ત યજ્ઞ* બંધ કરાવીને અહિંસામય યજ્ઞોનો પ્રારંભ કર્યો. વામમાર્ગીઓએ એનો વિરોધ પણ કરેલો. એમની પ્રતિભાથી નિષ્કુળાનંદ જેવા સંતોએ એમનું શિષ્યત્વ સ્વીકાર્યું. એક પારસી તથા કેટલાક ખોજા મુસલમાનોને પણ એમણે સંપ્રદાયમાં લીધા હતા. આજે પણ સૌરાષ્ટ્રમાં કેટલાક મુસલમાનો સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી છે. એમણે ૨૧ વર્ષની વયે પાંચસો સાધુઓને કાલવાણી મુકામે પરમહંસ દીક્ષા આપીને એમનું તપોમય જીવન સવિશેષ દૃઢ બનાવ્યું. શિષ્યો માટે જે કડક અને આકરા નિયમો રાખ્યા હતા તેવા જ નિયમોનું સ્વયં પાલન કરતા. સંપ્રદાયની વૃદ્ધિ માટે શાસ્ત્રનો અભ્યાસ કરવો જ જોઇએ એવી એમની દૃઢ માન્યતા અને આગ્રહ હતાં. એમના શિષ્યોમાંના ગોપાળાનંદ, નિત્યાનંદ, મુક્તાનંદ, શુકાનંદ ઈત્યાદિ સાધુઓ સંસ્કૃતના પ્રખર જ્ઞાતા હતા. ધર્મ અને સમાજમાં પડેલાં છિદ્રો સ્વામીજીએ પોતાના પ્રતિભાબળે પૂર્યાં. સમાજજીવનની ત્યારની તાસીર સમજીને સમાજોત્થાન માટે એમણે જે કાર્ય કર્યું તે એમને ઓગણીસમી સદીના એક મહાન હિન્દુ સમાજ સુધારકના ઉચ્ચાસન પર બેસાડે તેટલું મૂલ્યવાન છે. કાઠી-રાજપૂતોના સમાજમાં નવજાત બાળકીને દૂધપીતી કરવાનો પ્રચલિત ગોઝારો રિવાજ એમણે બંધ કરાવ્યો. લગ્ન સમયે ગવાતાં અશ્લીલ ફટાણાં બંધ કરાવ્યાં. અને મુક્તાનંદ સ્વામી તેમ જ પ્રેમાનંદ સ્વામી પાસે રાધાવિવાહ તથા રુક્મિણીવિવાહનાં ધોળ રચાવ્યાં. હોળીનો બીભત્સ પ્રકાર પણ સંપ્રદાયમાં નિષેધપાત્ર લેખ્યો. ('શિક્ષાપત્રી' ૧૭૨) વહેમોનું ખંડન કરી મંત્ર-તંત્રનો વિરોધ કર્યો. મલિન દેવ-દેવીઓની ભીતિ ન રાખવા વિષેનો એમનો પત્ર સંપ્રદાયના સત્સંગીઓમાં સુપ્રસિદ્ધ છે. સતી થવાનો રિવાજ નિર્મૂળ કર્યો તથા વર્ણાશ્રમધર્મના પાલનનો આગ્રહ રાખ્યો.

આચાર્યપદે નિયુક્ત થયા પછી અઢાર વર્ષે પરિપક્વ પરમજ્ઞાની ધર્મપુરુષ બનેલા સહજાનંદ સ્વામી કેવા હશે તેનું દર્શન ૧૪મા વચનામૃતના પ્રાસ્તાવિક વર્ણન દ્વારા કરીએ. જુઓ —

'સંવત ૧૮૭૬ના માગશર વદિ ૨ને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને પીળા પુષ્પના તોરા પાઘમાં વિરાજમાન હતા, અને બે કાન ઉપર પીળા પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને તે ગુચ્છની ઉપર ગુલાબનાં પુષ્પ વિરાજમાન હતાં અને કંઠને વિષે પીળા પુષ્પના હાર વિરાજમાન હતા અને જમણા હાથમાં ધોળું જે સેવતીનું પુષ્પ તેને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.'

ઠેરઠેર પ્રવચનો કરીને સંપ્રદાયના ફેલાવા સાથે તેઓ શિષ્યો જોડે અનુબંધ રાખવા ધર્મપરિષદ યોજતા. જેને સંપ્રદાયમાં 'સમૈયો' કહે છે. આ પ્રથા આજે પણ વિદ્યમાન છે. સહજાનંદ સ્વામી લલિત કળાના રસિયા હોઈ સમૈયાઓમાં શિષ્યો તેમ જ સત્સંગીઓ એમને કલાત્મક ભેટો આપતા. વડતાલના અક્ષરભુવનમાં એ સઘળું સંગૃહીત થએલું છે, જે તે કાળની કળાનું સુન્દર નિદર્શન પૂરું પાડે છે. એ ઉપરાંત સહજાનંદ સ્વામીનાં વસ્ત્રો, ઘરેણાં, ચાખડીઓ, માળાઓ, કેશ, નખ, દાંત, વાસણો, બાજઠો, આસનો, ખાટલાઓ, ગાદીઓ ઈત્યાદિ સઘળું આજ સુધી સુરક્ષિત રીતે સચવાયું છે.

ધર્મના સંગઠનાર્થે ગુજરાતમાં શિખરબંધ સ્થાપત્યસભર મંદિરો બંધાયાં છે. આજે પણ અમદાવાદ, ગઢડા, વડતાલ, ભુજ, જૂનાગઢ ઇત્યાદિ સ્થળોએ આ સંપ્રદાયનાં સુન્દર મંદિરો છે. જે ધાર્મિક તેમ જ સ્થાપત્યની દૃષ્ટિએ ગુજરાતનું ગૌરવ વધારે છે. એમાંનાં ઘણાંખરાં મંદિરોની યોજના બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી ને નિષ્કુળાનંદ સ્વામીને હાથે થઈ હતી. મંદિરોમાં ઓછામાં ઓછાં ત્રણ શિખરો રાખવાનો રિવાજ છે. જેની તળે મૂર્તિ હોય છે. કેટલીક જગ્યાએ બે શિખરો તળે મૂર્તિઓ ને ત્રીજા શિખર તળે અથવા બાજુની ભીંતમાં એક ઓરડો કાઢી તેમાં એક પલંગ, તે ઉપર સ્વામિનારાયણની ચિત્રપ્રતિમા, બની શકે તેમ હોય ત્યાં સ્વામિનારાયણની પ્રસાદીની એક પાઘ તથા બીજી પ્રસાદીની ચીજો ગોઠવવાનો રિવાજ છે. એ ઓરડાને 'સુખ-શય્યા' કહે છે. સહજાનંદ સ્વામી માત્ર મંદિરો બાંધીને જ ન રહ્યા. પરંતુ તેની વ્યવસ્થા ગૃહસ્થીઓને સોંપી અને આચાર્ય પરંપરાનો પ્રારંભ કર્યો. સહજાનંદ સ્વામીના રામપ્રતાપ અને ઇચ્છારામ નામના બે ભાઇઓનો ઉલ્લેખ આગળ કર્યો છે. એમને અયોધ્યાપ્રસાદ અને રઘુવીર નામના બે પુત્રો હતા. સહજાનંદ સ્વામીએ આ ભત્રીજાઓને વિ. સં. ૧૮૮૨ના કાર્તિક સુદિ ૧૧ના દિવસે અનુક્રમે અમદાવાદ અને વડતાલની ગાદી પર આચાર્ય તરીકે નિયુક્ત કરેલા. અને આજ સુધી એમના સીધા કે દત્તક લીધેલા વારસો ગાદી ઉપર આવે છે, જે આચાર્ય કહેવાય છે.


સહજાનંદ સ્વામી મોટા સંસ્થાપક અને યોજનાકુશળ વ્યવસ્થાપક હતા. આ દૃષ્ટિએ એમણે સંસ્કૃત તેમ જ ગુજરાતી ભાષામાં સંપ્રદાયના પ્રચારાર્થે બે ગ્રંથો રચ્યા : (૧) 'શિક્ષાપત્રી', જે આ સંપ્રદાયનું સાર્વજનિક ધર્મશાસ્ત્ર છે. એમાં અનુષ્ટુપ-ઉપજાતિ છંદ પ્રયોજાયો છે. ૩૧૨ શ્લોકોનો આ લઘુગ્રંથ સંવત ૧૮૮૨ના મહા સુદિ પાંચમે રચાયો હતો. (૨) 'વચનામૃત' : જેમાં સ્વામીજીએ ગઢડા, સારંગપુર, કરિયાણી, લોયા, વડતાલ અને અમદાવાદમાં આપેલાં અક્ષરશ: ૨૬૨ પ્રવચનો છે. આ પ્રવચનો મુક્તાનંદ, ગોપાળાનંદ, નિત્યાનંદ અને શુકાનંદ, એ ચાર શિષ્યોએ એકત્ર કરીને સ્વામીજી પાસે એની વાચના મંજૂર કરાવેલી છે. એથી આ શ્રદ્ધેય ગ્રંથ છે. ગુજરાતી ગદ્ય સંદર્ભે તે નોંધપાત્ર કૃતિ છે. શ્રી ભોગીલાલ સાંડેસરા 'વચનામૃત'ના ગદ્યને વાર્તાલાપ શૈલીનું પદ્ય કહે છે. ગુજરાતી ભાષાના ચેતનપૂર્ણ ગદ્યસાહિત્યમાં આધ્યાત્મિકનું લોકભોગ્ય નિરૂપણ કરતું 'વચનામૃત' અનન્ય પુસ્તક છે.

આમ, સહજાનંદ સ્વામીએ ગુજરાતની પ્રજાને ધર્મનું અત્યુત્તમ શિક્ષણ આપ્યું અને હિંદુ પ્રજામાં ભક્તિ દ્વારા નવચેતનાનો સંચાર કર્યો. ૨૮ વર્ષ ૫ માસ અને ૨૭ દિવસ સુધી ધર્મપ્રચારનું મૂલ્યવાન કાર્ય કરીને સહજાનંદ સ્વામીએ સં. ૧૮૮૬ના જેઠ સુદિ ૧૦ના દિવસે ૪૯ વર્ષની નાની વયે દેહનો સ્વૈચ્છિક ત્યાગ કર્યો. (અનુ. પૃ. ૧૦૬)

---

* શ્રી રામસિંહજી રાઠોડે એ સમયની કચ્છની રાજકીય તથા સામાજિક સ્થિતિ તથા સહજાનંદ સ્વામીના ત્યાંના ધર્મકાર્ય વિષે એક માહિતીપ્રદ લેખ મોકલ્યો છે, જે હવે પછી.

કૂર્માવતાર (દશાવતાર-૨)



દશાવતારમાં દ્વિતીય અવતાર છે કૂર્મનો. મૂળ જળમાં પ્રારંભાએલું જીવન જળ-સ્થળ બંને સાથે જોડાઇને પાંગર્યું એ વિભાવનાના સમર્થનાર્થે જળ-સ્થળ સાથે સુસંગત અને સૂચિત 'કચ્છ'(=કિનારો)પરથી વ્યુત્પન્ન સ્થળ પર અને પાણીમાંપણ રહીશકનાર કાચબાને પ્રતીકલેખી કૂર્માવતારની વિભાવના આકાર પામી હશે.

વિદ્યાધરી પાસેથી મેળવેલી માળા ઋષિ દુર્વાસાએ ઇન્દ્રને આપી. ઇન્દ્રે તે ઐરાવતના મસ્તકે મૂકી, જે તેણે સૂંઘીને ફેંકી દીધી. આથી ક્રોધિત દુર્વાસાએ ઇન્દ્રના વૈભવનાશનો શાપ આપ્યો. ઇન્દ્રનો વૈભવ ક્ષીણ થતાં દાનવોએ દેવો પર વિજય મેળવ્યો. પરાજિત દેવતાઓની સ્તુતિ સંદર્ભે વિષ્ણુએ સંધિ કરીને સમુદ્રમંથન કરવા સૂચવ્યું. મન્દરગિરિ પર્વતનો રવૈયો બનાવીને વાસુકિ નાગ વડે સમુદ્રમંથન કરતાં આધારહીન પર્વત સમુદ્રમાં ઊતરવા લાગતાં વિષ્ણુએ કૂર્મરૂપ લઇને એ પર્વતને પોતાની પીઠ પર ધારણ કર્યો.

વળી, કૂર્મ પીઠ સિવાયનાં અન્ય અંગો અંદરના ભાગમાં સંકોરી શકતો હોઈ તે ઇન્દ્રિયોને વિષયોમાંથી મનને ખેંચી લેતા યોગીના પ્રતીકસમ લેખાય. એ દૃષ્ટિએ કૂર્માવતાર દ્વારા પ્રતીકાત્મક રૂપે યોગેશ્વર વિષ્ણુએ સંભવત: સાત્ત્વિકવૃત્તિના નિદર્શનાર્થે તેમજ આધ્યાત્મિકતાના બોધ અર્થે આ અવતાર લીધો હોય!

કિરીટમુકુટયુક્ત અલંકારમંડિત ચતુર્ભુજ કૂર્માવતારની મૂર્તિ અર્ધમાનવ ને અર્ધકૂર્મ સ્વરૂપે કંડારાય છે. જેમાં ક્યાંક સામાન્ય કૂર્મ જેવી મૂર્તિ પણ કંડારાય છે. આહાડ (રાજસ્થાન)માં કચ્છપાવતાર વિષ્ણુની સ્વતંત્ર મૂર્તિ મળી છે અન્યથા માત્ર શોભનશિલ્પ રૂપે જ તે જોવા મળે છે. —પ્રફુલ્લ રાવળ



માધુકરી

હું તો ઇચ્છું એકલા નિત્ય મારે
નિર્મેલા જે ઘૂંટ તે પી જવાનું,
કોડે પાડી સર્વ એ શાંતિમોને
ઢાંકી હૈયું હસત વદને કૈંક જીવી જવાનું.
('વિશેષાંજલિ'માંથી) —સુંદરજી બેટાઈ

પ્રાચ્યવિદ્યા-મનીષી પ્રો. બેલ્વલકર

પૂણેના શ્રી ભાંડારકર પ્રાચ્યવિદ્યામંદિરની બરાબર સામે સડકપાર 'બિલ્વકુંજ' નામનો બેઠા ઘાટનો એક બંગલો છે. એક સમય એ બંગલો શોધકર્તાઓમાં 'સિંહની ગુફા' તરીકે વિખ્યાત હતો. મરાઠી જ્ઞાનકોશના પ્રણેતા ડૉક્ટર શ્રીધર વ્યંકટેશ કેતકર એક વાર ત્યાં પહોંચીને બોલ્યા—'ગુફામાં સિંહ હાજર છે કે?' ત્યારે બિલ્વકુંજના માલિક ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવલકરે જવાબ આપ્યો, 'આ સિંહની ગુફા નથી. આ તો એક પરિશ્રમી ઊધઈનું માટીનું ઘર છે.' આ વાક્યથી જ એ મહાપંડિત બેલવલકરની મોટાઈ પ્રકટ થાય છે.

ત્રિખંડપંડિત ડૉ. રામકૃષ્ણપંત ગોપાલ ભાંડારકરની જીવનસંધ્યા સમીપ આવવા લાગી ત્યારે પ્રો. બેલવલકરના નેતૃત્વ હેઠળ પૂણે અને મહારાષ્ટ્રના કેટલાક વિદ્યાપુરુષો અને શોધપ્રિય મનીષીઓએ પાશ્ચાત્ય અને ભારતીય પ્રાચ્ય-સંશોધનના સેતુ રૂપે એક સારી સંસ્કૃત કૉલેજ તથા એક ઉત્તમ શોધસંસ્થા સ્થાપવાની જે પ્રવૃત્તિ શરૂ કરી હતી, તે બંને કાર્યો થોડા સમયમાં સારી રીત નિષ્પન્ન થયાં તેનો યશ બેલવલકરને ઘટે છે.

ઈ. ૧૮૮૦ની ૧૦ ડિસેમ્બરના દિવસે કોલ્હાપુર જિલ્લાના એક ગામમાં શ્રી બેલવલકરનો જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં જ થયું. ભણવામાં એ હોશિયાર હતા એટલે શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ. બાલવિવાહનો તે જમાનો, એટલે સોળ વર્ષની વયે એમનાં લગ્ન નરહરરાવ સરદેસાઈની સાત વર્ષની વયનાં પુત્રી આનંદીબાઈ સાથે થયાં. પછી કોલ્હાપુરની રાજારામ કૉલેજની ઈન્ટર આર્ટ્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ૧૯૦૨માં સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યના વિષય સાથે પૂણેની ડેક્કન કૉલેજમાંથી બી.એ. થયા અને દક્ષિણા ફેલોશિપ પ્રાપ્ત કરી. તે પછી પ્રો. ફ્રેઝરના માર્ગદર્શન તળે એમણે આંગ્લ કવિ શૈલી અને વર્ડ્ઝવર્થની કૃતિઓનું તુલનાત્મક અધ્યયન કરીને મુંબઈ યુનિવર્સિટીનું હોમજી દાજી ઈનામ પ્રાપ્ત કર્યું. ફેલોશિપ વખતે જ પ્રો. સેલવી અને પ્રો. બેન મહાશય શ્રીપાદના વિદ્યાવિકાસ વિષે વિશેષ લક્ષ આપી રહ્યા હતા. તે સમયના નિયમ પ્રમાણે મુંબઈ વિશ્વવિદ્યાલયમાં એક જ વિષયમાં એમ.એ. થઈ શકાતું હતું. પરંતુ એમને માટે નિયમમાં પરિવર્તન કરાતાં બેલવલકરે ૧૯૦૪માં ઇતિહાસશાસ્ત્ર ને ૧૯૦૫માં રાજનીતિશાસ્ત્રમાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. ત્યાર બાદ ગ્રીક અને યુરોપીય તત્ત્વજ્ઞાનનો વિષય લઈ તે ૧૯૧૦માં વધુ એક વાર એમ.એ. થયા. અને મુંબઈમાં એલ્ફિન્સ્ટન સ્કૂલમાં અધ્યાપક નિમાયા.



દૈવયોગે એક વર્ષ બાદ પૂણેની ડેક્કન કૉલેજના હસ્તલિખિત ગ્રંથ વિભાગના અધ્યક્ષનીજરૂર પડતાં બેલવલકર પાછા પૂણે આવી ગયા. આ સમયમાં એમણે સંસ્કૃત વ્યાકરણ પદ્ધતિ (સિસ્ટમ ઑવ ગ્રામર) વિષે એક શોધપૂર્ણ ગ્રંથ લખ્યો. આ દરમિયાન અમેરિકાની હાર્વર્ડ યુનિવાસટીના પ્રો.

વુડ પાતંજલ યોગશાસ્ત્ર વિષે શોધકાર્ય કરી રહ્યા હતા. બેલવલકરે તેમાં એમને સારી સહાય કરી. તેથી પ્રસન્ન થઇને પ્રો. વુડે એમને અમેરિકા આવવાનું નિમંત્રણ આપ્યું. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હતી છતાં આનંદીબાઇએ પ્રસન્નતાપૂર્વક સહમતિ આપી અને ઈચલકરંજીના રાજા શ્રીમંત નારાયણરાવ ઘોરપડેની આર્થિક સહાયતાથી તેઓ ૧૯૧૨માં અમેરિકા ગયા. પ્રો. વુડના શોધકાર્યમાં એમણે ઠીક-ઠીક મદદ આપી. ત્યાર પછી પ્રો. સી. આર. લેનમાનના માર્ગદર્શન નીચે એમણે સંસ્કૃત મહાકવિ ભવભૂતિ વિષે પીએચ. ડી. પદ માટે આલોચનાત્મક સુંદર મહાનિબંધ લખ્યો. એ નિબંધ એવી ઉત્તમ કક્ષાનો હતો કે હાર્વર્ડ યુનિવર્સિટીએ પોતે એ છાપવા માટે લઈ લીધો. ૧૯૧૪માં બેલવલકર યુરોપને માર્ગે સ્વદેશ પાછા ફર્યા અને મહાકવિ ભવભૂતિના વિખ્યાત નાટક 'ઉત્તરરામચરિત'નું મરાઠીમાં ભાષાંતર કર્યું. ડૉ. ભાંડારકર, કોલ્હાપુરમાં એમના સંસ્કૃતના ગુરુજી પ્રો. વિષ્ણુ-ગોવિન્દ બીજાપુરકર તથા પ્રો. લેનમાનને તેઓ પોતાના ગુરુ માનતા.

લોકમાન્ય તિલક સાથે એમનો ઘનિષ્ઠ સંબંધ હતો. લોકમાન્ય-ની પ્રેરણાથી એમણે 'ગીતારહસ્ય' વિષે અતિવિસ્તૃત વિવેચન 'વિવિધ જ્ઞાનવિસ્તાર-પત્રિકા' (પૂણે)માં લખ્યું. બેલવલકરની વિનંતીથી જ તિલકે **શ્રી** ભાંડારકર પ્રાચ્ય વિદ્યામંદિરને રૂ. ૧૦૦૦નું દાન આપેલું.

અમેરિકાથી પાછા આવ્યા પછી બેલવલકરે અઢાર વર્ષ સુધી ડેક્કન કૉલેજમાં સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપકતરીકે કામ કર્યું. પોતાના અધ્યયન, અધ્યાપન અને સંશોધન કાર્ય માટે આ સમય એમને ખૂબ જ અનુકૂળ અને ઉપકારક નિવડ્યો.

પૂણેમાં પ્રાચ્ય વિદ્યા ને ભારતી વિદ્યાઓના અધ્યયન–અનુશીલન માટે એક સંસ્થા સ્થાપવાનાં ચક્રો ગતિમાન હતાં. આ દિશામાં બેલવલકર, પૂ. લિંગેશ મહાભાગ કુર્તકોટિ અને ડૉ. પી. ડી. ગુણે આદિ મનીષીઓના પ્રયત્નો વિશેષ પ્રશંસનીય હતા. આમ, ૧૯૧૮ની ૬ જુલાઇએ મહા પંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરના ગૌરવ માટે '**શ્રી** ભાંડારકર પ્રાચ્ય વિદ્યામંદિર'ની સ્થાપના થઈ. પ્રો. પી. ડી. ગુણે એના પ્રથમ કર્મસચિવ નિમાયા. મુંબઈ સરકાર પાસે સંચિત પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો કિંમતી સંગ્રહ આ સંસ્થાને સોંપવામાં આવ્યો આ દરમિયાન અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા-પરિષદની પણ સ્થાપના થઈ અને એનું પ્રથમ અધિવેશન પૂણેમાં સંપન્ન થયું.

ત્યાર પછી ડૉ. બેલવલકરે સંસ્કૃત મહાભારતની સમાલોચનાત્મક આવૃત્તિ તૈયાર કરવાની મોટી યોજના **શ્રી** ભાંડારકર પ્રાચ્ય વિદ્યા મંદિર આગળ રજૂ કરી. વિશ્વમાં પ્રાચ્ય સંશોધન કાર્યની આ એક મહાન યોજના પચાસ વર્ષે ૧૯૬૬માં સંપૂર્ણ થવા પામી. ભારત અને વિદેશના ઘણા પ્રાચ્ય વિદ્યા-વિશારદોએ એમાં પોતાની મૂલ્યવાન સહાય આપી હતી. એનો સમાપન સમારંભ મનીષપ્રવર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં ઉત્સાહભેર ઉજવાયો હતો.

ઈ. ૧૯૧૯માં બેલવલકરે **શ્રી** ભાંડારકર પ્રાચ્ય વિદ્યા મંદિર પાસે જ પોતાનું નિવાસગૃહ–બિલ્વકુંજ બનાવ્યું. તે વખતે ભાંડારકર સંસ્થા પાસે પોતાનું અતિથિગૃહ ન હતું. તેથી ત્યારે આ બિલ્વકુંજ જ શોધમનીષીઓના વસવાટથી ગુંજતું રહેતું હતું.

ગુરુવર્ય રામચંદ્ર દત્તાત્રેય રાનડેની સાથે મળીને બેલવલકરે અંગ્રેજી-માં 'ભારતીય તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' લખવાની એક બીજી મોટી યોજના બનાવી હતી. તેના ત્રણ ખંડો જ પ્રસિદ્ધ થઈ શકયા છે. સંસ્કૃત મહાભારતની આલોચનાત્મક આવૃત્તિના ભીષ્મપર્વ, શાંતિપર્વ, આશ્રમવાસિકપર્વ, મૌસમપર્વ, મહા પ્રસ્થાનિક પર્વ અને સ્વર્ગા-રોહણપર્વનું સંપાદન એમણે:જ કર્યું હતું. આ દરમિયાન પંડિત મદનમોહન માલવીયજીએ **શ્રી** કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં સંશો-ધન-કાર્ય શરૂ કરવા માટે બેલવલકરજીને નિમંત્રણ આપ્યું હતું, પરંતુ પૂણેમાં હાથમાં લીધેલી અનેક યોજનાઓને છોડીને કાશી જવાનું યોગ્ય ન લાગતાં માલવીયજી પાસે એમણે આદરપૂર્વક આ બાબત ક્ષમાયાચના કરી હતી.

ઈ. ૧૯૪૩માં મહાભારતના પ્રધાનસંપાદક ડૉ. સુકથનકરનું અચાનક અવસાન થતાં બેલવલકરને એ પદ સોંપાયું અને ૧૯૪૩થી ૧૯૬૧ સુધી આ કાર્ય એમણે ખૂબ ચોકસાઈ તથા દક્ષતાપૂર્વક સંપન્ન કર્યું અને પછી સંસ્થામાંથી નિવૃત્તિ લીધી. ૧૯૬૦માં ભારત સરકારે એમને 'રાષ્ટ્રીય સંસ્કૃત પ્રોફેસર'નું ગૌરવ આપ્યું. જાન્યુઆરી ૧૯૬૭ને દિવસે એક નાની બીમારીને લીધે બિલ્વકુંજમાં જ આ મહાન પ્રાચ્ય-વિદ્યાપંડિતનું દેહાવસાન થયું. તેઓ પોતાની પાછળ બે સુપુત્ર કૅપ્ટન પ્રભાકરરાવ અને કૅપ્ટન વાસુદેવરાવ (વિખ્યાત ઐતિહાસિક નવલકથાકાર) તથા ચાર વિવાહિત પુત્રીઓ મૂકતા ગયા હતા.

એક દૃષ્ટિએ જોતાં બેલવલકરનો જીવનકાળ મહારાષ્ટ્રના સાંસ્કૃતિક અને વિદ્યાકીય પ્રવૃત્તિનો મધ્યાહ્નકાળ હતો. એમની પ્રેરણા, કલ્પના અને પ્રયત્નોથી **શ્રી** ભાંડારકર પ્રાચ્ય વિદ્યામંદિર ડેક્કન કૉલેજ શોધ-સંસ્થા, સંસ્કૃત કૉલેજ, આનંદાશ્રમ વગેરે સંસ્થાઓ અસ્તિત્વમાં આવી અને પાંગરી. એમનો કિંમતી પત્ર-વ્યવહારનો સંગ્રહ **શ્રી** ભાંડાર-કર સંસ્થામાં વિદ્યમાન છે. બેલવલકરે પોતાનો મૂલ્યવાન ગ્રંથસંગ્રહ કોલ્હાપુર વિશ્વવિદ્યાલયને આપી ગયા છે. કોલ્હાપુર કૉલેજ એમની વિદ્યા-માતૃસંસ્થા હતી. એમની જન્મશતાબ્દીના આ વર્ષે એમની સ્મૃતિને સાદર વંદન હો.

— શંકરદેવ વિદ્યાલંકાર

અનુસંધાન] **સહજાનંદ સ્વામી** [પૃ. ૧૦૪થી

સ્વામિનારાયણ સંપ્રદાયે રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત મતને માન્ય ગણ્યો છે. એ જ એમના આદિ ગુરુ છે.

પરબ્રહ્મ પરમાત્મા એ ઇષ્ટદેવ છે. એ પરમાત્માનું નિવાસસ્થાન તે બ્રહ્મ. એને અક્ષરધામ, અમૃત, પરમપદ ને ચિદાકાશ પણ કહે છે. પરમાત્માનો સ્વામિનારાયણ રૂપે આ પૃથ્વી પર આવિર્ભાવ થયો છે. એ જ પ્રગટ પુરુષોત્તમ કહેવાય છે. આ સંપ્રદાયમાં નારાયણ(વિષ્ણુ)ની દ્વિભુજ મૂર્તિ પૂજાય છે. સહજાનંદ સ્વામી પોતે જ પૂર્ણ અને પ્રગટ પુરુષોત્તમ મનાય છે. સ્વામિનારાયણ મંદિરોમાં દેવમૂર્તિની બાજુમાં જ સ્વામિનારાયણની મૂર્તિ હોય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓના ત્રણ વર્ગો છે. બ્રહ્મ-ચારીઓ, સાધુઓ અને ગૃહસ્થો. બ્રાહ્મણો જ બ્રહ્મચારી થઈ શકે છે. સાધુઓ ગમે તે વર્ણના લોકો હોય છે. પણ તેમાં પરમહંસ અને પાળા કે પાર્ષદ એવા ભેદ છે. શુદ્રો પાર્ષદ જ થઈ શકે છે. ત્રીજા ગૃહસ્થો. ઉપરોકત આચાર્ય, બ્રહ્મચારીઓ, સાધુઓ અને ગૃહસ્થ અનુયાયી-ઓમાંના શ્રેષ્ઠ પુરુષો મળીને સ્વામિનારાયણ સંપ્રદાયની સર્વ વ્યવ-સ્થા વ્યાવહારિક નીતિને અનુસરીને કરેલી છે. □

રવીન્દ્રનાથનો સાહિત્ય-વારસો

તા. ૭મેએ—રવીન્દ્રનાથ ટાગોરની ૧૨૦મી જન્મ-જયંતી પ્રસંગે—લોકમિલાપ ટ્રસ્ટ તરફથી ટાગોરનાં ચૂંટેલાં કાવ્યો, નવલકથાઓ, ચરિત્રલેખો, નાટકો, નિબંધો તથા વાર્તાઓનાં છ પુસ્તકોનો એક સંપુટ પ્રગટ થશે. એક હજારથી વધુ પાનાંના આ સંપુટનું સંપાદન શ્રી નગીનદાસ પારેખે કર્યું છે. તેની કિંમત આજના બજારભાવે રૂ. ૭૫ થાય, છતાં સંપુટની છાપેલી કિંમત રૂ. ૬૦ રાખી છે. પરંતુ ચાર કે વધુ સંપુટની આગોતરી વરધી તા. ૩૦ એપ્રિલ સુધીમાં સેટ દીઠ ફક્ત રૂ. ૨૫ લેખે નોંધાશે અને ચારથી ઓછા સંપુટ દીઠ રૂ. ૩૦ લેખે નોંધાશે. (બન્ને કિંમતોમાં ટપાલ-ખરચ આવી જાય છે.) રકમ મોકલવાનું સરનામું : લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧.

પ્રીતિ કહે : ઘણું આપું છતાં પામું કશું ના હું.
કરુણા કહે : આપું હું માત્ર, નવ કશું ચાહું.

—રવીન્દ્રનાથ ઠાકુર—

ભૂદાન પદયાત્રા દરમિયાન કોઈની સાથેની ચર્ચામાં પૂ. રવિશંકર મહારાજે 'સેવા'ની વ્યાખ્યા આપતાં કહ્યું : 'સરકારી નોકરો એ પ્રજાના સેવકો છે. રાજ્ય ચલાવવા સરકારે કેટલાક કાયદા ઘડ્યા છે. એ કાયદાઓનો આશ્રય લેવાની જરૂર પડે તો ભલે લો, પણ એ ન ભૂલશો કે કાયદો જડ છે અને આપણે ચેતન છીએ... આ દેશની ભૂમિમાં તમે જન્મ્યા છો. એનું તમારા પર ઋણ છે એ ભૂલશો નહિ, એ ઋણ તમારે ચૂકવવાનું છે. તમે પ્રજાના સેવક થજો, અમલદાર નહિ. પ્રજા એના પગ પર ઊભી રહે એવું કરો ત્યારે સમજજો કે તમે સેવા કરી. સેવા ને નોકરીના અર્થ જુદાજુદા છે.'

કહેવતોના અર્થ : 'નવો નાણાવટી અને જૂનો ગાંધી'—સલામતીનો વ્યવહારબોધ કરતી આ કહેવતનો અર્થ એ છે કે નાણાવટીની જરૂર પડે તો નવો શોધવો, કેમ કે તેને શાખ જમાવવાની ચિંતા હોય અને નાણાંની છૂટ રાખે; અને ગાંધી જૂનો અનુભવી સારો કે જે ભળતું ઓસડ આપવાની ગફલત કદી ન કરે. એવી જ બીજી કહેવત : 'જોશી જુવાન ને વૈદ ઘરડો સારો.'

અનેકાર્થી શબ્દ : **જીવ**=શરીરનું ચેતન તત્ત્વ, પ્રાણ; કોઈ પણ પ્રાણી; મન, દિલ; પૂંજી, દોલત; દમ, સાર, કાંઈ રામ હોવા તે; કાળજી, લક્ષ ઉદા૦ 'ધંધામાં જીવ રાખવો'; હિંમત ઉદા૦ 'મારો જીવ ચાલતો નથી.'



કલાકણિકા : જયપુરમાં આંબેરના રાજઆવાસમાં દરવાજામાં કરેલા હાથીદાંતના જડતરવાળી એક તકતી. ફૂલપત્તીની ભાત અને ભૌમિતિક આકારોનું કૌશલભર્યું સંકલન.

वाङ्-माधुर्याद् याति लोके प्रियत्वम्
वाक्-पारुष्याद् याति लोकेऽप्रियत्वम्।
किं तद् द्रव्यं कोकिलेनोपनीतम्
को वा लोके गर्दभस्यापराधः ॥

વાણીની મીઠાશથી મનુષ્ય સંસારમાં પ્રિય બને છે અને કટુવચન બોલવાથી માણસ અપ્રિય બની જાય છે. કોયલે લોકોને કયો પદાર્થ આપ્યો છે અને ગધેડાએ કોઈનું શું બગાડ્યું છે?



ટિકિટકથા : પ્રથમ વિશ્વયુદ્ધમાં રશિયા પરાજિત થતાં, ઝારના સામ્રાજ્યના ભાગ રૂપ ઉત્તર યુરોપના જે કેટલાક દેશોને પોતાનું સ્વાતંત્ર્ય સ્થાપવાની તક મળી તેમાંનું એક યુક્રેઈન પણ હતું. ૧૯૧૮ની ૨૨ જાન્યુઆરીએ સ્વતંત્ર બન્યા પછી છ જ માસમાં તો તેણે પોતાની ટપાલ-ટિકિટો બહાર પાડવા માંડેલી. જો કે એનું એ સ્વાતંત્ર્ય લાંબું ટકી શક્યું નહિ. ૧૯૨૦માં રશિયા સાથે તેનું જોડાણ થયું અને ૧૯૨૩ના જુલાઈમાં એ સોવિયેત સંઘનું સભ્ય બન્યું. આ યુક્રેઈનની છેલ્લી ટિકિટોમાંની એક અહીં આપી છે, જે એનું સ્વાતંત્ર્ય પૂરું થયા અગાઉ એક માસ પહેલાં જ બહાર પડેલી. ટિકિટની કિંમત ઉપરાંત દુષ્કાળ-રાહત અર્થે એટલો જ વધારાનો ફાળો પણ તેની સાથે લેવાતો હતો. આ ટિકિટ ઉપર ૧૯મી સદીના યુક્રેઈનીઅન કવિ ટારા શેવચેન્કોની છબિ છે.

રાયણનો ઠળિયો ઘસીને વીંછીના ડંખ ઉપર ચોપડવાથી વીંછી ઊતરે છે.

જેને આપણે હંસના ખોટા નામે ઓળખીએ છીએ તે સ્વૉન પક્ષી પોતાની પાંખની એક જ ઝાપટ મારીને માણસનો હાથ ભાંગી નાખવા જેટલું તાકતવર છે.



પિતા : લો, બાબા માટે તમારે ત્યાંથી લીધેલાં મિકેનિકલ રમકડાં અને બાળક માટેના ફર્નિચરનો આ છેલ્લો હપ્તો.

વેપારી : જોયું ને સાહેબ. હપ્તેથી લેવામાં કેટલી નિરાંત રહે છે? બાબો તો મઝામાં છે ને ?

પિતા : અરે બહુ હોશિયાર થઈ ગયો છે. આ વર્ષે એસ. એસ. સી.ની પરીક્ષામાં શાળામાં પહેલે નંબરે પાસ થયો છે.

પોતાની કંપનીની ઇકૉનોમિક ટૂરના લાભ સમજાવતાં ટ્રાવેલ ઍજન્ટે ગ્રાહકને કહ્યું. 'અને સાહેબ, આ ટૂરમાં ત્રણ દેશોમાં આપને ઊતરવા મળશે અને બીજા છ દેશો પરથી આપ ઊડી શકશો.'

લેફ્ટેનન્ટ : કેમ તમે બધા આમ ઝાડ ઉપર ચઢીચઢીને અને આ ઝાડીઓમાં વાંકા વળીવળીને શું જુઓ છો?


એક સૈનિક : કશું નહિ સર. આપણે અહીં ખાવા બેઠા તે પહેલાં અમે ડાળપાંદડાંમાં આપણી તોપ સંતાડી હતી તે હવે જડતી નથી.

લાઈફગાર્ડ બનવા આવેલા ઉમેદવારને. 'તરતાંતરતાં કેટલું વજન ઊંચકી શકો ?'

'સો પાઉન્ડ ઊંચકીને આસાનીથી તરી શકું.'

'પણ ધારો કે બસો પાઉન્ડ વજનની કોઈ બાઈ ડૂબતી હોય તો શું કરો ?'

'એમાં શું સાહેબ! બે ફેરા ખાઈને યે એને બચાવી લઉ.'



('જનસત્તા'માં સ્વ. 'શિવ')

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૭૮થી અને અન્ય ગણમાનિત વ્યક્તિઓએ બેન્ટિકનો જાહેર આભાર માન્યો. પરંતુ રૂઢિચુસ્તોએ છેક ઈંગ્લૅન્ડમાં બ્રિટિશ સરકાર સમક્ષ સતી પ્રથાના સમર્થનમાં ધા નાખી. જુલાઈ, ૧૮૩૨માં પ્રિવીકાઉન્સિલ સમક્ષ તેની સુનાવણી થઈ અને રાજા રામમોહન રાયની હાજરીમાં પ્રિવીકાઉન્સિલે બેન્ટિકના રેગ્યુલેશનને બહાલ રાખીને રૂઢિચુસ્તોની અરજી નકારી કાઢી.

ઈ. ૧૮૫૭ના બળવા (કે સ્વાતંત્ર્ય સંગ્રામ)માં સતીપ્રથાની આ નાબૂદીએ પણ ચિનગારીનું કામ કર્યું હતું. બ્રિટિશ સરકાર આજે હિન્દુ ધર્મની આંતરિક બાબતમાં આમ દખલ કરે છે તેમ કાલે તમારા ધર્મમાં પણ કરશે એવું કહી મુસલમાનોને પણ ઉશ્કેરવામાં આવ્યા હતા. ('એઇટીન ફિફ્ટી સેવન'–લે. સુરેન્દ્રનાથ સેન, ભારત સરકાર પ્રકાશન–૧૯૫૭, પૃ. ૫.)

ઈ. ૧૮૬૦નો ઇન્ડિયન પીનલ કોડ ૧ જાન્યુઆરી ૧૮૬૨થી અમલમાં આવ્યો. પ્રસ્તુત ધારામાં સતી થવાને આત્મહત્યા ગણવામાં આવેલ છે. અલબત્ત, સ્ત્રી સતી થવામાં સફળ થાય તો કાયદાના લાંબા હાથ તેને પહોંચી શકે નહિ, પરંતુ આત્મહત્યાના પ્રયત્નનું કૃત્ય ૩૦૯મી કલમ હેઠળ ગુનો છે ને તે એક વર્ષ સુધીની કેદની સજાને પાત્ર છે. સ્ત્રી સતી થાય તો તે માટે તેને ઉશ્કેરનારાઓ કે તેમાં મદદ કરનારાઓ કલમ ૩૦૬ હેઠળ દસ વર્ષ સુધીની કેદની કડક સજાને પાત્ર છે અને ખૂનના આરોપસર પણ ગુનેગાર ઠરી શકે છે.

પરંતુ બેન્ટિકના ૧૮૨૯ના રેગ્યુલેશનથી માંડીને આજ સુધી ૧૫૧ વર્ષ દરમિયાન સતી થવાના કે બનાવવાના કિસ્સાઓ બનતા રહ્યા છે. આમ, સતીપ્રથાને સમૂળગી નાબૂદ કરવામાં કાયદો સર્વાંશે સફળ થયો નથી. જ્યાં સુધી સતી થવા પ્રત્યે આદર છે, હમદર્દી છે ત્યાં સુધી કાયદાના હાથ અમુક અંશે પાછા પડવાના જ. ઇતિહાસે સતીઓને બિરદાવી છે તેની છાપ લોકમાનસ પરથી હજી ભૂંસાઈ નથી. પરિણામે સતી-પ્રથા વિરુદ્ધ લોકમત સમુચિત રીતે કેળવાયો નથી કે જાગ્રત નથી.

ઈ. ૧૮૬૩ના ચુકાદામાં નોંધાએલા એક કિસ્સામાં સતી થવા ઇચ્છતી એક વિધવાએ ચિતા છોડી. આરોપીઓએ તેને ફરીથી સમજાવીને ચિતા પર ચડાવીને બાળી મૂકી. અદાલતે આરોપીઓને ગુનેગાર ઠરાવીને સજા ફટકારી. પણ કેટલાક બનાવોમાં પોતે સતીના શાપથી ભયભીત હતા કે સતીના સતીત્વથી ચિતા આપમેળે પ્રકટી હતી એવા એવા બચાવો આરોપીઓ કોર્ટમાં કરતા. પરંતુ તેવા બચાવને નકારીને વિધવાને સતી થવા પ્રેરનારાઓ, ઉશ્કેરનારાઓ, મદદ કરનારાઓને ગુનેગાર ઠરાવી તેમને અલાહાબાદ અને પટણાની હાઇકોર્ટે સજા કર્યાના કિસ્સાઓની અનેક નોંધો મળે છે.

ઑગસ્ટ ૧૬, ૧૯૫૫નો એક કિસ્સો: રાજસ્થાનમાં બાંમણિયા ગામમાં એક બ્રાહ્મણ મરવા પડેલો. તેની પત્ની સરસ્વતી તેની પાછળ સતી થવા ઇચ્છે છે તેવી પોલીસને ખબર પડતાં ત્યાં પહોંચી જઈ બાઈને સતી ન થવા માટે સમજાવી, પણ તે માની નહિ. બ્રાહ્મણ મૃત્યુ પામ્યો. તેની સાથે સતી થનાર સરસ્વતીને વળાવવા આસપાસનાં ગામડાંઓમાંથી યે લોકો આવ્યા ને દોઢ હજાર માણસો એકઠા થયા. નવાં વસ્ત્રો અને શણગાર સજીને સરસ્વતી સ્મશાનયાત્રાને મોખરે ચાલી. 'સતી માતાકી જય' પોકારતું ટોળું પણ પાછળ ઊપડ્યું. પોલીસે તેને રોક્યું ત્યારે દોઢસો જેટલા માણસોએ પોલીસોને ઘેરી લઈ તેમની ફરજ બજાવતાં અટકાવ્યા અને સરસ્વતી સતી થઈ. પોલીસે આમાં અગ્રેસર વ્યક્તિઓને પકડી કેસ કર્યો. સેશન્સ કોર્ટે તેમને ગુનેગાર ઠરાવી છ-છ માસની સખત કેદની સજા તો કરી પણ તેના ચુકાદામાં સતી પ્રત્યે હમદર્દી દેખાતી હતી. આ કેસ રાજસ્થાનની હાઇકોર્ટમાં ગયો ત્યારે સતીપ્રથાને જંગલી ઠરાવી સેશન્સ કોર્ટની સખત ઝાટકણી કાઢવા સાથે હાઇકોર્ટે બધા આરોપીઓની સજામાં વધારો કરીને તેમને પાંચપાંચ વર્ષની સખત કેદ ફરમાવી હતી. (AIR 1458, RAJ. 167.)

મુંબઈના દૈનિક 'પ્રવાસી'માં તા. ૫ સપ્ટેમ્બર, ૧૯૮૦નો અગ્રલેખ 'સમાજનો જંગલી અવશેષ' કહે છે, '...ત્રણ દિવસના અંતરમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં બે સ્ત્રીઓ સતી થઈ એ ઘટના હજી દેશના કેટલાક ભાગોમાં સતીપ્રથા નિર્મૂળ થઈ નથી, અને અજ્ઞાન અંધશ્રદ્ધા વગેરેને કારણે કાયદાને અતિક્રમીને પણ ચાલી રહી છે એ વાતની પ્રતીતિ કરાવે છે.'

આમ, દેશભરમાં દાયજાના ખપ્પરમાં કોડભરી સેંકડો કન્યાઓ હજી યે હોમાઈ રહી છે તેની સાથે અંધશ્રદ્ધાથી સ્ત્રીઓ આજે યે મૃત પતિ પાછળ ચિતાપ્રવેશ કરવા પ્રેરાય કે તેને એ માટે પ્રોત્સાહન અપાય છે તે, અને દિલ્હી જેવા પાટનગરમાં સતીનો જય પોકારતું સરઘસ ભારતને કયા માર્ગે દોરવા ધારતું હશે? (મુંબઇ) –લાજવંતીવી. અને વી.બી.ગણાત્રા

અનુસંધાન] **સાહિત્ય સંપર્ક** [પૃ. ૧૦૧થી છે અને એ ભાષાસમૃદ્ધિને કલાઘાટ આપવાનું શૈલીસામર્થ્ય છે. ટૂંકાંટૂંકાં વાક્યોથી પણ એમણે સંતર્પક પરિણામ તાક્યું છે. ભાષામાં જે મનોભાવ પ્રકટ થાય છે તે એમની ભાષાકીય શક્તિનો પુરાવો છે. દા. ત. 'વિદિશા'માં કહે છે: 'વેત્રવતીની ચંચલ લહરીઓમાંથી એક અંજલિ ભરી જળ હોઠે લઈ આવ્યો. લબ્ધમ્ ક્ષલમ્-શીતલ મધુર પાણી.' તૃષાની સંતૃપ્તિની કેવી પ્રશિષ્ટ અને રસિક અભિવ્યક્તિ! તો લેખકની મર્મશક્તિ પણ અવારનવાર ડોકાઈ ગયા વગર રહેતી નથી. 'વિદિશા' નિબંધમાંનું આ મર્મવાક્ય જુઓ: 'પણ ઘોડાગાડીઓ ને ઘોડાગાડીવાળા બધે સરખા. દેશની વિવિધતામાં એકતાનો અનુભવ કરાવે.' કે પછી 'જેસલમેર'માં ત્રિકુટાચલ પર ચડતાં ગઢની દીવાલ પર જે લખાણ છે તેને ગૂંથી લઇ લેખકે કરેલો આછો કટાક્ષ જુઓ: 'દીવાલ પર મોટા કાળા અક્ષરે લખાણ જોવા મળે—'બુખાર કૈસા ભી હો મેલેરિયા હો સકતા હૈ. ખૂન કી જાંચ કરાકે કુનૈન કી ગોલિયાં મુફ્ત મેં લે.' જમાનેજમાને અહીં ઓછું 'ખૂન' રેડાયું હતું! અને નિબંધમાં આગળ વધતાં ઇતિહાસ આવે, ભૂગોળ આવે, સોરઠી દુહા આવે, જર્મન કવિ એરિખ ફ્રીડ અને આંગ્લ કવિ ટી. એસ એલિયટ પણ આવી જાય! અહીં કેટલું બધું ભર્યું છે! કોઇ એક ઐતિહાસિક સ્થળે ઊભા રહી ઊડાઊડ કરતા મનની આ નિબંધો નીજલીલા છે. પ્રવાસ નિબંધોને શુષ્કતામાંથી કેમ ઉગારી લેવાય તેનો આ લલિતકક્ષાએ પહોંચવા જતા નિબંધો આસ્વાદ્ય પુરાવો છે. અહીં પ્રવાસવર્ણન અને લલિત નિબંધલેખનનો ઉભયાન્વયી પ્રયાસ છે. (પ્રકાશક: આર. આર. શેઠની કંપની, ફુવારા પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧, પા. પૂ. પૃ. ૨૨૭, રૂ. ૧૮–૫૦.)

પ્રિયજન: પ્રણયના સનાતન વિષય પર મંડાયેલી વિનેશ અંતાણીની આ નવલકથા એની અભિવ્યક્તિમાં પ્રયોગલક્ષી નાવીન્ય ન હોવા છતાં ય સંતર્પક બની છે તેના સંયમી અને સુશ્લિષ્ટ આલેખનને કારણે. નિકેત અને ચારુ એ બે પ્રણયીઓનાં માનસ-સંચલનોને અત્યંત સંયમિત અને ગૌરવાંકિત રીતે આલેખવામાં આવ્યાં છે. પ્રેમનો વિષય અને નવલકથા જેવો સાહિત્યપ્રકાર હોવા છતાં ય પ્રેમનાં 'ટાયલાં'ની સર્વ શક્યતાઓને અતિક્રમી જઈ લેખકે પ્રણયની જે શુચિતા પ્રકટ કરી છે તે રમણીય છે. અત્યારે જ્યારે પ્રેમને નામે કામકથાઓ મળે છે ત્યારે આ કળામય પ્રેમકથા મળ્યાનો વાચકને જરૂર સંતોષ થશે. (લોકપ્રિય પ્રકાશન, પા. પૂઠું, પૃ. ૨૨૮, રૂ. ૧૭.૨૫)